KASHI-AYODHYA NI YATRA (Gujarati Edition)

Swami , Sachchidanand

VISIT...

LANZAROTE Caliente.com

કાશી-અયોધ્યાની



સ્વામી સ



kashi-ayodhya ni yatra
By Swami Sachchidanand



Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road, Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

अर्पण

जिन्हों ने केवल होबी के लिए
ढाबे की प्रवृत्ति शुरू कर के
अयोध्या के यात्रिकों को बहुत किफायती शुल्क से,
अत्यंत स्वादिष्ट और पर्याप्त भोजन देने की
गतिविधि की है एेसेश्री निरंजनसिंह 'सिंह ढाबा' वाले को
सस्नेह

– स्वामी सच्चिदानंद

ભૂમિકા

કેટલાક વિચારકોનું એવું માનવું છે કે વ્યક્તિએ માત્ર વર્તમાનમાં જ જીવવું જોઈએ. વર્તમાનનાં પ્રશ્નો અને પરિસ્થિતિને ઉકેલવા પ્રયત્ન કરવા જોઈએ. ભૂતકાળ અને ભવિષ્યકાળની માથાકૂટમાં પડવું ન જોઈએ. જે થવાનું હતું તે થઈ ગયું. હવે તેમાં કશો ફેરફાર થઈ શકે નહીં. અને જે થવાનું છે તેની ખબર નથી. એટલે માત્ર ને માત્ર વર્તમાનમાં જ જીવવું જોઈએ. આવો કેટલાક વિચારકો અને ઉપદેશકો લોકોને ઉપદેશ આપતા રહે છે. પણ આ વાત સાથે હું પૂરેપૂરો સંમત નથી. ભૂતકાળમાં જે કડવા અનુભવો થયા છે, તેને ભૂલી જવા જોઈએ એ વાત કદાચ બરાબર હોય પણ અનુભવોમાંથી સ્મૃતિ થતી હોય છે. વળી, મીઠા અનુભવો કરતાં કડવા, ખાટા, તીખા અનુભવોની સ્મૃતિ જલદીથી ભૂંસાતી નથી. જે નથી યાદ કરવાનું તે વારંવાર યાદ આવતું રહે છે. બીજું પ્રત્યેક વ્યક્તિએ ભૂતકાળમાંથી જ પ્રેરણા લઈને ભવિષ્યનું નિર્માણ કરવાનું હોય છે. એટલે ભૂતકાળમાં જે-જે પ્રેરણાદાયી અનુભવો થયા હોય તેને તો યાદ રાખવા જ જોઈએ. ખાસ કરીને જે ઉપકારકોના ઉપકારમાં પોતાના જીવનનો વિકાસ થયો હોય તેવા ઉપકારોને તો ભુલાય જ નહીં અને ભવિષ્યની ચિંતા ડાહ્યા માણસોએ કરવી જ જોઈએ. ભવિષ્યમાં જે થવાનું છે તે બધું નક્કી જ છે, એવી માન્યતા બરાબર નથી. તમે ધારો તો તેમાંની ઘણી બાબતોને બદલી પણ શકો છો. ખાસ કરીને રાષ્ટ્રના ભવિષ્યની તો ચિંતા કરવી જ જોઈએ. રાષ્ટ્ર, સમાજ અને પરિવારના ભવિષ્યની ચિંતા કરનારા ચિંતકો કંઈ ને કંઈ સારાં પરિણામ લાવતા હોય છે. માનો કે તમે તમારી પત્ની અને પરિવારની ચિંતા કરીને વીમો લીધો. તો આ વીમો તમારા પરિવારનો ઉદ્ધારક બની શકે છે. જે થવું હોય તે થાય એવું માનીને ના વીમો લીધો, ના બીજી કોઈ વ્યવસ્થા કરી આપી. આવી સ્થિતિમાં તમારી વૃદ્ધાવસ્થામાં અથવા મૃત્યુ પછી પરિવાર રખડતો-રઝળતો થઈ શકે છે. એટલે ભવિષ્યની સારી ચિંતા કરવી જરૂરી છે. હા, શેખચલ્લીના વિચારો ન કરવા જોઈએ. જે શક્ય જ ના હોય તેવા વિચારો કરવા તેને શેખચલ્લી કહેવાય. આવા વિચારોથી બને એટલું વ્યક્તિએ મુક્ત રહેવું જોઈએ. પણ રાષ્ટ્ર, સમાજ અને પરિવારના હિત માટે લાંબા ભવિષ્યની ચિંતા કરવી જ જોઈએ.

આટલી ભૂમિકા એટલા માટે લખી છે કે આપણા પૂર્વજોએ ધાર્મિક જીવનમાં તીર્થોને પણ સ્થાન આપ્યું છે. આ તીર્થો આખા ભારતભરમાં ફેલાયેલાં છે. તેના ઘણા પ્રકાર છે. પણ અત્યારે તેમાં પડવાનું નથી પણ તે બધામાંથી પ્રેરણા લેવાની છે; કારણ કે, આ બધાં તીર્થોમાં કાં તો કોઈ અવતારની પ્રેરણા છે અથવા કોઈ ઋષિમુનિ, સાધુસંત કે વીરપુરુષોની પ્રેરણા ધરબાયેલી હોય છે. એટલે આપણે તીર્થયાત્રા કરતા રહીએ છીએ. હમણાં-હમણાંથી તીર્થયાત્રા કરનારાઓનું પ્રમાણ ઘણું વધી ગયું છે. કોરોનાના કારણે બધા પોતપોતાનાં ઘરોમાં જકડાઈ ગયા હતા. અને જકડાઈ જવું કોઈને પણ ગમે નહીં. માણસને હરવું, ફરવું, વિચરવું ગમે છે. જે જકડાયેલું જીવન જીવે છે તે કાં તો કેદ ભોગવતા હોય છે અથવા કોઈ ગુફામાં સાધના કરતા હોય છે. કેદ સજા છે તો સાધના જીવન છે. પણ સાધના માટે ગુફામાં કે રૂમમાં પુરાઈ રહેનારાને પણ વહેલા-મોડા બહારની દુનિયામાં વિચરવાનું મન થતું હોય છે.

અમે બધા તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા. આમ તો ભારતનાં લગભગ બધાં તીર્થોની યાત્રા થઈ ચૂકી છે. તોપણ કાશી અને અયોધ્યાની યાત્રા કરવાનું વિશેષ મન થયું. તેનું કારણ હતું આ બન્નેનાં નવાં રૂપો. કાશીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એવો સુધારો અને વિકાસ કર્યો કે આખું કાશી જ બદલાઈ ગયું. કાશીમાં મારે લગભગ અગિયાર વર્ષ રહેવાનું થયું હતું. અહીંથી મેં ઘણું પ્રાપ્ત કર્યું હતું. એટલે કાશીની સાંકડી ગલીઓ, નાના રસ્તા અને ગંધાતી ગટરો મારા માટે નવાં ન હતાં. પણ સાંભળવા મળતું હતું કે શ્રી મોદીએ આ બધું સુધારીને કાશીને ભારતનું

જેરૂસલેમ બનાવવા માટે પહોળા વિશાળ રસ્તા, તંગ ગલીઓ દૂર કરીને ત્યાં પણ સારા મોટા રસ્તા બનાવ્યા છે. કાશીવિશ્વનાથ મંદિરને ચારેતરફથી અનેક મકાનો લઈને ખુલ્લું કરી દેવામાં આવ્યું છે. વળી ગંગાજીને પણ નિર્મળ બનાવવામાં આવ્યાં છે. આવું બધું સાંભળીને થયું કે ચાલો, શ્રી મોદીજીનું કાશી જોઈ આવીએ. આવી જ રીતે ભગવાન શ્રીરામચંદ્રની જન્મભૂમિ અયોધ્યાની પણ સંપૂર્ણ કાયાપલટ કરી દેવામાં આવી છે. રામજન્મભૂમિની પવિત્ર જગ્યાએ વિધર્મી આક્રાંતાઓએ મસ્જિદ બાંધી દીધી હતી, તે નામશેષ થઈ ગઈ છે. હવે ત્યાં તેનો નાનો ટુકડો પણ રહ્યો નથી. તે જ જગ્યાએ ભારતનું સૌથી ભવ્યમંદિર નિર્મિત થઈ રહ્યું છે. તેનું ઘણુંખરું કામ પૂરું થયું છે અને બાકીનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. એટલે આ શ્રી આદિત્યનાથ યોગીની અયોધ્યા કહેવાવા લાગી છે. આથી અયોધ્યા દર્શનયાત્રાનું પણ મન થયું અને અમે બધા ટ્રેન દ્વારા યાત્રાએ ઊપડી ગયા. જોતજોતામાં 46 યાત્રીઓનું રેલવેબુકિંગ તથા હોટલો વગેરેનું બુકિંગ કરાવી દીધું. અમારો કુલ સાત-આઠ દિવસનો પ્રવાસ રહ્યો. તેમાં બે દિવસ કાશી અને બે દિવસ અયોધ્યા તથા ત્રણ દિવસ આવતાં-જતાં ટ્રેનમાં વીત્યા. આ ટૂંકો પ્રવાસ બહુ જ આનંદદાયી અને પ્રેરણાદાયી રહ્યો. તેના અનુભવો અને નિરીક્ષણ પ્રસ્તુત પુસ્તકમાંથી જાણવા મળશે. આ પ્રવાસમાં અમારા યાત્રાળુઓએ બહુ સાથ આપ્યો. બધા દિવસોમાં એક પણ સમયે યાત્રાળુઓને પોતાના ખર્ચે ભોજન કરવું પડ્યું નહીં ,કારણ કે ભોજન કરાવનારાની પડાપડી થતી હતી.

સૌથી પહેલું ભોજન દાહોદમાં સુરેશભાઈ મદાન તરફથી રહ્યું. બીજું ભોજન શ્રી ઉમેશ બોસમિયા તથા લાલજીભાઈ તરફથી રહ્યું. ત્રીજું ભોજન જીતુભાઈ તિરુપતિ, ડી.ડી. રાજપૂત અને રમેશભાઈ તરફથી રહ્યું અને ચોથું ભોજન કલ્પેશભાઈ તરફથી રહ્યું. પાંચમું શામજીભાઈ ખૂંટ તરફથી ટ્રેનમાં રહ્યું. આ સિવાય માનબાઈના બાજરીના રોટલા અને સમર્પણાદેવીની ભાખરીઓ તથા પોપટલાલના મગદળ લાડુ અને ધનજીમહારાજના ગોળના લાડુ પણ લોકોને તૃપ્તિ આપતા રહ્યા. આ પ્રવાસમાં શ્રી રાજેન્દ્ર અરોરા, કલ્પેશ પટેલ, ભાવેશ પટેલ અને જિજ્ઞેશ પટેલ તરફથી ઓઢવાનો સરસ ધૂંસો બધાને આપવામાં આવ્યો અને ઉમેશ બોસમિયા તરફથી પાથરવાની ચાદર આપવામાં આવી. પોપટભાઈ પટેલ તરફથી બધાંને સુંદર સોનેરી બૉલપેન ભેટ આપવામાં આવી. શ્રી બિપિનચંદ્ર ત્રિવેદી તથા જગદીશ ત્રિવેદી તરફથી બધાંને રામાયણનો ગુટકો આપવામાં આવ્યો. તિરુપતિએ બધાંને માળા આપી. શ્રી લાભુભાઈ લાખાણી તરફથી મોહનથાળ અને શ્રી લાલજીભાઈ તરફથી વારંવાર સિંગચણા અને ચીકી વહેંચાતાં રહ્યાં. દંતાલી આશ્રમ તરફથી રસ્તામાં ખાવા-પીવામાં ઉપયોગી થાય એવો સ્ટીલનો મોટો કટોરો આપવામાં આવ્યો. આ સિવાય પણ ઘણા લોકોએ નાનીમોટી કેટલીયે વસ્તુઓ આપી હશે. અમારા બધા યાત્રાળુઓ ઉદાર છે. કોઈ લોભિયો કે કંજૂસ નથી તેથી યાત્રા કરવામાં વિશેષ આનંદ આવતો રહ્યો. અમે બધાંએ કોરોના વેક્સિનેશનનાં બધાં પ્રમાણપત્રો લીધાં હતાં. તેમ છતાં આખી યાત્રામાં ક્યાંય કોઈએ કશું પ્રમાણપત્ર માગ્યું નહીં અને સરળતાથી યાત્રા થતી રહી. આ યાત્રામાં અમને કોઈ વિઘ્ન કે વિક્ષેપ થયો નહીં તેથી પણ આનંદ રહ્યો. મારી 90 વર્ષની ઉંમર થઈ હોવાથી મને વ્હીલચેરમાં બધે ફેરવવામાં આવતો હતો. વ્હીલચેર ધકેલવા માટે બધા પડાપડી કરતા હતા. આ બધાંના સાથ-સહયોગ-સહકારથી જ હું યાત્રા કરી શક્યો અને બધાંએ મારી માન-મર્યાદા-શિસ્તનું પાલન કર્યું. તેથી બધા કાર્યક્રમો સમયસર ચાલતા રહ્યા એ માટે સૌનો આભાર માનું છું.

સારી રીતે આ આખી યાત્રાનું આયોજન અને સંચાલન શ્રી શક્તિ ટ્રાવેલ્સવાળા મહેશભાઈએ કર્યું હતું. મારા પ્રેમ ખાતર તે અમદાવાદથી વિમાન દ્વારા કાશી આવ્યા અને છેક સુધી સાથે રહીને યાત્રા કરાવી તે બદલ તેમનો પણ આભાર.

ગૂર્જર પ્રકાશનવાળા શ્રી મનુભાઈને પણ યાત્રામાં આવવું હતું પણ તે નિર્ણય કરવામાં મોડા પડ્યા અને રહી ગયા. હવે આ પુસ્તક વાંચીને તેમની થોડીઘણી યાત્રા તો જરૂર થઈ જશે. તેમણે તત્પરતાથી પુસ્તકને છાપવાનું કામ કર્યું તે બદલ તેમનો પણ આભાર. આદરણીય શ્રી આનંદસ્વામી અને હર્ષદરાય સુથારના પ્રયત્નોથી આની પાંડુલિપિ તૈયાર થઈ શકી તે બદલ તેમનો પણ આભાર.

અંતે તો પરમકૃપાળુ પરમેશ્વરનો જ ખરો આભાર માનવાનો રહ્યો કે તેણે બધું હેમખેમ પાર પાડ્યું. આ પુસ્તક વાંચીને કોઈને પણ કાશી-અયોધ્યા જવાની પ્રેરણા મળશે તો હું ધન્યધન્ય થઈ જઈશ.

તા. 11-10-2012 **સ્વામી સચ્ચિદાનંદ** શ્રી ભક્તિનિકેતન આશ્રમ
પેટલાદ (દંતાલી) ૩૮૮૪૫૦
જિ. આણંદ – ગુજરાત
www.swamisachchidanand.org

અનુક્રમ

કાશી સુધીની યાત્રા

સાબરકાંઠાના હિંમતનગર પાસે ડેરોલ ગામ નજીક સાબરમતી નદીના ત્રણસો વીઘા જમીનનાં કોતરોમાં શ્રી જિતેન્દ્ર પટેલ તિરુપતિએ ઋષિવન બનાવ્યું છે. આ જમીન ઉપર તેમણે એટલી બધી અદ્ભુત આઈટમો નિર્મિત કરી છે કે જોવામાં આખો દિવસ પણ ઓછો પડે! ખાસ કરીને સ્કૂલ-હાઈસ્કૂલનાં બાળકો માટે તો આ પિકનિકની સ્વર્ગ જેવી ભૂમિ બનાવી દીધી છે. વળી સાબરમતી નદી ઉપર મોટા-મોટા બે ડેમ બનાવીને પાણી રોક્યું છે. જેના કારણે આજુબાજુના કૂવાનાં તળ તો ઊંચાં આવ્યાં છે જ, સાથે-સાથે સિંચાઈ પણ થઈ શકે છે. આવા અદ્ભુત નિર્માણ પાછળ તિરુપતિ ફાઉન્ડેશને કરોડો રૂપિયા ખર્ચ્યા છે અને ગુજરાતભરનાં બાળકો તથા પ્રવાસીઓ આનંદ લઈ રહ્યાં છે.

જ્યારે તમે કોઈ અદ્ભુત વસ્તુનું નિર્માણ કરો છો ત્યારે તમારી ઇચ્છા તેને વધુમાં વધુ જોનારા મળે અને કદર કરનારા પણ મળે એવી રહેતી હોય છે. આ સ્વાભાવિક છે. કારણ કે બાહ્યનિર્માણ પ્રદર્શન માટે જ થતું હોય છે. એટલે ઘણા સમયથી તિરુપતિનો આગ્રહ હતો કે એક વાર તમે અમારું ઋષિવન જોવા પધારો. અને એનો યોગ પણ આવી ગયો. અમે થોડાક માણસો સાથે ઋષિવન ગયા અને આખો દિવસ રહ્યા. ફરીફરીને જોયું અને બહુ આનંદ આવ્યો. તિરુપતિની ખાસિયત એ રહી કે ઋષિવનની આજુબાજુનાં ગામોના દરબારો, ઠાકોરો વગેરે મોટા ભાગે દારૂડિયા હતા અને બીજા પણ કેટલાક અણગમતા ધંધા કરતા હતા. તે બધાને ઋષિવનમાં નોકરીએ લગાડી દીધા. એટલું જ નહીં, પણ ઉપદેશ આપી-આપીને બધાને વ્યસનમુક્ત કર્યા અને ખોટી કમાણીમાંથી પણ છોડાવ્યા. હવે બધા હકનો ધંધો કરીને સારી રીતે જીવન જીવી રહ્યા છે. જે કામ કોઈ સાધુસંત ન કરી શકે તે કામ તિરુપતિએ કરી બતાવ્યું! વાત આટલેથી જ અટકી નહીં, પણ તેમણે ગામેગામ ભજનમંડળીઓ બનાવી અને લોકોને જૂના રાગથી જૂનાં ભજનોની રમઝટ લગાવતા કરી દીધા. એટલું યાદ રહે કે વ્યસન વગેરેમાં બગડેલા માણસોને સુધારવા હોય તો તેમને સાથે-સાથે ભક્તિભાવનો રંગ પણ લગાડવો જોઈએ. ભક્તિભાવના રંગ વિના સુધારો લાંબો સમય ટકી શકે નહીં. તિરુપતિએ રાત્રે અમને સંભળાવવા માટે નજીકના ગામની ભજનમંડળી પણ બોલાવી અને ભજનમંડળીએ ૧૦:૦૦ વાગ્યા સુધી રમઝટ મચાવી. મારી પાસે નવાં શર્ટ હતાં. તે શર્ટ બધાંને વહેંચ્યાં અને પ્રસાદ પણ વહેંચ્યો. બધાં રાજી-રાજી થઈ ગયા. આ રીતે ઋષિવનમાં અમારો આખો દિવસ બહુ સારી રીતે સાત્ત્વિકતામાં વીત્યો. પણ તિરુપતિએ મને એક વાત કરી કે આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગરથી વારાણસી સુધીની સ્પેશ્યલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. એટલે આપણે એ ટ્રેનમાં મોદીનું નવું વારાણસી જોવા જરૂર જવું જોઈએ. વારાણસીમાં લગભગ ૧૧ વર્ષ રહીને હું સંસ્કૃતના બે શબ્દો ભણેલો તે મને યાદ આવ્યું. તે પછી વારાણસીનો ખાસ સંપર્ક રહ્યો નહીં એટલે મને પણ ઇચ્છા થઈ કે આ બદલાયેલું નવું વારાણસી જોવા જરૂર જવું જોઈએ.

ઋષિવનનો કાર્યક્રમ પતાવીને હું દંતાલી આવ્યો. જિજ્ઞેશ, કલ્પેશ વગેરેને વાત કરી કે આપણે નવું વારાણસી જોવા જવું છે. સાથે-સાથે નવું અયોધ્યા પણ જોતા આવીએ. એટલે માત્ર ને માત્ર વારાણસી અને અયોધ્યા બે તીર્થધામોનો જ કાર્યક્રમ કરીએ અને ટ્રેન દ્વારા જઈએ અને ટ્રેન દ્વારા જ પાછા આવીએ. આવો કાર્યક્રમ આપણે ગોઠવીએ. તરત જ દોઢ કલાકમાં ૪૬ માણસો તૈયાર થઈ ગયા અને હવે કોઈને પણ લેવા નહીં એવો નિર્ણય કર્યો. જોકે તે પછી ઘણા યાત્રિકો સાથે આવવાનો આગ્રહ-દુરાગ્રહ કરતા રહ્યા, પણ અમે મક્કમ રહ્યા કે હવે ટોળું વધારવું નથી. કેમ કે ટોળાની જવાબદારી લેવી બહુ અઘરું હોય છે. તરત જ શક્તિ

ટ્રાવેલ્સવાળા શ્રી મહેશભાઈને હોટેલો વગેરેનાં બુકિંગની જવાબદારી સોંપી. કોરોનાકાળથી નવરા બેઠેલા ટૂર્સ અને ટ્રાવેલ્સવાળાનો ધંધો હવે પુરબહારમાં ખીલી ઊઠ્યો હતો. ઘરમાં કેદ થયેલા મધ્યમવર્ગના માણસો કોઈ ને કોઈ નિમિત્ત બનાવીને નજીકના કે દૂરના પ્રવાસે નીકળી પડતા હતા. શ્રી મહેશભાઈએ તરત જ વ્યવસ્થા કરી જેના પરિણામે અમારા બધાંનું સૌથી પહેલાં બુકિંગ કરાવ્યું. બે કે ત્રણ મહિના પહેલાં જ બુકિંગ કરાવવું પડે એટલે જે તારીખ મળતી હતી તે તારીખોમાં સેકન્ડ એ.સી. અને થર્ડ એ.સી.માં બધાંનાં બુકિંગ કરાવી લીધાં. હવે પ્રશ્ન હતો કે જ્યાં જઈએ ત્યાં ૨૪ કલાક પહેલાંનું 'કોરોના નથી' એવું સર્ટિફિકેટ જોઈએ. તો જ તમને પ્રવેશ મળે. નહીં તો તમને ૧૫ દિવસના કોરન્ટાઇનમાં નાખી દે. આવા ભયના કારણે બધાંનું છેલ્લી ઘડીનું સર્ટિફિકેટ પણ લેવાઈ ગયુ.ં

બુકિંગ કરાવતી વખતે ખબર પડી કે વડનગર-વારાણસીની ટ્રેન હજી શરૂ થઈ નથી. માત્ર જાહેરાત જ થઈ છે. એટલે પછી અમદાવાદથી ગોરખપુર જતી સ્પેશ્યલ ટ્રેનમાં બધાંનું બુકિંગ કરાવવાનું નક્કી થયું. રાજકારણીઓ મોટા ભાગે જાહેરાતશૂરા હોય છે, પણ કરી બતાવવામાં શૂરા હોતા નથી. થયું તો થયું નહીં તો નાયે થાય. બીજી વારની ચૂંટણી આવે ત્યારે લોકો તેમના વચનને યાદ કરાવે ત્યારે યાદ કરે!

એવું નક્કી કર્યું કે એવા દિવસોમાં જવું કે જેથી વરસાદ રહી ગયો હોય અને લોકોની ભીડ ના હોય. બધાંને ભાદરવાનું શ્રાદ્ધપક્ષ ઠીક લાગ્યું. કારણ કે ભાદરવો બેસતાં-બેસતાં વરસાદ રહી જતો હોય છે અને શ્રાદ્ધપક્ષના કારણે યાત્રાળુઓની ભીડ પણ ઓછી થઈ જતી હોય છે. અમે વાર-તિથિ કે ચોઘડિયામાં માનતા નથી. અમને તો અત્યારસુધી સૌથી વધુ સારું ફળદાયી થયું હોય તો તે કાળચોઘડિયું જ થયું છે. એટલે અમે જ્યારે મોટું કે મહત્ત્વનું કાર્ય કરવાનું હોય તો આંખ મીંચીને કાળચોઘડિયામાં જ કરતા હોઈએ છીએ. ભગવાનની કૃપા કે અમારા માટે બધાં કાળચોઘડિયાં શુભ જ બન્યાં છે. બુકિંગ તો થઈ ગયું, હવે ૨-૩ મહિનાની લાંબી પ્રતીક્ષા કરવાની રહી. પ્રતીક્ષા બહુ ભારે પડી ગઈ. દિવસો વીતે જ નહીં. પણ એમ કરતાં-કરતાં અંતે નિર્ધારિત તારીખ એટલે કે ૨૧-૦૯-૨૦૨૧ અને ભાદ્ર વદ એકમની તિથિ આવી ગઈ. અમારાં અડધાં માણસો અમદાવાદ સ્ટેશનથી બેસવાનાં હતાં, કારણ કે, તે બધાં બનાસકાંઠા, સૌરાષ્ટ્ર તરફનાં હતાં અને ૧૨-૧૩ અમે આણંદથી બેસવાનાં હતાં, કારણ કે, આણંદથી બેસવાના હતા. અમારા બે-ત્રણ કલાક બચી જતા હતા. ઉપરથી અમદાવાદના ઓવરબ્રિજો ચઢવાના અટકી જતા હતા. તેથી બધાએ આણંદથી બેસવાનું નક્કી કર્યું. ૨૦મી તારીખે આશ્રમમાં દૂધપાક-પૂરીનું જમણ થયું અને બધા ખૂબ પ્રેમથી જમ્યા. ૨૧મીએ સવારે ૮:૦૦ વાગે રાજેન્દ્ર અરોરાનાં ધર્મપત્ની સાધનાબહેન અરોરા તરફથી દહીંવડાં બનાવીને સૌને નાસ્તો કરાવવાનો પ્રોગ્રામ હતો તે પણ પૂરો કર્યો. સાધનાની દહીંવડાંની માસ્ટરી કહેવાય છે. એટલે બધાંએ પેટ ભરીને દહીંવડાં ખાધાં અને જુદી-જુદી ત્રણ ગાડીઓ લઈ જવી તેના કરતાં એક જ મોટી વાનમાં બધાંએ સાથે જવું એવું નક્કી કરીને એક જ વાનમાં બધાં ઊપડ્યાં.

આણંદમાં અલારસાના શ્રી વિજય ઠાકર ટી.સી.ની નોકરી કરે છે. તેઓ આવી તક ઝડપી લેવા માટે હંમેશાં તત્પર હોય છે. તેમણે આણંદ રેલવે સ્ટેશને અમારી સૌની બધી વ્યવસ્થા ગોઠવી દીધી. કારણ કે આણંદમાં ઓવરબ્રિજ તોડી નાંખ્યો છે અને રેલવેનું બીજું પણ ઘણું સમારકામ ચાલી રહ્યું છે. એટલે મારા માટે પ્લૅટફૉર્મ નં. ૧થી ૩-૪ નંબર સુધી જવું બહુ મુશ્કેલ હતું. વિજયે સ્ટેશનના કુલીઓ દ્વારા મારી બધી વ્યવસ્થા કરાવી લીધી. અમે સમય કરતાં એક કલાક વહેલા પહોંચ્યા અને વિજયના આયોજન પ્રમાણે ચાર કુલીઓએ મને ખુરશીમાં બેસાડીને ખભા ઉપર ઉપાડીને રેલવેના પાટા પાર કરીને સામા પ્લૅટફૉર્મ ઉપર પહોંચાડી દીધો. હવે અમે ટ્રેનની રાહ જોઈને બેઠાં છીએ. અમદાવાદથી બરાબર સમયસર ટ્રેન

ઊપડી અને કોઈ જગ્યાએ રોકાયા વિના બરાબર સમયસર એટલે કે ૯ : ૫૫ વાગે આણંદ સ્ટેશને આવી ગઈ. અહીં માત્ર બે મિનિટનું જ સ્ટોપેજ હોવાથી બધાં ફટાફટ પોતપોતાના ટુ-ટાયર અને થ્રી-ટાયર ડબ્બામાં ચઢી ગયાં. અને ટ્રેન વિદાય થઈ. અમને લાવનારા મજૂરોને હું કંઈક મહેનતાણું આપવાનો હતો પણ વિજયે આપવા દીધું નહીં. તેમણે જ બધો વ્યવહાર કરી લીધો હતો. આ રીતે અમે આણંદથી વિદાય થયાં.

અમારા માટે સર્વોદય શીખંડના માલિક શ્રી પ્રશાંત પટેલે પચાસ ડબ્બીઓમાં બધાંના માટે શીખંડનું બૉક્સ આગ્રહ કરીને ભરીને મૂકી દીધું હતું. જે લોકો અમદાવાદથી બેઠાં હતાં તે બધાંને પણ સાધનાબહેનનાં દહીંવડાં પ્રેમથી જમાડ્યાં. આ ટ્રેન ડબલ એક્ષપ્રેસ છે. એટલે વારાણસી સુધી માત્ર ૧૭ જ સ્ટેશન કરે છે. બહુ ઝડપથી આગળ વધે છે. એટલે વડોદરાને બાજુમાં રાખીને ધસમસ-ધસમસ કરતી અમારી ટ્રેન ગોધરા પહોંચી. ગોધરા બદનામ શહેર છે. વર્ષોથી એની છાપ બહુ ખરાબ છે. અહીં બધાં માણસો તો ખરાબ નથી રહેતાં, ઘણાં સારાં માણસો પણ રહે છે, પણ કેટલાક કટ્ટરવાદી મજહબી લોકો જ્યારે-ત્યારે છમકલાં કરીને આ શહેરની છાપ બગાડી મૂકે છે. થોડાં વર્ષો પહેલાં અયોધ્યાથી કારસેવા કરીને આવેલા કારસેવકોના આખા ડબ્બાને સળગાવી મૂક્યો હતો. જેના કારણે એક સાથે ૫૯ કારસેવકો ભૂંજાઈને દેવ થઈ ગયા હતા. જેના રિએક્શનમાં આખું ગુજરાત ભડકે બળ્યું હતું. થોડા કટ્ટર નાદાન માણસો નિયંત્રણમાં ન હોય અને ધર્મગુરુઓનું ઉશ્કેરણીજનક પ્રોત્સાહન મળતું હોય તો તેઓ કેટલા અનર્થો કરી શકે છે તેનું જ્વલંત ઉદાહરણ ગોધરા કહી શકાય. એક વાત નક્કી સમજવી કે નુકસાન કરનારને સ્વયં નુકસાન ભોગવવું પડતું હોય છે. બાળનારને સ્વયં બળવું પડતું હોય છે. મારનારને મરવું પડતું હોય છે. આ રીતે અંતે તો લાંબા ગાળે કટ્ટરવાદીઓને જ ભારે સહન કરવાનું થતું હોય છે. જે લોકો હળીમળી-સંપીને રહેતા હોય છે અને નાનીમોટી ઘટનાઓને ગંભીરતાથી સહન કરી લેતા હોય છે તે જ સુખી થતા હોય છે. કારણ કે ઠારનાર પોતે ઠરતા હોય છે. ગોધરા સ્ટેશને બધા, યાત્રિકોએ ઘૃણા અને નિરાશાભરી નજર નાખીને આગળ પ્રસ્થાન કર્યું. અમારી ટ્રેન હવે છેક દાહોદ જઈને ઊભી રહી. ઘણાને ખબર નહીં હોય પણ દાહોદમાં બાદશાહ ઔરંગઝેબનો જન્મ થયો હતો. ભારતનો સૌથી વધુ કટ્ટર અને ઝનૂની બાદશાહ અહીં પેદા થયો હતો. અહીં અમારા માટે રાજેન્દ્ર અરોરાના સાઢુભાઈ શ્રી સુરેશભાઈ મદાન તથા કીર્તિબહેન મદાન તરફથી જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ભાઈને ઘણું સમજાવ્યા હતા કે અમારે જરૂર નથી તોપણ તેઓ માન્યા નહીં અને કહ્યું કે તમે ગમે તેમ કહો તોપણ મારે તો બધા યાત્રિકોને જમાડવા જ છે. જમવાનું કે ચા-પાણીનું આમંત્રણ આપનારા ત્રણ પ્રકારના હોય છે :

(૧) જ્યારે તમે વિદાય થઈને દરવાજે પહોંચો ત્યારે બોલે, અરે! તમે તો કંઈ ચાપાણી પણ ના કર્યાં? પ્રશ્ન એ છે કે તમે ચા-પાણીનું કહો કે આગ્રહ કરો તો ચા- પાણી કરીએ ને? હવે ઝાંપે પહોંચીને પાછા વળીને ચા-પાણી તો થાય નહીં. આવા લોકોની દાનત લુચ્ચાઈભરી મેલી હોય છે.

(૨) બીજા એવા લોકો હોય છે જે દબાતા અવાજે તમને કહે કે ચા-પાણી પીવો તો અમને આનંદ થશે. પણ આવા લોકોને ખાતરી હોય છે કે તમે ના જ કહેવાના છો. એવી ખાતરીની આશા અને અપેક્ષાએ તેઓ એકાદ વાર ઑફર કરતા હોય છે. જ્યારે તમે કહો કે, ના,ના હોં! અત્યારે અમારી ચા-પાણી કે જમવાની જરાય ઇચ્છા નથી. એટલે પેલાને શાંતિ થાય છે અને કહે છે કે, 'ભલે! ત્યારે તમારી મરજી' પણ આમાં બે અપવાદો છે. જો અતિથિ શિક્ષક હોય અને વળી પાછો ગાંધીવાદી હોય તો-તો પહેલી ઑફરે જ હા પાડી દે અને તરત જ સ્વાગત સ્વીકારવા તૈયાર થઈ જાય.

(૩) ત્રીજા પ્રકારના પણ એક આતિથેય હોય છે. તે હૃદયના ઉમળકાથી ઑફર કરતા હોય છે. તમે ગમે તેટલી ના કહો તોપણ પોતાના નિર્ણયમાં મક્કમ રહેતા હોય છે. આવા લોકોનો આદર-સત્કાર ઉમળકાભર્યો અને ધન્યતાભર્યો થઈ જતો હોય છે. શ્રી મદાનને અનેક રીતે સમજાવ્યા છતાં માન્યા નહીં. અને પોતાની વાત ઉપર મક્કમ રહ્યા. તેમણે કહ્યું કે તમે ગમે તે કહો પણ મારે તો યાત્રિકોને જમાડવા જ છે. આ પહેલાં પણ એક વાર આવી જ રીતે તેમણે અમને બધાંને ખૂબ ભાવપ્રેમથી જમાડેલાં. અમે જ્યારે દાહોદ પહોંચ્યા ત્યારે પચાસ ડિશોમાં ઉત્તમ પ્રકારનું ભોજન વ્યવસ્થિત રીતે ગોઠવેલું તૈયાર હતું. પતિ-પત્ની અને પૂરો પરિવાર હરખઘેલો થઈને સ્ટેશન ઉપર આવ્યો અને અમને બધાંને મળ્યો. અમે તેમને જલદીથી ઊતરી જવાનું કહ્યું, કારણ કે ટ્રેન માત્ર બે જ મિનિટ ઊભી રહેતી હતી. તેમના ગયા પછી અમે તેમની સ્વાદિષ્ટ રસોઈ ખૂબ પેટ ભરીને જમ્યાં. એટલું જ નહીં, બીજી ૫૦ ડિશો સાંજ માટે બનાવીને લાવેલા તે બૉક્સ એક તરફ મૂકી દીધું. આવા ઉદાર માણસો જીવનમાં જ્યારે-જ્યારે મળતા હોય છે ત્યારે પ્રસન્નતાનાં મોજાં ઊછળવા લાગતાં હોય છે.

અમે બધા આગળ વધવા માંડ્યા. થોડી જ વારમાં મધ્યપ્રદેશ શરૂ થઈ ગયો. ટ્રેનની મુસાફરીમાં બારીમાંથી બહારનાં દૃશ્યો દેખાય છે તે જોવાની પણ અનેરી મજા હોય છે. મધ્યપ્રદેશનો માળવા ભાગ ચાલી રહ્યો છે અને બન્ને તરફનાં ખેતરો છેલ્લા વરસાદના અભાવે સુકાઈ ગયેલાં દેખાય છે. ખેતરોમાં સોયાબીન વગેરે વાવેલું છે. જેની બરાબર ખબર પડતી નથી. વરસાદના અભાવે બધું ચીમળાઈને પીળું થઈ ગયું છે. તે જોઈને આઘાત લાગે છે. જો આપણા ઘરમાં એક ગ્લાસ દૂધ ઢોળાઈ જાય તોપણ આઘાત લાગે છે અને ઘરમાં કકળાટ થાય છે તો જે ખેડૂતની બાર મહિનાની કમાણી છેલ્લા વરસાદના અભાવે ધૂળધાણી થઈ હશે તેને કેટલો આઘાત લાગ્યો હશે? આવાં તો હજારો ખેડૂતોનાં હજારો ખેતરો ચીમળાયેલાં પડ્યાં છે. ખેડૂત જેટલા આઘાત સહન કરે તેટલા ઓછા કહેવાય. તેમાં કુદરતના આઘાતની સાથે ભેલાણના આઘાતો, ચોરીના આઘાતો અને બીજા બધા ઝઘડા-ઝંઝટના આઘાતો પણ આવી જાય. એ કરતાં-કરતાં છેવટે ઘરમાં જેટલું આવ્યું તેટલું ખરું. આ રીતે ખેતીનો ધંધો બહુ આઘાતજનક કહી શકાય. તેથી ખેડૂતો હવે ક્રમેક્રમે ખેતી છોડીને નોકરી-ધંધા કે વેપાર તરફ વળી રહ્યા છે. અરે! સો વીઘાંની ખેતી હોય તોપણ તેવા ખેડૂતપુત્રને કોઈ કન્યા આપવા તૈયાર થતું નથી. કન્યા પોતે જ ઇચ્છે છે કે મારે હવે ઢોરાંનું છાણવાસીદું અને ખેતરોમાં ભાત પહોંચાડવાનું કામ કરવું નથી. મને તો કોઈ નોકરિયાત મળે. ભલે ને પછી તે શિક્ષક કે પટાવાળો પણ કેમ ન હોય! મારે તો તેને જ વરવું છે. એક જમાનો હતો જ્યારે કહેવાતું કે, ‘ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી અને અધમ ભીખ’. પણ હવે બધું બદલાઈ ગયું છે. હવે ઉત્તમ નોકરી અને તે પણ સરકારની હોય તો લીલાલહેર કરો!

અમારી ટ્રેન આગળ વધતી-વધતી ઉજ્જૈન થઈને મધ્યપ્રદેશ પાર કરીને ઉત્તરપ્રદેશમાં પ્રવેશી ગઈ છે અને બીજા દિવસના બપોરના ૧:૦૦ વાગે સમયસર વારાણસી પહોંચી ગઈ છે. આ ટ્રેન બહુ સારી રહી પણ એ હંમેશાં બિફોર ટાઇમ ચાલતી રહી. એટલે લગભગ દરેક મોટા સ્ટેશને સ્ટોપેજ સમય કરતાં વધુ રોકાતી રહી. જો આ સમયનો સદુપયોગ કરવામાં આવે તો ટ્રેનના કુલ સમયમાં ૩થી ૪ કલાકનો બચાવ કરી શકાય અર્થાત ૩થી ૪ કલાક વહેલી પહોંચી શકે.

અમારી સાથે ઉમેશ બોસમિયા પણ છે અને તેની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત મનમુખીપણું અને ઉદારતા છે. હવે ટ્રેનમાં કોરોનાના કારણે ઓઢવા-પાથરવાનું અપાતું નથી એટલે ઉમેશ તરફથી બધા યાત્રિકોને પાથરવા માટે સરસ ચોરસો આપવામાં આવ્યો હતો. આવી જ રીતે ઓઢવા માટે શ્રી જિજ્ઞેશ, કલ્પેશ અને ભાવેશ તરફથી સારો કીમતી ચોરસો

બધાંને આપવામાં આવ્યો હતો. એ.સી.ના કારણે રાત્રે વાતાવરણ એટલું બધું ઠંડું થઈ ગયું કે એવું લાગવા લાગ્યું કે જો આ ચોરસા ના મળ્યા હોત તો ટ્રેનમાં થથરી જઈને યાત્રિકોની ભૂંડી દશા થવાની હતી. તમારી ઉદારતા લોકોની ઉપયોગિતામાં પરિણત થતી રહે તો ઉદારતા ધન્યધન્ય થઈ જાય.

અંતે અમે વારાણસી પહોંચી ગયા. અમને લેવા માટે શક્તિ ટ્રાવેલ્સના મહેશભાઈ સ્વયં આવ્યા હતા. તેઓ અમદાવાદથી વારાણસી વિમાનમાં આવીને બાકીની અમારી યાત્રામાં જોડાવાના છે. તેમણે તથા બીજા બધા ભાઈઓએ સ્ટેશન ઉપર ફૂલહારથી બધાનું સ્વાગત કર્યું તથા ૫૦ સીટવાળી બસમાં બધા યાત્રીઓને ગોઠવ્યા અને મારા માટે વિશેષ ઈનોવા કાર લાવ્યા હતા. તેમાં હું ગોઠવાયો અને બધાં સ્ટેશનેથી વિદાય થયાં. અમારાં બધાંનો ઉતારો વારાણસીની હોટલ ‘ધી ઇન્ડિયન વારાણસી’માં બુક કરાવેલો છે. બધાં પોતપોતાના રૂમમાં ગોઠવાઈ ગયાં, ન્હાયાંધોયાં અને હવે નૌકાવિહાર કરીને વારાણસીના ઘાટ જોવાનો કાર્યક્રમ કરવાનો છે.

અમારી સાથેના શ્રી ઉમેશ બોસમિયા ખૂબ એક્ટિવ માણસ છે. એક્ટિવ એટલે સખણો ના રહે તે. તે કંઈ ને કંઈ ખરું-ખોટું કર્યા જ કરે. કેટલીક વાર ખરું કરે તો કેટલીક વાર ખોટું પણ કરે. તે મથુરાથી બેઠેલા બે સંન્યાસી યુવાનોને મારી પાસે લઈ આવ્યો. બન્ને યુવાનો જોડકા ભાઈઓ હતા અને ૨૦-૨૫ વર્ષના બ્રહ્મતેજથી તેજસ્વી હતા. મારી પાસે આવીને બહુ નમ્રતા-વિનય-વિવેકપૂર્વક સામેની સીટ ઉપર બેઠા. વિનય-વિવેક વ્યક્તિના વ્યક્તિત્વને ઉજાગર કરે છે અને પ્રથમ પગથિયે જ વિજય મેળવી લે છે. હું તેમના વ્યક્તિત્વથી અને વિનય-વિવેકથી પ્રભાવિત થયો. સામાન્ય રીતે મોટા ભાગે યુવાન સાધુસંન્યાસીઓ અહંકારી હોય છે. અહંકાર હોય એટલે વિવેક-વિનય સાથે રહી શકે નહીં. પણ આ બન્ને ભરપૂર વિવેક-વિનયથી સંસ્કારિત હતા. પછી તો લગભગ દોઢેક કલાક સુધી અમારો શાસ્ત્રીય સત્સંગ ચાલતો રહ્યો. બધાંને સાંભળવાની ખૂબ મજા પડી. મને કોઈ પૂછે કે સંસારમાં સૌથી ઉત્તમ લાભ કયો? તો હું કહું કે કોહીનૂર કરતાં પણ સાચા સંતનો સત્સંગ મળે તો તે વધુ લાભદાયી નીવડે. હું તો એનો એ જ હતો અને સહયાત્રીઓ પણ એના એ જ હતા. પણ કોઈને જિજ્ઞાસા ન હતી, તેથી સત્સંગ પણ ન હતો.

જિજ્ઞાસા વિશાળ વાચન અને ચિંતનમાંથી પ્રગટતી હોય છે. જેનું વિશાળ વાચન નથી હોતું તેનું ચિંતન પણ નથી હોતું. આવા લોકોને કશી જિજ્ઞાસા પણ નથી હોતી. ખાવું-પીવું-રળવું-કમાવવું-ભોગો ભોગવવા અને ઊંઘી જવું એટલી પ્રવૃત્તિઓમાં જ તેમનું જીવન સીમિત રહી જતું હોય છે.

આવનારા બન્ને યુવાન સંન્યાસીઓ ખરેખર તો સંન્યાસી ન હતા. તેમણે દીક્ષા લીધી ન હતી, પણ સરસ મજાનાં ચમકદાર ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં. જે તેમના ગૌરવદન ઉપર સુશોભિત થઈ રહ્યાં હતાં. તે મથુરાના કથાકાર પંડિતના જોડકા પુત્રો હતા અને જુદી-જુદી જગ્યાએ ભાગવત સપ્તાહો કરીને ધર્મપ્રચાર કરતા હતા. અત્યારે તેઓ ગોરખપુર જઈ રહ્યા હતા, જ્યાં તેમની ભાગવત સપ્તાહનો કાર્યક્રમ હતો. ઉમેશના થ્રી-ટાયરમાં તેમની ટિકિટ હતી, તેથી ઉમેશે મારી સાથે તેમનો ભેટો કરાવી દીધો. અમે ધારાપ્રવાહ દોઢકલાક સુધી શાસ્ત્રીય સત્સંગ કર્યો. શાસ્ત્રીય એટલા માટે કે બન્ને યુવાનો શાસ્ત્રીયપંડિત હતા તેથી શાસ્ત્રીય જિજ્ઞાસા કરતા હતા. આ રીતે સત્સંગ કરતા કરતા અમે કાશી પહોંચી ગયા અને છૂટા પડતાં થોડું દુઃખ થયું કે આવા માણસો વધુ ને વધુ સમય સાથે રહે તો ઘણું સુખ થાય. કેટલાક માણસો એવા હોય કે તેમને છૂટા પાડવા માટે યુક્તિપ્રયુક્તિ કરવી પડે. અને જ્યારે છૂટા થાય ત્યારે હાશકારો થાય.

તા. ૩૦-૦૯-૨૦૨૧

*

સિત્તેર વર્ષ પહેલાંનું કાશી-સ્મરણ

વારાણસીના ઘાટોનું અવલોકન કરીએ તેના પહેલાં સ્વયં મારું ૭૦ વર્ષ પહેલાંનું થોડું અવલોકન કરી લેવું ઠીક રહેશે. આમ તો આ વાતો મેં અન્યત્ર પણ લખી છે, પરંતુ એનું પુનરાવર્તન કરવાનું મન રોકી શકતો નથી. લગભગ ૭૦ વર્ષ પહેલાં હું પહેલી વાર કાશી આવેલો. હવે આપણે વારાણસીને કાશી કહીશું. કારણ કે તે લોકજીભે ચઢેલો પ્રચલિત અને સરળ શબ્દ છે. ત્યારે હું ગુરુ અને મોક્ષની શોધમાં ભારત-ભ્રમણ કરવા લક્ષ્મીનો ત્યાગ કરીને ઉઘાડા પગે માત્ર બે-ત્રણ વસ્ત્રો લઈને નીકળી પડેલો. મારી ઉંમર ૨૧ વર્ષની હતી. મને યાદ છે ત્યાં સુધી લગભગ ૨૨મા દિવસે હું કાશીના રાજઘાટ સ્ટેશને રાત્રે ૧૨ વાગે ઊતરેલો ત્યારે કાશીનાં બે સ્ટેશનો હતાં. એક વારાણસી કેન્ટ અને બીજું રાજઘાટ. હું રાજઘાટ ઊતરી ગયો હતો. હવે રાત્રે ૧૨ વાગે ક્યાં જવું તેની વિમાસણ હતી, પણ ભારતમાં સૌથી મોટી ધર્મશાળા રેલવેસ્ટેશન અને બસસ્ટૅન્ડ થઈ ગયાં છે. અહીં બધાંને આશરો મળી રહેતો હોય છે. એટલે એક ખાલી બાંકડા ઉપર હું લાંબો થયો. આખા દિવસનો ભૂખ્યો હતો અને મારી પાસે પૈસો પણ ન હતો. કારણ કે પૈસાનો સ્પર્શ ન કરવો એવો નિયમ હતો એટલે લાંબા ગાળે ભૂખ્યા સૂઈ જવાની ટેવ પડી ગઈ હતી. આપણે માનીએ કે ના માનીએ પણ ભરપેટ ધરાયેલાં લોકો કરતાં ભૂખ્યાં લોકો વધારે સારી ઊંઘ લેતાં હોય છે. કારણ કે તેમનું પેટ ભલે ખાલી હોય પણ મસ્તિષ્ક ઉપર કોઈ ભાર નથી હોતો. મસ્તિષ્કનો ભાર ચિંતા, ભય વગેરેના કારણે થતો હોય છે. આવો ભાર પેલાં ભરપેટ ધરાયેલા લોકોને વધારે હોય છે. એટલે તેઓ ભરપૂર સગવડો વચ્ચે પણ આખી રાત પડખાં ફેરવતાં-ફેરવતાં અનિદ્રામાં રાત વિતાવતાં હોય છે. હું સવારે ઊઠ્યો અને કુલીઓને પૂછ્યું કે અહીં નજીકમાં મહાદેવ-મંદિર કે આશ્રમ છે? જો હોય તો મારે આશ્રય લેવો છે. મારી ભાષા ઉપરથી કુલીઓ સમજી ગયા કે હું ગુજરાતી છું. તેથી તેમણે કહ્યું કે શું તમે ગુજરાતી છો? મેં હા પાડી. એટલે એક જણાએ કહ્યું કે 'યહાં થોડે દૂર ગુજરાતીઓંકા મંદિર હૈ, વહાં ચલે જાઓ.' હું ન્હાયાધોયા વિનાનો પૂછતો-પૂછતો ગુજરાતીઓના મંદિરે પહોંચી ગયો. એ સ્વામીનારાયણ સંપ્રદાયનું મંદિર હતું, પણ લોકો તેને ગુજરાતીઓંકા મંદિર તરીકે ઓળખતા હતા. મંદિર ભવ્ય અને વિશાળ અને શિખરબંધ હતું. અંદર જઈને મારો થેલો એક ઓટલા ઉપર મૂકી દીધો. દર્શન કર્યાં, પ્રદક્ષિણા કરી અને આવીને ઓટલા ઉપર બેઠો. બેઠે બેઠે સવારના દશ વાગી ગયા. મારી આજુબાજુ ઘણા સાધુઓ ચાખડીઓ પહેરીને ટપ-ટપ... ટપ-ટપ અવરજવર કરે. હું તેમને જોઉં. હાથ જોડું. તે મને જુએ પણ કોઈએ મારા તરફ કશું ધ્યાન આપ્યું નહીં.

અમારે ત્યાં સાધુઓના ત્રણ પ્રકાર હોય છે : (૧) બાવા (૨) સાધુ અને (૩) સંત. જે ટોળાબંધ થઈને ફરતા રહે અને જોર-જબરજસ્તીથી લોકોની આગળ ઉઘરાણાં કરતા રહે, તેને બાવા કહી શકાય. જે લોકો પરિસ્થિતિવશ ત્યાગી થઈને સાધુ થયા હોય તે વસ્ત્રોથી તો સાધુ હોય પણ હંમેશાં વધુ ને વધુ સારી સગવડો મળે તેની શોધમાં રહેતા હોય છે. સારું જમવાનું, સારું રહેવાનું માનપાન વગેરે જ્યાં મળતું હોય ત્યાં દીક્ષિત થવું અને સગવડોનો ભરપૂર લાભ ઉઠાવવો. આવા લોકો જ્યારે મહંત થતા હોય છે ત્યારે ગાદીપતિ થઈને બહુ મોટા માણસ બની જતા હોય છે અને પોતાની મોટાઈ પ્રગટાવવા માટે શ્રી ૧૦૮, ૧૦૦૮, ૧૧૦૮ જેવી સ્વયં મેળવેલી ડિગ્રીઓ લગાવીને પોતાને વધુ ને વધુ પૂજ્ય બનાવતા હોય છે.

એક ત્રીજો પ્રકાર હોય છે જેને આપણે સંત કહી શકીએ. જે સાચા ત્યાગ-વૈરાગ્યથી ગૃહત્યાગ કરીને સંત થયા હોય છે. આવા સંત દુર્લભ હોય છે. તે સ્વભાવથી જ દયાળુ, ઉદાર અને વિશાળ દૃષ્ટિકોણ ધરાવતા હોય છે. એટલે તો બ્રહ્માનંદજીએ ભજનમાં કહ્યું છે કે,

'સંત પરમ હિતકારી, જગતમાંહીં સંત પરમ હિતકારી...'

આવા પરમ હિતકારી સંત હજારોમાં નહીં પણ કદાચ લાખોમાં એકાદ મળી જતા હોય છે. બાકી તો ભટકી ગયેલા અને ભટકાવનારા મારા જેવા બાવા જ હોય છે. મને આશા હતી કે આ સાધુસંતો મને પૂછશે કે આ છોકરો ક્યાંથી આવ્યો? કેમ આવ્યો? ભૂખ્યો-તરસ્યો છે કે શું છે? વગેરે વગેરે... પણ કશું જ પૂછ્યું નહીં. હું પણ આવી ઉપેક્ષાથી ટેવાઈ ગયો હતો એટલે સ્થિતપ્રજ્ઞની માફક ઓટલા ઉપર બેઠો-બેઠો બધાં દૃશ્યો નિહાળી રહ્યો હતો. એટલામાં સફેદ વસ્ત્રધારી એક વૃદ્ધ બ્રહ્મચારીજી મારી પાસે આવ્યા અને હિન્દીમાં વાત કરવા લાગ્યા. ચાલો! કોઈ તો મળ્યું. એમ સમજીને મેં તેમને મારી પૂરેપૂરી હકીકત કહી કે હું ગુજરાતથી સંન્યાસ દીક્ષા લેવા માટે અહીં કાશી આવ્યો છું. મારી વાત સાંભળીને તે ત્યારે વધુ પ્રસન્ન થયા કે જ્યારે તેમને ખબર પડી કે હું બ્રાહ્મણનું શરીર છું. સામાન્ય રીતે સ્વામીનારાયણ સંપ્રદાયમાં બ્રાહ્મણો ઓછા દીક્ષિત થાય છે. મોટા ભાગે વૈશ્યો અને તેમાંય ખાસ કરીને સૌરાષ્ટ્રના પટેલો જ વધુ દીક્ષિત થતા હોય છે. તેથી તેમણે મને કહ્યું કે, 'ચલો, બહોત અચ્છી બાત હૈ. મૈં તુમ્હેં બ્રાહ્મણ સંન્યાસી કે પાસ લે જાતા હૂં, ક્યોંકિ તુમ બ્રાહ્મણ હો.' આવું કહી તેમણે મને સાથે લીધો. જોકે તેમણે પણ ભૂખ્યા-તરસ્યાનો ભાવ તો પૂછ્યો જ નહીં. હું તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યો.

'રાજઘાટ' ગંગાકિનારે આવીને અને ઊંચાંનીચાં પગથિયાં પાર કરતાં-કરતાં 'ગાયઘાટ' પહોંચી ગયા. ગાયઘાટ પર ઘણા દંડીસ્વામીઓ રહેતા હતા. તેમની પાસે મને લઈ ગયા. મઠના અધ્યક્ષ યોગાનુયોગ એક ગુજરાતી દંડીસ્વામી હતા. તેમને સોંપી કહેવા લાગ્યા કે, 'યે લડકા ગુજરાતસે આયા હૈ, બ્રાહ્મણ હૈ, સંન્યાસ લેના ચાહતા હૈ, આપ ઈસે રખ લિજિયે'. પેલા સ્વામીજી તો મને જોઈને રાજી-રાજી થઈ ગયા. કારણ કે વૃદ્ધ સંન્યાસીઓને શિષ્ય બનાવવાની પ્રબળ ઇચ્છા રહેતી હોય છે. હું તેમનાં ચરણોમાં બેઠો અને બરાબર બાર વાગે ૧૦-૧૫ દંડીસ્વામીઓ પોતપોતાનો દંડ લઈને તૈયાર થઈ ગયા. પેલા મહંત સ્વામીએ મને કહ્યું કે તું તો બહુ ભાગ્યશાળી છે કે આજે પહેલા જ દિવસે તને લાડુનું ભોજન મળી રહ્યું છે. નહીં તો અહીં કાશીમાં સૂકી રોટલી પણ મળવી કઠિન છે. અમે બધા ચાલ્યા અને જ્યાં શ્રીમાળી બ્રાહ્મણને ત્યાં જમણવાર હતો, ત્યાં પહોંચીને લાઇનસર જમવા બેઠા. લાડુ પીરસાયા પછી બધાનાં પતરાળાં ઉપર ચાર-ચાર આનાનો સિક્કો દક્ષિણામાં મૂકવામાં આવ્યો. હું તો લક્ષ્મીનો સ્પર્શ કરતો ન હતો. તેથી મેં કહ્યું કે નહીં નહીં નહીં. ચાહિયે. ત્યારે મહંત સ્વામીએ મને સમજાવ્યું કે પડલ પર રખને દીજિયે. ગુરુજી તમાકુ ખાય છે તો તે તમાકુ લાવવા માટે આ દક્ષિણાના ચાર આના કામ લાગશે. તેમણે સિક્કો ઉપાડીને પોતાના થેલામાં મૂકી દીધો

અમે બધા સારી રીતે જમી પરવારીને પાછા ગૌમઠમાં આવી ગયા. પણ ખબર નહીં મહંતસ્વામીને શું સૂઝ્યું કે તેમણે મને ધીરે રહીને એક વાત કહી. દેખો! મેં તુમ્હારા જીવન બરબાદ કરના નહીં ચાહતા. હું તેમનો ભાવ સમજી શક્યો નહીં. તેથી તેમણે સ્પષ્ટીકરણ કર્યું કે આ મઠ પંચગૌડનો છે અને આપણે પંચદ્રવિડ કહેવાઈએ. હું ભૂલથી પંચગૌડમાં દીક્ષિત થઈ ગયેલો, પણ હું તને પંચગૌડમાં દીક્ષિત કરવા માંગતો નથી તેથી તને પંચદ્રવિડમાં લઈ જઈશ. પંચગૌડ અને પંચદ્રવિડ આ બે શબ્દો મારા માટે નવા હતા. પણ અહીં કશી ચર્ચા કરવાને સ્થાન ન હતું. તેથી મૌન રહ્યો. વાચકોની સમજણ માટે બતાવી દઉં કે સંન્યાસીઓમાં ચાર ભેદ હોય છે. (૧) દંડી (૨) પરમહંસ (૩) નાગા અને (૪) ઘરબારી. દંડીઓમાં બે ભેદ હોય છે. પંચગૌડ અને પંચદ્રવિડ. હવે એક બીજો ભેદ પણ ઊભો થયો છે અને તે છે ભૂમિહાર બ્રાહ્મણોનો. આ બધાય પરસ્પરમાં એકબીજાને હલકા બતાવે છે. તેમાં પંચદ્રવિડ તો પોતાને સૌથી ઊંચા માને છે. ગુજરાતથી કેરલ સુધીનો નીચેનો ભાગ પંચદ્રવિડ કહેવાય છે. અર્થાત્

ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરલ. આ પ્રદેશોમાં વસનારા બ્રાહ્મણો પોતાને પંચદ્રવિડ માને છે અને ઉપરના એટલે કે રાજસ્થાન, યુપી, એમપી, સીપી.. વગેરેમાં વસનારા બ્રહ્મણોને પંચગૌડ કહેવાય છે. આધશંકરાચાર્ય પંચદ્રવિડ હતા. પંચદ્રવિડ કેરાલાના નામ્બુદ્રિપાદ બ્રાહ્મણ હતા. તેથી ચારેય મઠની ગાદી ઉપર માત્ર ને માત્ર પંચદ્રવિડ બ્રાહ્મણ હોય અને દંડીસ્વામી હોય તે જ શંકરાચાર્ય બની શકતા. હમણાંથી કરપાત્રીજી મહારાજે જોરજબરજસ્તીથી પરિવર્તન કર્યું છે. દ્વારકાપીઠના સ્વરૂપાનંદજી પંચદ્રવિડ નથી પણ પંચગૌડ છે. આ રીતે પંચગૌડમાંથી પણ શંકરાચાર્ય થવા લાગ્યા છે.

મઠાધ્યક્ષ મહંતસ્વામી સાંજના ૫:૦૦ વાગે મને સાથે લઈને ચાલ્યા અને કહેવા લાગ્યા કે પંચદ્રવિડ દંડીસ્વામી પાસે તને સંન્યાસદીક્ષા અપાવું. એમ કહીને કાશીની ગલીઓ વટાવતા વટાવતા અમે જાનીમઠ પહોંચી ગયા. જાનીમઠ નાનો સરખો હતો. તેમાં માત્ર એક જ દંડીસ્વામી રહેતા હતા. તેમનું ભારેખમ ખખડધજ શરીર પ્રભાવશાળી હતું. તમે માનો કે ના માનો સુકલકડી શરીરવાળા માણસો કરતાં જાડા માણસોનો પ્રાથમિક પ્રભાવ વધુ રહેતો હોય છે. જોકે આગળ જતાં ખરો પ્રભાવ તો શરીરમાંના દૈવતથી પડતો હોય છે. અમે દંડીસ્વામીને પગે લાગ્યા અને બેઠા. મારી બધી હકીકત મને લાવનાર દંડીસ્વામીએ સંભળાવી અને કહ્યું કે આ છોકરાને સંન્યાસદીક્ષા લેવાની છે તેથી તેને તમે અહીં રાખો, કેમ કે તમે પંચદ્રવિડ છો અને આને પણ પંચદ્રવિડમાં જ દીક્ષા મળવી જોઈએ.

આવી બધી ભલામણ કરીને પેલા દંડીસ્વામી તો વિદાય થયા. હવે જે જાનીમઠના દંડીસ્વામી હતા તે મૂળ તો ગુજરાતી હતા પણ ઘણી પેઢીઓથી ગુજરાતી પરિવાર કાશીમાં વસી ગયેલો એટલે કાશીના થઈ ગયેલા. તેમ છતાં હિન્દીમિશ્રિત તૂટકતૂટક ગુજરાતી બોલતા હતા. આ સ્વામી શિક્ષક હતા અને રિટાયર્ડ થયા પછી પરિવારમાં કોઈ ના હોવાથી દંડીસ્વામીમાં દીક્ષિત થઈને અહીં જાનીમઠમાં રહેતા હતા. દંડીસ્વામી થવાથી તેમનો જમવાનો પ્રશ્ન ઉકલી ગયો હતો. કારણ કે કોઈ ધનાઢ્ય શેઠે દંડીસ્વામીઓ માટે એક ભોજનાલય શરૂ કર્યું હતું. તેમાં તેમનો નંબર લાગી ગયો હતો. તે માત્ર બપોરે એકસમયે જ ભોજન લેતા. સાંજે એક લિટર દૂધ લાવીને પીતા. આખો દિવસ મઠમાં જ બેસી રહેતા. હું આવ્યો એટલે તરત જ કામે વળગ્યો. મઠની સાફસફાઈ કરી, કૂવામાંથી પાણી ભર્યું અને પછી સ્વામીજીના પગ દબાવવાના કામે લાગ્યો. પછી તેમનું દૂધ ગરમ કરી આપ્યું. જે તેમણે બહુ પ્રેમથી બેઠાબેઠા પી લીધું. હું બપોરે લાડુ જમ્યો હતો એટલે હવે સાંજે તો કંઈ જમવાની ઇચ્છા પણ ન હતી અને ઇચ્છા હોય તોપણ અહીં કોઈ વ્યવસ્થા ન હતી. મઠમાં નાનું સરખું શિવાલય હતું. તેની આરતીપૂજા મેં કરી અને થોકડાબંધ અગરબત્તીઓના બે-બે ટુકડા કરી અને તેમાંથી માત્ર એક જ ટુકડાનો ધૂપ કર્યો. આવો રિવાજ હતો. આવો થોકડો ત્યારે ચાર આનાનો મળતો અને તેને ત્રણ મહિના સુધી દંડીસ્વામી ચલાવતા. પછી મારી પાસે ઓઢવાનું ઓછું હોવાથી અને અહીં પુષ્કળ ટાઢ પડતી હોવાથી દંડીસ્વામીએ મને ત્રણ-ચાર કાણાંવાળી એક ધાબળી આપી. જે ઓઢીને હું સૂઈ ગયો.

સવાર થયું, નાહ્યો-ધોયો. હવે પ્રશ્ન હતો કે આજે જમવા ક્યાં જવું? ત્યારે દંડીસ્વામીએ મને સમજાવ્યું કે અહીં આજુબાજુમાં બ્રાહ્મણોનાં ઘર છે. ત્યાંથી તારે ભિક્ષા માંગી લાવવાની. પણ પંચગૌડની ભિક્ષા લેવી નહીં. માત્ર પંચદ્રવિડની જ લેવી. તેમના કહેવા પ્રમાણે હું અગિયાર વાગે ભિક્ષા માંગવા ગયો. પણ મને માંડ બે-ત્રણ રોટલી જ ભિક્ષામાં મળી. જ્યારે મારી જરૂરિયાત ઓછામાં ઓછી આઠ-દશ રોટલીની હતી. આ બે-ત્રણ રોટલી અને થોડું દાળશાક મળેલું તે ખાઈને સંતોષ માનવો પડ્યો. ચાલો! ભગવાનની કૃપા જ કહેવાય કે આટલું તો મળ્યું!

દંડીસ્વામી પોતાના નિર્ધારિત ભોજનાલયમાં જમીને આવ્યા અને આરામ કરવા લાગ્યા. મેં તેમને કહ્યું કે મારે ભણવું છે, ભણવું છે અને ભણવું છે. મારા માટે ભણવાની કોઈ વ્યવસ્થા થાય તો સારું. પણ તેમણે તે તરફ ખાસ ધ્યાન આપ્યું નહીં અને મને તાકીદ કરી કે તારે એકલાએ બહાર ફરવા જવું નહીં. ફરી સાંજ પડી. પેલું દૂધ ગરમ કરીને મેં સ્વામીજીને આપ્યું. તેમણે પીધું અને અમે સૂઈ ગયા. ઠંડી એટલી બધી હતી કે ફાટેલી ધાબળીથી ટાઢ રોકાતી ન હતી. તેમ છતાં ટૂંટિયું વાળીને મેં રાત વિતાવી. આવી રીતે પાંચેક દિવસ દંડીસ્વામી સાથે જાનીમઠમાં હું રહ્યો. પણ પછી મને લાગ્યું કે આ માણસ પાસેથી દીક્ષા લેવાનો કોઈ અર્થ નથી. વળી દંડીસ્વામી પાસે તે જમાનામાં પંચાવન હજાર રૂપિયા બૅન્ક બેલેન્સ હતું. જે બહુ મોટી રકમ કહેવાય. એટલે કેટલાક તો મને બહુ ભાગ્યશાળી માનતા હતા કે હવે આ એંશી વર્ષના સ્વામી કેટલું જીવવાના? પછી પંચાવન હજાર પણ તારા જ થઈ જવાના. પણ મને આવી બાબતમાં જરાય રસ ન હતો. કારણ કે હું પોતે જ લક્ષ્મીનો ત્યાગી હતો. છેવટે મેં નક્કી કર્યું કે મારે અહીં હવે વધુ રહેવાય નહીં. જેની સાથે આચાર-વિચાર મળતા ન હોય તેની સાથે લાચારી સિવાય રહેવાય નહીં અને ભગવાને મને લાચારીથી તો મુક્ત કર્યો હતો, કારણ કે, કોઈ પાઈ-પૈસાની, મઠની કે ગાદીની ઇચ્છા ન હતી. મારા મનમાં તો મોક્ષ અને ભણવું એ બે જ ઇચ્છા હતી. એટલે એક દિવસે મેં બપોરે દંડીસ્વામીને કહ્યું કે હું અહીંથી વિદાય લઉં છું, કારણ કે, આપણા આચારવિચાર, મળતા નથી. તમારે કોઈ એવો શિષ્ય જોઈએ છે કે જે તમારાં મઠ અને બેંક-બેલેન્સને સંભાળે. જો આ બધું મારા હાથમાં આવશે તો હું બે-ચાર દિવસમાં જ ગરીબોમાં બધું લૂંટાવી દઈશ. જે તમને નહીં ગમે. મારી વાત સાંભળી તેઓ ગરમ થઈ ગયા અને કહ્યું કે લૂંટાવી દેવા માટે મેં આ મૂડી થોડી એકઠી કરી છે? તારે જવું હોય તો જા. પણ તું કોઈ શૂદ્રનો શિષ્ય થઈ જઈશ એવું મને લાગે છે. ત્યારે તેમની વાતને હું સમજી શક્યો નહીં પણ પછી ખબર પડી કે પંચગૌડને પંચદ્રવિડો શૂદ્ર માને છે. પંચગૌડ ભૂમિહારને શૂદ્ર માને છે અને બધા દંડીઓ પરમહંસ સંન્યાસીઓને શૂદ્ર માને છે. ત્યારે મને ખબર પણ નહીં કે સંન્યાસીઓમાં પરમહંસનો પણ એક પ્રકાર હોય છે. પરમહંસો દંડ છોડીને સંન્યાસી થતા હોય છે. તેમને ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને પાછળથી શૂદ્રોને પણ દીક્ષા આપવાની છૂટ હોય છે. ત્યારે કાશીમાં પરમહંસોની ભારે જાહોજલાલી હતી. હું દંડીસ્વામીઓનાં ચોકઠાં સુધી સીમિત રહી ગયો એટલે તેમના સંપર્કનો લાભ લઈ શક્યો નહીં. નમસ્કાર કરીને હું વિદાય થયો ત્યારે સ્વામીજીએ પેલી ધાબળી પાછી લઈ લીધી. હવે મારી પાસે ઓઢવાનું ખાસ કંઈ રહ્યું ન હતું અને ઠંડી ભારે પડતી હતી. પણ 'યાહોમ' કરીને મેં ઝંપલાવ્યું હતું અને હવે મરણિયા થઈને આગળ વધવાનું હતું. કાં તો તરતાં તરતાં પેલે પાર જઈશ અથવા ડૂબી મરીશ. જે થાય તે. હું અકિંચન થઈને જાનીમઠમાંથી નીકળી પડ્યો. આગળની કથા મેં 'મારા અનુભવો' પુસ્તકમાં લખેલી છે એટલે એની ચર્ચા કરતો નથી. જેને ઇચ્છા હોય તેણે મારું 'મારા અનુભવો' પુસ્તક વાંચવું.

કાશીમાં લગભગ અગિયાર વર્ષ રહેવાનું થયું હતું. તેમાં છેવટનાં દશ વર્ષ હું ટેકરા મઠમાં રહ્યો હતો. આ સમય દરમિયાન ઘણા બધા લોકોએ મારા ઉપર અનેક ઉપકારો કર્યા હતા. તેમાં આ ટેકરા મઠનો મુખ્ય ઉપકાર પણ ખરો. એક પણ પૈસાનો ચાર્જ લીધા વિના આ ચારસો વર્ષ જૂના જીર્ણ મઠમાં મારા જેવા ઘણા સાધુસંન્યાસીઓ રહેતા હતા. અમારા યાત્રાળુઓમાંથી કેટલાકને આ મઠ જોવાની તીવ્ર ઇચ્છા હતી. તેથી એક દિવસ શ્રી લાભુભાઈ લાખાણી, શ્રી ડામરાજી રાજપૂત અને શ્રી જિતુભાઈ તિરુપતિ રિક્ષા કરીને પૂછતા-પૂછતા લક્ષ્મીકુંડ પહોંચી ગયા અને ટેકરા મઠનાં દર્શન કર્યાં. ટેકરા મઠનો જીર્ણોદ્ધાર થઈ ગયો છે. હવે તેણે નવું રૂપ ધારણ કર્યું છે. વહીવટ કરનારા પણ બદલાઈ ગયા છે. કર્ણઘંટા હથિયારામ

મઠના પૂજ્ય વિશ્વનાથ યતિજી તથા આદરણીય બાલકૃષ્ણ યતિજીએ આ ટેકરા મઠને સંભાળી લીધો છે અને તેમના મૂકેલા સંન્યાસી વહીવટ કરી રહ્યા છે. લાભુભાઈનું કહેવું છે કે અમે જ્યારે તમારો પરિચય આપ્યો અને કહ્યું કે સ્વામીજી અહીં રહીને ભણ્યા હતા. તો તે ભાવવિભોર થઈ ગયા. તેમનું કહેવું હતું કે અહીંથી કેટલાય ભણીને ગયા પણ કોઈ આ મઠને યાદ પણ કરતું નથી. માત્ર ને માત્ર તમારા સ્વામીજીએ જ અમને યાદ કર્યા. તેથી અમે ધન્યધન્ય થઈ ગયા છીએ. લાભુભાઈએ પાંચ હજાર તથા તિરુપતિએ અઢી હજારની ભેટ આપી અને અત્યારે આ મઠમાં રહેનારા સાધુસંન્યાસીઓને ઉપયોગી થવા પ્રયત્ન કર્યો અને આવીને મને બધી વાત કરી. તેથી હું પણ ખૂબ આનંદિત થયો. મારાથી જઈ ના શકાયું તેનું દુઃખ રહ્યું, પણ હવે અવસ્થાએ મને લાચાર કરી દીધો છે.

તા.૧-૧૦-૨૦૨૧

*

ઘાટ-ઘાટનાં દર્શન

અમે બધાં કાશી પહોંચી ગયાં છીએ કાશીની હોટલ ‘ધી ઇન્ડિયન બનારસ’માં ઉતારો કર્યો છે. આ હોટલ ભવ્ય અને થ્રી-સ્ટાર છે. બધાં સ્નાનાદિથી પરવારીને હવે કાશીદર્શન માટે નીકળી રહ્યાં છીએ. શ્રી મહેશભાઈની યોજના હતી કે આવતી કાલે સવારે બધા ઘાટ જોવા જવું. પણ મેં આગ્રહ કર્યો કે અત્યારે આપણી પાસે સમય છે એટલે અત્યારે આપણે ગંગાજીના બધા ઘાટોનું નૌકાવિહાર દ્વારા અવલોકન કરી લઈએ. અંતે મારો આગ્રહ સ્વીકાર્ય થયો અને અમે બધા ગંગાજીના ઘાટ ઉપર પહોંચી ગયા. અમારા પ્રવાસમાં બપોરનું લંચ અમારા માથે હોવાથી બપોરે માનબાઈના બનાવેલા બાજરીના રોટલા અને લીલું મરચું લોકોએ પ્રેમથી ખાધાં. યાત્રામાં બાજરીના ટાઢા રોટલા બધાંને બહુ ભાવ્યા. અમે સૌથી પહેલાં અસ્સીઘાટ ગયા. અસ્સીઘાટમાં બે નૌકાઓમાં બધા યાત્રિકો ગોઠવાયા. અહીં સામે જ ગંગાજી ઉપર વિશાળ પુલ દેખાઈ રહ્યો છે. આપણે માનીએ કે ના માનીએ બહુ પ્રાચીનકાળમાં નદીઓ ઉપર લોખંડના આવા પાકા પુલો ન હતા. પાકા ઘાટો પણ ન હતા. રામાયણ કે મહાભારતમાં ક્યાંય પાકા ઘાટનો ઉલ્લેખ નથી. નદીઓનો તો ઉલ્લેખ છેક વેદકાળથી ચાલ્યો આવે છે. પણ કોઈએ પાકા ઘાટ બનાવ્યા હોય અથવા પાર જવા માટે પાકો પુલ બનાવ્યો હોય તેવું જણાતું નથી. આ માત્ર ભારતમાં જ નહીં પણ પૂરા વિશ્વની આવી સ્થિતિ હતી. મેં નાઈલ નદીની સેંકડો કિલોમીટરની યાત્રા કરી છે, પણ ક્યાંય પાકા ઘાટ કે પાકો પુલ પ્રાચીનકાળનો જોવા ના મળ્યાં. હા, પ્રાચીનકાળનાં ભવ્ય મંદિરોનાં ખંડેરો તો ઢગલાબંધ જોવા મળ્યાં. આવું થવાનું મુખ્યકારણ એ લાગે છે કે પ્રાચીનકાળમાં આવા પુલ કે આવા ઘાટ બનાવવાની ટૅક્નિક નહીં હોય. આપણે હિન્દુઓ સ્નાનપ્રધાન ધર્મ પાળીએ છીએ. એટલે નદી કે બીજું કોઈ જળ જોઈને તરત જ શ્રદ્ધાથી ભાવુક થઈને ડૂબકીઓ લગાવીએ છીએ. પણ દુનિયાના બીજા ધર્મો સ્નાનપ્રધાન નથી. તેથી તેઓ નદીઓ વગેરેને જોઈને આપણી માફક ગાંડા-ગાંડા થતા નથી. આપણે તો માત્ર સ્નાન કરવાથી મોક્ષ મળી જવાની શ્રદ્ધા રાખીએ છીએ અને ગંગા આદિ સ્નાનોને મહાપુણ્ય માનીએ છીએ.

કેટલાક લોકોનું માનવું છે કે શ્રીરામ જ્યારે લંકા ગયા ત્યારે તેમણે સેતુબંધ રામેશ્વરની રચના કરી હતી. આ શ્રદ્ધાનો વિષય છે. જો તર્કની દૃષ્ટિએ તેનું પૃથક્કરણ કરવામાં આવે તો પહેલાં તો જે પથ્થરો સમુદ્રમાં નાંખ્યા તે બધા તરતા હતા. તો પ્રશ્ન થાય કે તરતા પથ્થરો કયાં ગયા? બીજો પ્રશ્ન થાય કે સેતુબંધની રચના થાંભલા ઉપર કરવામાં આવી હતી, તો એ થાંભલાનાં નિશાનો હવે કેમ નથી? અને ત્રીજો પ્રશ્ન એ થાય કે આ સેતુબંધ કુદરતી પર્વતમાળા હતી, જે લગભગ બધા સમુદ્રોમાં હોય છે તેમ, કે પછી છેક સમુદ્રોના તળિયેથી ઉપર સુધી પથ્થરોના ઢગલા કરીને આડબંધ બાંધ્યો હતો? લગભગ બાવીસ કિલોમીટર લાંબો આ સમુદ્ર લંકાને જોડે છે. ત્યારે આવા બધા પ્રશ્નો વિચારકોને તો થયા વિના રહે નહીં. પણ ગંગાજીના બન્ને છેડાને જોડનારો પુલ બે માળનો છે. જેમાં નીચેના માળે ટ્રેનોની અવરજવર થાય છે અને ઉપરના માળે ટ્રક-કાર વગેરે વાહનોની અવરજવર થાય છે. અંગ્રેજોના સમયથી બંધાયેલો આ પુલ આજે પણ અડીખમ ઊભો છે.

આપણે માનવું જોઈએ કે અંગ્રેજોએ રેલવે અને માર્ગો ઉપર બધી નદીઓ ઉપર આવા અસંખ્ય પુલો બાંધ્યા હતા. જેમાંના ઘણાખરા આજે પણ અડીખમ ઊભા છે. જોકે હવે પુલો બંધવાની ટૅક્નિક બદલાઈ ગઈ છે. હવે નદીના તળમાંથી ઘણા થાંભલાઓ ઊભા કરીને તેના ઉપર ગર્ડરો નાંખીને પુલો બાંધવાનું બંધ થઈ ગયું છે. હવે તો નદીના બે છેડે બબ્બે ઊંચા થાંભલા બાંધીને તેના ઉપરથી લોખંડના તારનાં દોરડાંનો જાડો રસ્સો બન્ને છેડે બાંધીને તેના

આધારે આખો પુલ લટકાવી દેવામાં આવે છે. આ નવી ટૅક્નિક એન્જિનિયરિંગ જ્ઞાનનું પરિણામ કહેવાય. અમે પુલ જોઈ રહ્યા છીએ. અમારી પાછળ સંખ્યાબંધ નાની છોકરીઓ ભીખ માંગવા માટે એવી પડી છે કે ધુત્કારી દેવા છતાં પણ ખસતી નથી. તેમને કંઈ આપવું હોય તોપણ આપી શકાતું નથી.

અસ્સીઘાટ વગેરે ઘાટો ઈ. સ. ૧૮૩૨ સુધીમાં બંધાયા હોય એવું લાગે છે. આ અસ્સીઘાટની ઉપર ઘણાં મંદિરો છે અને ગુજરાતીઓના ઘણા પરિવારો નજીકમાં રહે છે. સ્વામીનારાયણ મંદિર પણ આ ઘાટથી નજીક છે.

અમે અસ્સીઘાટથી નૌકાવિહાર શરૂ કરી રહ્યા છીએ. આ ઘાટ ઉપર સંત તુલસીદાસજી રહેતા હતા. એટલે તેની આગળ તુલસીઘાટ પણ આવેલો છે. ઈ. સ. ૧૬૨૩માં તુલસીદાસજીનું અવસાન થયું હતું. આગળ હનુમાનઘાટ આવે છે. અહીં હનુમાનજીની ભવ્ય પ્રતિમા છે. તેનાથી આગળ ચાલ્યા તો સંન્યાસીઓના જૂના અખાડાનો ઘાટ આવ્યો. સંન્યાસીઓમાં અખાડા પ્રચલિત છે. આવા અખાડા વૈરાગી તથા ઉદાસીન સાધુઓમાં પણ જોવા મળે છે. ખરેખર અખાડા શબ્દ સંસ્કૃતનો નથી પણ દેશી ભાષાનો છે. મધ્યકાળમાં જ્યારે મુસ્લિમ બાદશાહો, સુલ્તાનો અને નવાબોનો ત્રાસ હિન્દુ ધર્મ પર વધી ગયો હતો ત્યારે આ સાધુ-સંન્યાસીઓએ અખાડાની તથા છાવણીઓની રચના કરીને તેનો સામનો કરવાનો પ્રયત્ન કર્યો હતો. એટલે અખાડાના સાધુ-મહંતો પોતપોતાની જમાતોનાં ટોળાં લઈને ભારતભરમાં આજે પણ ભ્રમણ કરતાં રહે છે. એવું કહેવાય છે કે આ જૂના અખાડાની પાસે બનેલા ઘાટની સીડીઓ તે સમયના કાશીના એક બહુ મોટા જુગારી નંદદાસે બનાવી હતી. તેને બનાવવામાં માત્ર પોતાની એક દિવસની આવક જ લગાવી હતી. એ ઉપરથી સમજી શકાય છે કે તેની વાર્ષિક આવક કેટલી હશે અને તે કેટલો મોટો ધનાઢ્ય હશે! આ ઘાટ ઉપર એક મકાન છે. તેમાં પુષ્ટિમાર્ગના સંસ્થાપક શ્રી વલ્લભાચાર્યજી રહેતા હતા. એનાથી આગળ ચાલીએ તો શિવાલાઘાટ આવે છે. શિવાલાઘાટ ઉપર નાગા સંન્યાસીઓના નિર્વાણી તથા નિરંજની અખાડા બંધાયેલા છે. નિર્વાણી અને નિરંજની અખાડાના હજારો નાગાબાવાઓ ભારતભરમાં જુદીજુદી જગ્યાએ પથરાયેલા છે અને પ્રાચીનકાળમાં જરૂર પડતી ત્યારે શસ્ત્ર લઈને ધર્મરક્ષા માટે કૂદી પડતા હતા.

અહીંથી આગળ ચાલીએ તો રાય બલદેવ અને બછરાજનો ઘાટ આવે છે. અહીં માતા આનંદમયીનો આશ્રમ બંધાયેલો છે. તેથી હવે લોકો આનંદમયીઘાટ કહીને ઓળખે છે. આ ઘાટને ૧૮મી સદીમાં લાલા બછરાજે બંધાવ્યો હતો. આપણે ત્યાં બ્રાહ્મણના નામ આગળ પંડિત, ક્ષત્રિયના નામ આગળ બાબુ, અને વૈશ્યના નામ આગળ લાલા શબ્દનો પ્રયોગ થતો રહે છે. ધન તો લાલાઓ પાસે જ રહેતું. એટલે મોટા ભાગે બધી ધાર્મિક ઇમારતો કાં તો કોઇ ને કોઈ રાજામહારાજાએ બંધાવી હોય છે અથવા કોઈ લાલાએ બંધાવી હોય છે. શૂદ્રો માટે આવો કોઈ માનવાચી શબ્દ પ્રયુક્ત થતો હોય એવું જણાતું નથી. એ પછી ખિડકિયાઘાટ આવે છે. ખિડકિયાઘાટ વૈજનાથ મિશ્રે બનાવ્યો હતો. આ ઘાટમાંથી કૂદીને રાજા ચેતસિંહ ભાગ્યા હતા. તેની કથા આગળ કહીશું. એ પછી કેદારઘાટ આવે છે. પછી ચૌકીઘાટ, નારદઘાટ, અમૃતરાવઘાટ, ગંગામહેલ, ખોરીઘાટ, ચૌસઠીઘાટ, પાંડેઘાટ, રાનાઘાટ અને મુનશીઘાટ આવે છે. આ મુનશીઘાટ નાગપુરના રાજાના મંત્રી શ્રીધર મુનશીએ બનાવ્યો હતો. ઈ. સ. ૧૮૧૨માં શ્રીધર મુનશી નિવૃત્ત થઈને અહીં બનારસ રહેવા આવ્યા હતા. કારણ કે કાશીમાં મરવાથી મોક્ષ મળે છે એવી માન્યતા ધાર્મિક હિન્દુઓમાં દૃઢ હતી. ઈ. સ. ૧૮૨૪માં તેમનું મૃત્યુ થયું. આ દરમિયાન તેમણે મુનશીઘાટ બંધાવ્યો હતો. મુનશીઘાટની ઉત્તરમાં કૈવલગિરિઘાટ છે. નામ પરથી લાગે છે કે કેવલગિરિ નામના કોઇ સંન્યાસી મહાત્માએ આ ઘાટ બંધાવ્યો હશે. ઉદયપુરના મહારાજાએ અહીં મહારાજાઘાટ અને મહેલ બંધાવ્યો છે. કારણ કે મેવાડથી

આવનારા યાત્રિકોને આ મહેલમાં રહેવાની સગવડ મળી રહે.

હવે આ જે ભીડથી ભરચક દેખાય છે, તે દશાશ્વમેધઘાટ છે. કહેવાય છે કે પ્રાચીનકાળમાં આ જગ્યાએ કોઈ રાજાએ દશ અશ્વમેધ યજ્ઞો કર્યા હશે એટલે તેનું નામ દશાશ્વમેધઘાટ પડ્યું છે. પણ વર્તમાન સમયમાં પૂનાના પેશ્વા બાલાજી બાજીરાવ દ્વારા ઈ. સ.૧૭૪૮માં આ ઘાટ બનાવડાવ્યો કહેવાય છે. આ ઘાટ ઉપર દશ અશ્વમેધ યજ્ઞો કરનારા ભારશિવરાજાઓ હતા. જેમણે કુષાણોને હરાવીને અહીં યજ્ઞ પછી થનારું અવભૃથ સ્નાન કર્યું હતું. ભારશિવરાજાઓ દ્વિતીય શતાબ્દીમાં થયા. હવે આ દેખાય છે તે માનમંદિરઘાટ છે. ૧૭મી સદીમાં જોધપુરના રાજા માનસિંહે આ ઘાટ બનાવ્યો હતો. પછી તેમની વંશપરંપરામાં સવાઈ જયસિંહ દ્વિતીય થયા. તેમણે તેના ઉપર જ્યોતિષશાત્રની અદ્ભુત વેધશાળા બનાવી હતી. સવાઈ જયસિંહ પાસે સમરથ જગન્નાથ નામનો એક બહુ મોટો જ્યોતિષાચાર્ય હતો. જેના માર્ગદર્શન પ્રમાણે આ વેધશાળા બનાવવામાં આવી હતી. આ વેધશાળાની ઘણાં વર્ષો સુધી સમયની સટીકતા જોવા મળતી. તથા નક્ષત્રોની સ્થિતિ પણ જાણવા મળતી હતી. હવે પછી માનમંદિરઘાટ આવે છે. એ પછી મીરઘાટ આવે છે. એવું કહેવાય છે કે કાશીનો ફોજદાર મીર રૂસ્તમઅલી ૧૭૩૫માં થયો. તેણે આ ઘાટ તથા કિલ્લો બંધાવ્યો હતો.

એ પછી ઉમરાવગિરિઘાટ આવે છે. આ પણ કોઈ ગિરિ નામના સંન્યાસીએ બંધાવ્યો હોય તેવું લાગે છે. હવે સ્મશાનઘાટ આવે છે. એને હરિશ્ચંદ્રઘાટ પણ કહે છે. કહેવાય છે કે સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા, તેની પત્ની સતી તારામતી અને પુત્ર રોહિતની જે પ્રચલિત કથા છે, તે આ ઘાટ ઉપર ઘટી હતી. હવે અનેક ઘાટો પાર કરતાં-કરતાં મણિકર્ણિકાઘાટ સુધી પહોંચી ગયાં છીએ. એવું કહેવાય છે કે આ ઘાટની સ્થાપના કાશ્મીરીમલે કરી હતી. તેની પાછળ પણ એક કથા છે. કાશ્મીરીમલ બહુ ધનાઢ્ય વેપારી હતા. તેમની માતાનું અવસાન થયું એટલે મડદાને લઈને સ્મશાનઘાટ પહોંચ્યા. ત્યારે અને અત્યારે પણ સ્મશાનઘાટ ઉપર ડોમ લોકોનો લાગો લેવાતો હોય છે. ડોમ એટલે માત્ર સ્મશાનનું જ કાર્ય કરનારા, કફન વેચનારા અને તેના દ્વારા આજીવિકા ચલાવનારા લોકો હોય છે. આ ડોમ કોઈ ધનાઢ્ય માણસ મરે તો તેનું મડદું બાળવા માટે સ્મશાનમાં આવે એટલે તેની પાસેથી હઠ કરીને મનમાની રકમ વસૂલવા કરવામાં આવે. આ પ્રકારનું શોષણ બીજા ધર્મોમાં ખાસ કરીને લોટિયા વ્હોરા વગેરેમાં પણ જોવા મળે છે. કાશ્મીરીમલ અને ડોમો વચ્ચે બહુ રકઝક થઈ પણ કંઈ સમાધાન થયું નહીં. તેથી ગુસ્સે ભરાઈને કાશ્મીરીમલ માતાના શબને અહીં મણિકર્ણિકાઘાટ ઉપર લઈ આવ્યા અને તે સમયના પંડ્યાઓ અને જમીનદારો પાસેથી જમીન લઈને આ જગ્યાએ માતાનો અગ્નિદાહ દીધો. પછી તેણે અહીં મણિકર્ણિકાઘાટ જ બનાવી દીધો અને ડોમો માટે લેવાની રકમ નિર્ધારિત કરી દીધી જેથી ડોમો કોઈની પજવણી ના કરે અને સરળતાથી અગ્નિદાહનું કામ થઈ શકે. આ કામ કરવામાં મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ નારાયણ ભટ્ટનું બહુ યોગદાન કહેવાય. નારાયણ ભટ્ટ બહુ પ્રભાવશાળી પંડિત હતા અને તેમણે કાશીમાં રહીને ઘણાં સારાં લોકોપયોગી કાર્યો કર્યાં હતાં. આ ઘાટની સીડીઓ ઉપર મઢીઓ પણ બનાવેલી છે. જે હવે ગંગાપુત્ર એટલે કે પંડયાઓના કબ્જામાં છે. મણિકર્ણિકાઘાટ વિશ્વનો એવો ઘાટ છે કે અહીં સૌથી વધારે મૃતકોના અગ્નિદાહ થાય છે. દૂરદૂરથી લોકો મડદાં લઈને આવે છે અને અહીં અગ્નિસંસ્કાર કરે છે. અહીં બધી સગવડો મળી રહે છે. જેમાં ભાડૂતી ડાઘુઓ પણ મળે છે. માનો કે કોઈ ૫૦-૧૦૦ કિલોમીટર દૂરથી સામાન્ય માણસ રિક્ષા દ્વારા પોતાના મૃતકને લઈને આવે પણ તેણે ભવ્યતા બતાવવી હોય તો અહીં ડાઘુઓની મંડળીઓ તૈયાર હોય છે. તેને કહો તો ૧૦-૨૦-૨૫-૫૦ ભાડૂતી ડાઘુઓ મળી રહે. જે લયબદ્ધ 'રામનામ સત્ય હૈ'ની ધૂન મચાવતા મચાવતા મણિકર્ણિકાઘાટ સુધી સુધી મૃતકને લઈ જતા હોય છે.

મણિકર્ણિકાઘાટની બાજુમાં વીરેશ્વરઘાટ છે. આ ઘાટ મહારાજા સિંધિયાએ બનાવડાવ્યો હતો. એ જમાનામાં આ જમીન પંદર હજાર રૂપિયામાં ખરીદવામાં આવી હતી. સિંધિયા રાજાની રાણી બઈજાબાઈએ સિંધિયાઘાટને ફરીથી ઠીક કર્યો હતો. જે ગંગાજીના ધસમસતા પૂરમાં ધસી ગયો હતો. હવે ફરીથી પાછો પાકોઘાટ બનાવવામાં આવ્યો છે. અહીં સંકઠાજીનું મંદિર છે. જે ગુહનાબાઈ નામની મહારાષ્ટ્રીયન મહિલાએ બનાવ્યું હતું. આ ઘાટની બાજુમાં જ વિશ્વંભર પંડિતની વિધવા રહેતી હતી. જેને આખી કાશીમાં પંડિતાઈન નામથી લોકો ઓળખતા હતા.

ઈ. સ. ૧૮૨૫માં તેમણે અહીં ઘાટ બનાવ્યો હતો. જેને સંકઠાઘાટ કહેવાય છે. એની આગળ ભોંસલેઘાટ આવે છે. નાગપુરના મહારાજાએ આ ઘાટ બનાવ્યો હતો. તેના પછી યજ્ઞેશ્વરઘાટ, રામઘાટ, મંગલગૌરીઘાટ, દલપતઘાટ વગેરે ઘાટો આવે છે. રાજા માનસિંહે પેશ્વાના ન્યાયમંત્રી રામશાસ્ત્રીને આ ઘાટ અર્પણ કર્યો હતો. પણ પૂરમાં તે વહી ગયો. હવે આગળ બાલાજીઘાટ આવે છે. જે પેશ્વા બાજીરાવે બંધાવેલો છે. એની આગળ બિંદુમાધવમંદિર આવે છે. જેને ઔરંગઝેબે તોડીને તેના જ પથ્થરોથી મસ્જિદ બનાવી છે. આ મસ્જિદ પંચગંગાઘાટથી રામઘાટ સુધી ફેલાયેલી છે.

આ મસ્જિદના બે ઊંચા મિનારા હતા. જેની ઊંચાઈ ૧૪૭ ફૂટ હતી. આ મિનારા નીચે સવા આઠ ફૂટ અને ઉપર સાડા સાત ફૂટ હતા. આ પણ ગજબની કારીગરી કહેવાય કે ૧૪૭ ફૂટ ઊંચા મિનારા માત્ર ૮ ફૂટ ને ૩ ઇંચની પ્લીન્થ ઉપર પાયા ઉપર ઊભા કરવામાં આવે અને તે ઉપર જતાં સાત ફૂટ ને છ ઇંચ થઈ જાય. અર્થાત્ ૧૪૭ ફૂટમાં માત્ર પોણો ફૂટ એટલે કે નવ ઇંચની જ સંકડાશ ઊભી કરવામાં આવી હતી. આમ તો ઘણા મિનારા છે. જેમ કે કુતુબમિનાર વગેરે. પણ તેમની પ્લીન્થ ઘણી મોટી હોય છે. અને ઉપર જતાં-જતાં સંકડાશ પણ વધુ થતી જતી હોય છે. હું જ્યારે કાશીમાં રહેતો હતો ત્યારે આ બે મિનારામાંનો એક મિનારો અસ્તિત્વ ધરાવતો હતો. કહેવાય છે કે આ મિનારા ઉપરથી કૂદકો મારીને જે ગંગાજીમાં પડે તેને ઇનામ આપવામાં આવતું. આ ઇનામ લેવા માટે ૩-૪ માણસો કૂધા હતા પણ બધાએ પ્રાણ ગુમાવ્યા હતા. અર્થાત્ બધા મરી ગયા હતા. માત્ર ને માત્ર એક લંગડો ફકીર કૂધો અને બચી ગયો. હવે તો બન્ને મિનારા રહ્યા નથી. પણ આ ઉપરથી ઔરંગઝેબની અને તેના જેવા કટ્ટર મજહબવાદીઓની માનસિકતા જણાઈ આવે છે. તમારે મસ્જિદ બનાવવી હોય તો ખુશીથી બનાવો ને! ચારે તરફ ઘણી જમીન પડી છે. મન ફાવે ત્યાં સુંદર, ભવ્ય મસ્જિદ બનાવો. પણ ના, અમારે તો મંદિર તોડીને મંદિરની જગ્યાએ જ મસ્જિદ બનાવવી છે. આ રીતે ભારતમાં સેંકડો હજારો મંદિરો તોડવામાં આવ્યાં અને એ જ જગ્યાએ મસ્જિદો બાંધવામાં આવી. તેમાં કેટલીક તો એવી પણ છે કે જેની આજુબાજુ કોઈ મુસ્લિમો ન રહેતા હોવાથી નમાજ પઢનારું પણ કોઈ નથી. ભલે તાળું વાગે પણ મસ્જિદ તો અહીં જ બનાવવી છે. આવી માનસિકતા ઉદારધાર્મિકતાની નિશાની ના કહેવાય પણ અધમકક્ષાની ધાર્મિકતા કહેવાય. આવું કરવાથી લગભગ ભારતમાં જ નહીં પણ આખી દુનિયામાં મુસ્લિમો અળખા બન્યા છે.

વેણીમાધવનું મંદિર અર્થાત્ મસ્જિદ જોઈને હવે અમે પંચગંગાઘાટ ઉપર ગયા છીએ. અહીં પાંચ ગંગાઓ ભેગી થાય છે. જેવી કે કિરણગંગા, ધૂતપાપાગંગા, સરસ્વતીગંગા, ગંગાજી અને યમુનાજી. એટલે લોકો આને પંચગંગા કહે છે. કાશીનું આ મુખ્યતીર્થ પણ છે. કહેવાય છે કે ઈ. સ. ૧૫૮૦માં આ પંચગંગાઘાટને રઘુનાથ ટંડને બંધાવ્યો હતો. શ્રીપતરાવ નામના મહારાષ્ટ્રીયન સજ્જને આ ઘાટનો જીર્ણોદ્ધાર કર્યો હતો. પંચઘાટની આગળ બ્રહ્માઘાટ અને પછી દુર્ગાઘાટ આવે છે. ઈ. સ. ૧૭૪૦માં નારાયણ દીક્ષિતે આ ઘાટ બનાવ્યો હતો. પછી લાલઘાટ અને પછી ગાયઘાટ આવે છે. ગાયઘાટ એ જ ગૌઘાટ. હું જ્યારે પહેલી વાર કાશી

આવ્યો હતો ત્યારે સ્વામીનારાયણ મંદિરમાંથી એક બ્રહ્મચારીજી મને આ ગાયઘાટ લઈ આવ્યા હતા. જ્યાં પંચગૌડ દંડીસ્વામીઓ રહેતા હતા. તે વાત મેં આગળ લખી છે. એના પછી બાલાબાઈઘાટ, ત્રિલોચનઘાટ, મહુઘાટ, પ્રહ્લાદઘાટ અને પછી છેવટે રાજઘાટ આવે છે. રાજઘાટ ઉપર રાજમંદિર છે. આ ઘાટ કોઈ સંન્યાસી ભવાનીગિરિએ બંધાવ્યો હતો. એ પછી આદિકેશ્વરઘાટ આવે છે, જે વરણા નદી અને ગંગાજીના સંગમ ઉપર છે. આદિકેશ્વરઘાટ મહારાજા સિંધિયાના દીવાને બનાવ્યો હતો. જ્યારે અંગ્રેજોની વિરુદ્ધમાં આંદોલન ચાલતું હતું ત્યારે આંદોલનકારીઓ આ મંદિરમાં સંતાઈને રહેતા હતા. તેથી અંગ્રજોએ આ મંદિરને બંધ કરાવી દીધું હતું. આ રીતે અનેક ઘાટો જોતાં જોતાં અમે ફરી પાછા દશાશ્વમેધઘાટ ઉપર આવી ગયાં, કારણ કે, અહીં સાંજના સાડા છ વાગે ગંગાઆરતી થાય છે. તેનાં દર્શન કરવાની બધાને ઇચ્છા હતી. વળતાં ડોમરાજાનો મહેલ પણ જોયો. ડોમોના નેતાને અહીં ડોમરાજા કહેવાય છે. અને તેણે ગંગાકિનારે મણિકર્ણિકાઘાટ પાસે સારો એવો બંગલો બનાવ્યો છે. આ બંગલાને બધા ડોમરાજાનો મહેલ કહે છે.

અમે જ્યારે દશાશ્વમેધઘાટ ઉપર આવ્યા ત્યારે અંધારું થઈ ગયું હતું. આરતી થવાની તૈયારી હતી. પણ દર્શનાર્થીઓની ભીડ ગંગાજીમાં નાવો ઉપર, ઘાટ ઉપર અને ઘાટનાં પગથિયાં ઉપર ભારે જામી હતી. બધાં એકબીજાની આડે આવતાં હતાં. જેથી પાછળવાળાને આરતીનાં દર્શન થઈ શકતાં ન હતાં. ગંગાપુત્ર પંડ્યાઓએ આરતીમાં ઘણી વાર કરી. માઈક ઉપર શ્લોકો અને સ્તોત્રો બોલ્યા. લોકો કંટાળી ગયા. છેવટે આરતી થઈ અને બધાંએ દૂરદૂરથી આરતી લીધી. પછી વિદાય થયા. કેટલાક લોકો થાળીમાં આરતી પ્રગટાવીને થોડા પૈસા નાંખીને લોકો વચ્ચે ફરતા હતા. આ પણ પૈસા કમાવાનું સાધન બની ગયું હતું. આમ ગંગાજીના ઘાટોનાં તથા આરતીનાં દર્શન કરીને અમે વિદાય થયા. હું જ્યારે કાશીમાં રહેતો હતો ત્યારે આ ગંગાઘાટ ઉપર આવીને કલાકો સુધી બેસી રહેતો અને કોઈ-કોઈ વાર કોઈ જિજ્ઞાસુ મળે તો સત્સંગ કરતો. ત્યારે કશી ભીડ ન રહેતી. બધું ખાલી રહેતું. અત્યારે પગ મૂકવાની જગ્યા નથી અને ચાલવાની જગ્યા નથી. અમે જેમતેમ કરીને અમારે ઉતારે આવ્યાં. માનબાઈએ મારા માટે વિશેષરૂપથી ખીચડી બનાવી. એ ખીચડી અને છાશનું મેં ભોજન કર્યું અને પછી સૂઈ ગયા. બાકીના બધા યાત્રિકો બહુ સારું ભોજન જમ્યા અને પછી સૂઈ ગયા.

તા. ૨-૧૦-૨૦૨૧

*

કાશીવિશ્વનાથનાં દર્શને...

આજે તા. ૨૩-૦૯-૨૦૨૧ છે. અમારે સર્વપ્રથમ કાશીવિશ્વનાથનાં દર્શન કરવા જવાનું છે. કાશીવિશ્વનાથનાં દર્શન કરતાં પહેલાં થોડી ઐતિહાસિક બાબતો જણાવી દેવી ઠીક લાગે છે.

કાશી વૈદિકકાળથી ચાલી આવતી નગરી છે. કાશી તેનું સૌથી પ્રાચીન નામ છે. 'કાશ્યતે પ્રકાશ્યતે ઈતિ કાશી.' અર્થાત્ જ્યાં બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ થાય તેને કાશી કહેવાય. એટલે હિન્દુ ધર્મની માન્યતા છે કે કાશી શિવજીના ત્રિશૂળ ઉપર વસેલી છે. ત્રિશૂળ એટલે ઈડા, પિંગળા અને સુષુમ્ણા – આ ત્રણેય નાડીઓનો ભ્રૂકુટિમાં જે સંગમ થાય તેને કાશી કહેવાય. આ ભ્રૂકુટિમાં બ્રહ્મરંધ્ર આવેલું છે. સામાન્ય માન્યતા એવી છે કે આ બ્રહ્મરંધ્રમાં એટલે કે ભ્રૂકુટિમાં ધ્યાન લગાવીને જે ઊર્ધ્વરેતા થઈને પ્રાણ છોડે તેનો મોક્ષ થાય. કાલાંતરમાં કાશીની ચડતીપડતી આવી અને બૌદ્ધોનો પ્રભાવ વધ્યો. એટલે કાશી વારાણસી બની. વારાણસી એટલે 'વરુણા અને અસી બે નદીઓની વચ્ચેનો ગંગાકિનારે આવેલો ભાગ તે વારાણસી.' એ પછી અંગ્રજોનો પ્રભાવ વધ્યો અને તેમણે વારાણસીનું બનારસ બનાવી દીધું. વળી પાછો આઝાદીનો કાળ આવ્યો અને આઝાદીના કાળમાં બનારસને વારાણસી બનાવી દેવામાં આવ્યું. એમ સમય-સમય ઉપર નામાંતરણ થતાં રહ્યાં છે.

લગભગ એક છેડેથી બીજા છેડા સુધી ૪-૫ કિલોમીટર જેટલી ગંગાજીની લંબાઈ ઉપર બધા ઘાટો નિર્મિત થાય છે. અને આ બધા ઘાટો એક જ તરફ છે. સામા કિનારે માત્ર રેતી જ રેતી છે. અર્થાત્ ત્યાં કોઈ મકાન નથી. એકતરફી ઘાટો ઉપર બનેલાં ઊંચાં-ઊંચાં મકાનો, રાજમહેલો અને ધર્મશાળાઓનું દશ્ય ભવ્ય લાગે છે. કાશીવિશ્વનાથનું મંદિર બહુ પ્રાચીન છે. ઈ. સ. ૧૧૯૪માં શાહબુદ્દીન ઘોરીએ કાશી ઉપર વિજય મેળવ્યો હતો. તેણે પોતાના એક હાકેમને સૂબો બનાવ્યો હતો. જેનું નામ સૈયદ જમાલુદ્દીન હતું. તેણે સર્વ પ્રથમ કાશીમાંથી મંદિરો તોડવાનું કામ કર્યું પણ થોડા જ સમય પછી કાશી તેના હાથમાંથી નીકળી ગયું. એટલે શાહબુદ્દીન ઘોરી અને કુતુબદ્દીન ઐબક બન્નેએ ફરીથી કાશી ઉપર આક્રમણ કર્યું અને કાશીનાં બધાં મંદિરોને જમીનદોસ્ત કરી નાખ્યાં. આ જ મંદિરોના પથ્થરોથી મસ્જિદો બનાવવામાં આવી. જેમાંની કેટલીક આજે પણ ઊભી છે. પૂર્વે કહ્યું તેમ રાજઘાટની એક મસ્જિદ ૧૫૦ ફૂટ લાંબી અને ૨૫ ફૂટ પહોળી બની છે. ૧૨મી-૧૩મી સદીમાં કાશીવિશ્વનાથનું મંદિર ફરીથી બનાવવામાં આવ્યું. કહેવાય છે કે ગુજરાતના મહાન દાતા વસ્તુપાળે વિશ્વનાથ મંદિરના ઉપયોગ માટે એક લાખ રૂપિયા મોકલ્યા હતા. એવું પણ કહેવાય છે કે ૧૩૫૮થી ૧૩૮૮ સુધી ફિરોઝખાન તુઘલકનું રાજ હતું. આ બાદશાહે બ્રાહ્મણો પાસેથી ન લેવાતો જજિયાવેરો લગાવવાથી બધા બ્રાહ્મણો બહુ દુઃખી થયા. તે બધા આગ્રા પહોંચી ગયા અને બાદશાહના મહેલ આગળ ધરણાં દેવા માંડ્યા, ઉપવાસ ઉપર ઊતર્યા. છેવટે તેમણે બળી મરવાની ધમકી આપી ત્યારે બાદશાહે કહેવડાવ્યું કે તમે ખુશીથી બળી મરો, હું લાકડાંની વ્યવસ્થા કરી આપું છું. પણ કોઈ બળી મર્યા નહીં. અસહયોગ અથવા સત્યાગ્રહનું આંદોલન અંગ્રેજો સામે જ સફળ થઈ શકે. અંગ્રેજોની જગ્યાએ જો ગાંધીજીને આવા મુસ્લિમ શાસકો મળ્યા હોત તો તેમનું સત્યાગ્રહનું આંદોલન પહેલા દિવસે જ નિષ્ફળ ગયું હોત. છેવટે બ્રાહ્મણો થાક્યા. એટલે આગ્રાના જે ધનાઢ્ય વૈશ્યો હતા તેમણે જજિયાવેરાનો ભાર ઉઠાવીને ભરી દીધો. આ રીતે બધા બ્રાહ્મણો પાછા કાશી આવી ગયા. ફિરોજશાહ તુઘલકે બકરિયાકુંડમાં જે મસ્જિદ બનાવી છે તે પણ હિન્દુમંદિરો તોડીને બનાવી છે. મંદિરોના પથ્થરો આજે પણ જોઈ શકાય છે.

ફિરોજશાહના જોનપુરના સૂબેદારે પોતાને સ્વતંત્ર સુલતાન બનાવી દીધો. તેણે અવધ, દુઆબ અને બિહાર સુધી પોતાની સત્તા વધારી. તેણે પણ કાશીનાં બધાં મંદિરો તોડી નાખ્યાં.

તેના પછી આગ્રાની ગાદીએ સિકંદર લોદી આવ્યો. તેણે જોનપુર જીતી લીધું અને મંદિરો તોડવા માંડ્યાં. કેટલાક હિન્દુ રાજાઓએ વિરોધ કર્યો પણ કશું ચાલ્યું નહીં. સિકંદર લોદી કટ્ટર મુસલમાન હતો તેથી તેણે કાશીમાં એક પણ મંદિર રહેવા દીધું નહીં. આ રીતે કાશીનાં મંદિરો તૂટતાં રહ્યાં.

ઈ. સ. ૧૫૨૬માં અફઘાનિસ્તાનથી બાબર ચઢી આવ્યો અને તેણે ઇબ્રાહીમ લોદીને હરાવીને દિલ્હી ઉપર સત્તા સ્થાપિત કરી. બાબર પણ કાશી ઉપર ચઢી આવ્યો હતો અને તેણે પણ કાશીમાં અંધાધૂંધી ફેલાવી હતી. તેના પછી ઈ. સ. ૧૫૩૦માં તેનો પુત્ર હુમાયુ ગાદી ઉપર બેઠો અને હુમાયુના કાળમાં પણ કાશીની દુર્દશા ચાલુ રહી. હુમાયુ અને શેરશાહ શૂરી વચ્ચે યુદ્ધ થયું એમાં હુમાયુને દેશ છોડીને ભાગવું પડ્યું. અકબરના સમયમાં થોડી ઉદારતા આવી અને રાજા ટોડરમલના આગ્રહથી ૧૫૮૫માં વિશ્વનાથનું મંદિર નિર્મિત થયું. જેમાં મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ નારાયણ ભટ્ટ નિમિત્ત બન્યા. આ રીતે કાશીવિશ્વનાથ મંદિર ફરીથી અસ્તિત્વમાં આવ્યું.

અકબરના દરબારમાં રાજા માનસિંહ અને પછી જયસિંહ જેવા રાજપૂત રાજાઓ હતા. તેમણે પણ મંદિરો તથા ઘાટો બનાવડાવ્યા. કહેવાય છે કે નારાયણ ભટ્ટ દ્વારા રાજા ટોડરમલે જે કાશીવિશ્વનાથનું મંદિર બાંધ્યું હતું તે ૧૨૫ x ૩૫ ફૂટ લાંબું-પહોળુ હતું. જેના પાંચ મંડપ હતા. મંદિરની ઊંચાઈ ૧૨૮ ફૂટ હતી. પછી મુગલ બાદશાહ શાહજહાં ગાદીએ આવ્યો. તેણે અયોધ્યાનાં મંદિરો પડાવી નાખ્યાં અને કાશીનાં ૭૬ મંદિરોને નષ્ટ કરી દીધાં. એવું કહેવાય છે કે કાશીનાં મંદિરો તોડવા માટે ઈલાહાબાદના સૂબેદાર હૈદરબેગે પોતાના કાકાને કાશી મોકલ્યો હતો. પણ એક રાજપૂતથી આ સહન ન થયું એટલે તેણે ઓચિંતાનો હુમલો કરીને તેને મારી નાંખ્યો. અંતે ધીંગાણું જામ્યું અને રાજપૂત મરાયો. તેની લાશને ઘણા દિવસો સુધી ઝાડ ઉપર લટકાવી રાખવામાં આવી. દુર્ભાગ્ય જુઓ કે આ રાજપૂતને સાથ આપવા માટે કોઈ હિન્દુઓ બહાર નીકળ્યા ન હતા, કારણ કે હિન્દુઓ પાસે ટોળાં તો છે, જે કુંભમેળામાં કરોડોની સંખ્યામાં ભેગાં થાય છે પણ તેમાં એકતા નથી, ધર્મઝનૂન નથી. આ કાશીમાં દારાસિકોહ પણ આવેલો. કારણ કે તે સંસ્કૃતનો પણ વિદ્વાન હતો અને સંસ્કૃત પંડિતો સાથે પ્રેમ કરતો હતો.

દિલ્હીની ગાદીએ ઔરંગઝેબ બાદશાહ બનીને બેઠો અને તેણે ઘોર અત્યાચારો કરવાના શરૂ કરી દીધા. તેના સમયમાં કાશીનાં બધાં મંદિરો પાડી દેવામાં આવ્યાં. હાલ જે જ્ઞાનવાપીની મસ્જિદ છે તે જૂના કાશીવિશ્વનાથ મંદિરને તોડીને તેના ઉપર બનાવેલી છે. આજે પણ એક મોટો પોઠિયો મસ્જિદ તરફ મોઢું રાખીને બેઠેલો છે. તે બતાવે છે કે પ્રાચીનકાળમાં અહીં કોઈ ભવ્ય મંદિર હતું. કાશીવિશ્વનાથ મંદિરને તોડીને ઔરંગઝેબને સંતોષ ન થયો, તેણે બિંદુમાધવમંદિર પણ તોડ્યું અને ત્યાં મસ્જિદ બનાવી દીધી. ૧૪૭ ફૂટ ઊંચા બે મિનારા પણ બનાવ્યા. ઔરંગઝેબ ઇચ્છતો હતો કે ગેરમુસ્લિમ અર્થાત્ મુખ્યતઃ હિન્દુમંદિરો નષ્ટ કરીને હિન્દુઓને ઇસ્લામ ધર્મમાં દાખલ કરવા જોઈએ. ઔરંગઝેબના ત્રાસથી કાશીની દશા ઘણી બગડી ગઈ. અકબરના સમયમાં કાશીનું ક્ષેત્રફળ ૩૬,૮૬૯ વીઘાં હતું અને આવક ૨,૨૧,૭૩૨ રૂપિયા હતી. તે ઔરંઝેબના સમયમાં ૪,૫૩,૩૫૪ વીઘાં થઈ ગયું પણ આવક ઘટીને ૧,૩૫,૭૫૦ રૂપિયા થઈ ગઈ. કારણ કે તલવારના જોરે ભૂમિનું ક્ષેત્રફળ તો વધાર્યું. પણ વસ્તી કાશી છોડી છોડીને ભાગવા લાગી. વેપાર-ધંધા ઓછા થઈ ગયા એટલે આવક ઓછી થઈ ગઈ.

આમ જુઓ તો વર્તમાન કાશીના નિર્માતા મનસારામ મનાય છે. આ મનસારામ કાશીના હકેમ રૂસ્તમઅલીની નોકરી કરતા હતા. અને તેમણે કાશીનું નિર્માણ કરવા માંડ્યું હતું. મનસારામ પછી બળવંતસિંહ આવ્યા. આ જ બળવંતસિંહે રામનગરનો કિલ્લો બનાવ્યો હતો.

અને રામનગરના રાજા તરીકે રહેવા લાગ્યા હતા. કાશીની સામે ગંગાજીના કિનારે રામનગર વસેલું છે. જે ગંગાજીમાંથી જોઈ શકાય છે. બળવંતસિંહને પુત્ર ન હતો પણ એક કન્યા હતી. પણ બળવંતસિંહની ઉપપત્નીથી બે પુત્રો હતા : એક ચેતસિંહ અને બીજા સુજાનસિંહ. આ પુત્રો વૈધ ન હોવાથી રામનગરની ગાદી ઉપર તેમનો હક માન્ય થતો ન હતો. પણ ચેતસિંહે બળવો કરીને ગાદી કબજે કરી લીધી. એટલું જ નહીં, અવધના નવાબ સાથે મૈત્રી કરીને માન્યતા પણ પ્રાપ્ત કરી લીધી. ચેતસિંહ, બળવંતસિંહ રાજાની રખાતનો પુત્ર હોવાથી રાજપૂતોએ તેમને સમાજની માન્યતા આપી ન હતી. તેથી ચેતસિંહ સમૂહભોજનમાં ભાગ લઈ શકતા નહીં. પણ અંતે ઘણી માથાકૂટ પછી ચેતસિંહના ઘરે જાતિભાઈઓ તૈયાર થયા. પણ આ ડંખ ચેતસિંહથી ભુલાયો નહીં. તુલસીદાસજીએ લખ્યું છે કે, 'સબસે બડા જાતિ અપમાના.' આ સમયે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વાઇસરૉય વોરન હેસ્ટિંગ્ઝ હતા. અને કંપની ડચ, મરાઠા, ફ્રેન્ચ, હૈદરઅલી વગેરેની સાથે જુદાં-જુદાં યુદ્ધોમાં રોકાયેલી હતી. તેથી તેને પૈસાની ઘણી તંગી પડી હતી. હેસ્ટિંગ્ઝને ખબર પડી કે ચેતસિંહના ખજાનામાં બે કરોડ રૂપિયા નગદ પડ્યા છે એટલે તેણે ચેતસિંહ પાસેથી બને એટલા રૂપિયા પડાવીને પોતાના સૈનિકોનો પગાર ચૂકવવાનો મનસૂબો કર્યો. હેસ્ટિંગ્ઝ નાવ દ્વારા પ્રવાસ કરતોકરતો કાશી આવી ગયો અને માધોદાસ સામિયાના બગીચામાં ઊતર્યો. તેણે ચેતસિંહ ઉપર જુદા-જુદા આરોપો લગાવીને દબાણ લાવવાનો પ્રયત્ન કર્યો પણ સફળ ન થયો. અંતે તેણે એક દિવસ પોતાના દેશી સૈનિકો દ્વારા માર્કહમ્મ અને મેજર પોપહમ્મને ગિરફતાર કરવા ચેતસિંહને મોકલ્યા. માર્કહમ્મ અને મેજર પોપહમ્મ સૈનિકોની બે કંપની લઈને પહોંચી ગયા અને શિવાલાઘાટ ઉપર ચેતસિંહના સૈનિકો સાથે યુદ્ધ થઈ ગયું. ચેતસિંહના સૈનિકોએ હેસ્ટિંગ્ઝના બધા સૈનિકોને મારી નાખ્યા. જેમાં ૮૨ સિપાહી મૃત્યુ પામ્યા અને ૯૩ ઘાયલ થયા. લોકોએ ચેતસિંહને સલાહ આપી કે હવે તરત જ હેસ્ટિંગ્ઝ ઉપર હુમલો કરી દેવો જોઈએ. માધોદાસ બાગમાં અત્યારે તે સૈનિકો વિનાનો પડ્યો છે. પણ ચેતસિંહે સલાહ માની નહીં. જો સલાહ માની હોત તો ઇતિહાસ જુદો હોત. કારણ કે માધોદાસ બાગમાં હેસ્ટિંગ્ઝ સૈનિકો વિનાનો હતો એટલે ચેતસિંહ કાં તો તેને મારી નાખત અથવા પકડી લેત અને કંપનીની સત્તા ડગમગી જાત. પણ એવું ના થયું. ચેતસિંહ પોતાની પાઘડીની રસ્સી બનાવીને ગંગાજીમાં ઊતરી પડ્યા. સાથે તેમના માણસો પણ ઊતર્યા અને નાવોમાં બેસીને ગંગા પાર કરી રામનગર પહોંચી ગયા. ચેતસિંહના જતા રહેવાથી કાશીમાં લોકોએ બળવો કરી દીધો. હેસ્ટિંગ્ઝે રામનગર ઉપર હુમલો કરી દીધો. આ લડાઈમાં પણ હેસ્ટિંગ્ઝના ૧૦૭ સિપાહી માર્યા ગયા અને ૭૨ ઘાયલ થયા. એટલે હવે બધાએ ભાગીને ચુનારના કિલ્લામાં શરણ લીધું. બીજી તરફ કાશીમાં અરાજકતા ફેલાઈ ગઈ. હેસ્ટિંગ્ઝ પણ ચુનાર પહોંચી ગયો. આ વખતે હેસ્ટિંગ્ઝ અને તેની સેના એટલાં બધાં ગભરાઈ ગયાં હતાં કે એક કહેવત પડી ગઈ કે,

'ઘોડે પર હોદા, હાથી પર જિન ।
જલ્દીસે ભાગા, વોરન હેસ્ટિંગ્ઝ ॥'

આ રીતે ચેતસિંહે કંપની સરકાર સાથે પહેલું યુદ્ધ કર્યું કહેવાય. હેસ્ટિંગ્ઝે ચેતસિંહની જગ્યાએ રાજા બળવંતસિંહના દોહિત્ર મહીપનારાયણને ગાદીએ બેસાડ્યો. રાજા ચેતસિંહ રામનગરથી વિજયઘાટ પહોંચી ગયો અને ત્યાંથી મરાઠા સરદાર મહાદજી સિંધિયાની મદદ માંગીને કાશી ઉપર હુમલો કરવાની તૈયારી કરી. મહાદજી તૈયાર ના થયા. એટલે કાશી અંગ્રેજોના હાથમાં ચાલ્યું ગયું અને માંડ-માંડ જેમ-તેમ કરીને કાશીનો બળવો શાંત કર્યો.

કાશી સંબંધી થોડીક ઘટનાઓ લખવી રોચક લાગે છે. સદાશિવરાવે પેશ્વા તરફથી મોટા-મોટા ઘાટ બનાવ્યા અને બ્રાહ્મણોને જમવા માટે મોટા-મોટા હૉલ પણ બનાવ્યા. બાજીરાવ પ્રથમ કાશીને મહારાષ્ટ્રને આધીન કરવા માંગતા હતા. તેના પછી બાલાજી બાજીરાવે ઈ. સ.

૧૭૪૨માં પોતાની સેના સાથે મિર્ઝાપુરમાં પડાવ નાખ્યો અને કાશી ઉપર હુમલો કરવાની તૈયારી કરવા લાગ્યા. આ વખતે કાશી ઉપર અવધના નવાબ સફદરજંગની સત્તા હતી. તેણે કાશીમાં રહેતા બધા મહારાષ્ટ્રીયન બ્રાહ્મણોને ભેગા કરીને ધમકી આપી કે જો મરાઠા સેના કાશી ઉપર હુમલો કરશે તો તમને બધાંને કાં તો મારી નાખીશ કાં પછી મુસલમાન બનાવી દઈશ. નવાબની ધમકીથી ડરીને બ્રાહ્મણો બાલાજી પાસે ગયા અને હુમલો ન કરવાનું સમજાવ્યું. આ બીજી ઐતિહાસિક ભૂલ હતી. જો બાલાજી બાજીરાવે હુમલો કર્યો હોત તો બહુ સરળતાથી કાશીને જીતી લીધું હોત. કારણ કે મરાઠા સેના બહુ બળવાન હતી. સામે નવાબની સેના દુર્બળ હતી.

કાશી અંગ્રેજોના હાથમાં આવ્યું એટલે તેમણે મિ. ડંકનને ત્યાંનો વહીવટદાર બનાવ્યો. ડંકને મરાઠાઓ સાથે મળી પ્રયત્ન કર્યો કે જ્ઞાનવાપી મસ્જિદની જગ્યાએ ફરીથી કાશીવિશ્વનાથનું મંદિર સ્થાપિત કરવામાં આવે, પણ આ પ્રયત્ન સફળ થયો નહીં.

ઈ. સ. ૧૮૦૯માં કાશીમાં ભયંકર હુલ્લડ થયું. તેનું મૂળ કારણ બે મુસ્લિમો હતા. મુસ્લિમોમાં સૌથી નીચેની જાતિવાળા દોસ્ત મહંમદ અને ફતેમહંમદ નામના બે ભાઈઓએ જ્ઞાનવાપી પાસે ૪૦ ફૂટ ઊંચી એક ભૈરવ લાટ હતી તેને તોડી નાખી. આ લાટ વિશે હિન્દુઓની બહુ પવિત્ર ભાવના હતી. માત્ર વાત આટલેથી જ ના અટકી, પણ વિશ્વનાથ મંદિરને અપવિત્ર કરવાની પણ કોશિશ કરવામાં આવી. એટલે જોતજોતામાં હિન્દુપ્રજા ભેગી થઈ ગઈ અને ગાયઘાટ ઉપર હિન્દુ-મુસલમાનમાં ભારે લડાઈ થઈ. જેમાં મુસ્લિમોના એંશી માણસો માર્યા ગયા અને મુસ્લિમ ટોળાંને ભાગવું પડ્યું. આ વખતે અંગ્રેજ અધિકારી બર્ડે જેમતેમ કરીને હુલ્લડને શાંત કરાવ્યું હતું, પણ ભાગેલા મુસ્લિમોએ ફરી પાછું હુલ્લડ શરૂ કર્યું. ટોળું ભેગું કર્યું અને એક ગાયને વિશ્વનાથ મંદિરમાં લઈ જઈને કાપી નાંખી. આ સમાચાર સાંભળતાં જ હિન્દુઓ ભડકી ઊઠ્યા અને કાશીના નાગાબાવા, સાધુસંન્યાસી વગેરેનું નેતૃત્વ કરીને બદલો લેવા માટે ઊમટી પડ્યા. પણ બર્ડે મંદિર અને મસ્જિદ બંને જગ્યાએ સખત કાર્યવાહી કરીને બળવાને શાંત કર્યો હતો. પેલી તોડેલી લાટ પાસે હજારો હિન્દુઓ ફરી પાછા ભેગા થયા અને તેમણે મસ્જિદને બાળી નાખી અને જે કોઈ મુસલમાન સામે આવ્યો તેને મારી નાખ્યો. આખું કાશી ભડકે બળી રહ્યું હતું. જે બે મુસ્લિમોએ લાટ તોડી નાખી હતી તે મહોલ્લાને પણ આગ ચાંપવામાં આવી હતી. ગંગાજીમાં ગાયનું રક્ત પડ્યું છે, એટલે તે અપવિત્ર થઈ ગઈ છે એમ માનીને બ્રાહ્મણો ઘાટ ઉપર અનશન ઉપર બેસી ગયા. પણ કુશળ અંગ્રજ અધિકારીઓએ તેમની પાસે જઈને ક્ષમા માંગીને તેમનું અનશન છોડાવ્યું અને સમાધાન કરાવી દીધું.

આ પછી ૧૮૫૨માં ફરી પાછો બળવો થયો. જેમાં નાગરોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી. બળવો ચાર દિવસ ચાલ્યો પણ પછી અંગ્રેજોએ શાંત કરાવી દીધો.

ઈ. સ. ૧૮૫૦માં સૈનિકો માટેના દારૂગોળાનો વિસ્ફોટ નાવોમાં થયો અને ભયંકર નુકસાન થયું. આ વખતે કાશીનગરની કુલ આબાદી ૧,૮૦,૦૦૦ હતી. જેમાં ૩૦,૦૦૦ જેટલા મુસ્લિમો હતા.

પહેલાં લખાઈ ચૂક્યું છે કે ઈ. સ. ૧૬૬૯માં ઔરંગઝેબના હુકમથી કાશીવિશ્વનાથ મંદિર તોડવામાં આવ્યું હતું. તે પછી લગભગ સવાસો વર્ષ સુધી મંદિર વિનાનું કાશી રહ્યું. લોકો ખાલી પડેલી જગ્યામાં પૂજા કરતા રહ્યા. સવાસો વર્ષ પછી મહારાણી અહલ્યાબાઈ હોલકરે કાશીવિશ્વનાથનું વર્તમાન મંદિર બાંધ્યું હતું. જેના ઉપર પંજાબના મહારાજા રણજિતસિંહે સોનાનાં પતરાં ચઢાવ્યાં હતાં. ત્યારથી આ મંદિર કાશીવિશ્વનાથજીનું મુખ્ય મંદિર ગણાય છે. અહીં શિવલિંગની પૂજા થાય છે. જેની બાજુમાં જ આજે જ્ઞાનવાપી મસ્જિદ છાતીમાં ખીલાની માફક ઊભી છે. આટલા વિસ્તારથી લખાણ પાછળનો હેતુ એ છે કે અમે જે કાશીવિશ્વનાથનાં

દર્શન કરવા આવ્યા છીએ તેની પૃષ્ઠભૂમિ લોકો સમજી શકે.

અમે બધા સવારના પહોરમાં વહેલા ચા-નાસ્તો કર્યા વિના નીકળી પડ્યા. કારણ કે જેમ-જેમ મોડું થાય તેમતેમ ભક્તોની ભીડ વધતી જાય. તો દર્શન કરવાં કઠિન થઈ જાય. જોકે અમારી સાથે જિતેન્દ્ર પટેલ એટલે કે તિરુપતિ છે. એમને ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ મળ્યાં હતાં. આનંદીબહેન પટેલ મારાં પણ ઓળખીતાં હોવાથી તેમણે તિરુપતિને કહેલું કે ૯૦ વર્ષના વૃદ્ધ સ્વામીજી માટે હું કાશીવિશ્વનાથ અને અયોધ્યામાં દર્શન કરાવવા માટે વિશેષ વ્યવસ્થા કરી આપું. પણ તિરુપતિને મેં સખત મનાઈ કરી હતી કે આપણે વી.આઇ.પી. થઈને દર્શન કરવા જવું નથી.સૌની સાથે સામાન્ય દર્શનાર્થી થઈને જ જવું છે. માટે કોઈની જરાય ભલામણનો ઉપયોગ કરવાનો નથી. મારી વાત તિરુપતિને પણ ગમેલી એટલે અમે બધાં કોઇ પણ પ્રકારની વિશેષ અગવડ વિના કાશીવિશ્વનાથ મંદિરની નજીકમાં પહોંચી ગયા. આગળ વાહન જતું ન હોવાથી મારી કાર તથા રિક્ષાઓ છોડી દેવાં પડ્યાં. હું વ્હીલચેરમાં આગળ વધ્યો અને બાકીનાં બધાં પગપાળા આગળ વધ્યાં.

અત્યારે અહીં બુલડોઝરો તથા ટેક્ટરો આવ-જા કરી રહ્યાં છે. ચારે તરફનાં મકાનો તોડી તોડીને સ્થાનને મોટું કરવામાં આવી રહ્યું છે. સરકારે મનભરીને વળતર આપીને મકાનો લીધાં છે અને લોકોએ હોંશેહોંશે આગળ આવીને પોતપોતાનાં મકાનો કાશીવિશ્વનાથ મંદિરના વિકાસ માટે આપી દીધાં છે. આ બધું કામ બહુ જોરશોરથી ચાલી રહ્યું છે. પણ જ્ઞાનવાપીનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે જ્યારે નિવેડો આવે ત્યારે ખરો. અંદરખાને મુસ્લિમોમાં એક કટ્ટરવાદી ભાગ છે તે કોઈ પણ હિસાબે માનતો નથી. આ માનસિકતા આખા ભારતમાં સેંકડો મસ્જિદોમાં જોવા મળશે. જ્યારે મુસ્લિમકાળ હતો ત્યારે અનેક મંદિરો તોડીતોડીને એ જ જગ્યાએ, એ જ પથ્થરોથી મસ્જિદો બાંધવામાં આવી હતી. જે હજી પણ ઊભી છે. આવી માનસિકતા અંગ્રજોના શાસનકાળમાં ન હતી. અંગ્રજોએ કોઈ મંદિર તોડીને ચર્ચ બનાવ્યું હોય તેવું સાંભળ્યું નથી. તેના પહેલાંના ઇતિહાસમાં પણ આવી ઘટનાઓ ઘટી નથી. રાજા બદલાય પણ ધર્મ કે પ્રજા ના બદલાય. ધર્મ અને પ્રજા તો એનાં એ જ રહે. એવી પરિપાટી હતી. પણ મુસ્લિમકાળમાં આ પરિપાટી રહી નહીં. રાજા બદલાતાં જ ધર્મ બદલાવા માંડ્યો. ધર્મસ્થાનો તોડીતોડીને મસ્જિદો થવા માંડી. એટલે હિન્દુપ્રજા મુસ્લિમકાળને કાળો કાળ માને છે.

અંતે અનેક ચોકીઓ વટાવીને બધા દર્શનાર્થીઓની લાઇનમાં પહોંચી ગયા. વ્હીલચેરમાં જોઈને સૈનિકોએ મારા માટે આપોઆપ વિશેષ વ્યવસ્થા કરી અને બધી લાઇનથી આગળ લઈ જઈને શ્રી કાશીવિશ્વનાથજીનાં દર્શન કરાવ્યાં. હું ધન્યધન્ય થઈ ગયો. જ્યારે હું કાશીમાં પહેલાં રહેતો હતો ત્યારે કોઈ ભીડ ના રહેતી. મંદિર ખાલીખમ રહેતું. મનફાવે તેટલો સમય મનભરીને કાશીવિશ્વનાથજીનાં દર્શન કરી શકાતાં. પણ હવે તો અહીં પગ મૂકવાની જગ્યા નથી. દર્શન કર્યાં, ન કર્યાં કે તરત જ બહાર નીકળી જવું પડ્યું, કારણ કે, પાછળ લાંબી લાઇન હતી. અમે ફરી પાછા જ્યાં કાર પાર્ક કરી હતી ત્યાં આવી ગયા અને અમારા સંઘની રાહ જોવા માંડ્યા. ધીરેધીરે સંઘના બધા માણસો આવવા લાગ્યા. અમે નક્કી કર્યું કે બધાં આવી જાય પછી સૌને સાથે લઈને હોટલ પર જઈએ. બધાં આવી ગયાં પણ ઉમેશ, તેની પત્ની, સમર્પણાદેવી અને માનબાઈ આ ચાર માણસો ના આવ્યાં ઘણી રાહ જોઈ પણ ના આવ્યાં. છેવટે તેમને શોધવા માટે માણસો મોકલ્યા અને ઘણા પ્રયત્નો પછી તેમને શોધીને લાવવામાં આવ્યાં. બન્યું એવું હતું કે ઉમેશ હોય એટલે કંઇ ને કંઈ પરાક્રમ તો કરે જ. આ ત્રણેયને લઈને તે બીજાં મંદિરોમાં દર્શન કરવા ચાલ્યો ગયેલો. એટલે આવું થયું હતું. મને ભારે ગુસ્સો આવ્યો અને મેં બધાંને ખૂબ ખખડાવી નાખ્યાં. પણ તે દિવસ પછી બધાં પૂરેપૂરાં અનુશાસનમાં આવી ગયાં અને કોઈને કશી તકલીફ ન રહી. એટલે કોઈ-કોઈ વાર ગુસ્સો પણ જરૂરી છે.

અમે બધાં જવાની તૈયારી કરતાં હતાં ત્યાં સમાચાર મળ્યા કે હજી સૂઈગામવાળા હરજીભાઈ આવ્યા નથી. વળી પાછી ચિંતા થઈ. અધૂરામાં પૂરું બધાના મોબાઈલ અહીં ગાડીમાં પડ્યા હતા અને હરજીભાઈ પાસે હોટલનું સરનામું પણ ન હતું. તે લગભગ અભણ જેવા કહેવાય. એટલે જો ખોવાઈ જાય તો પોલીસને પણ તે કશી માહિતી આપી શકે નહીં. ફરી પાછા માણસો મોકલ્યા અને ચારેતરફ શોધખોળ કરવા માંડી. એક કલાક પછી હરજીભાઈ એક સાધુ સાથે બેસીને વાતો કરતા દેખાયા. પૂછ્યું તો કહે કે સત્સંગ કરું છું. અરે! ભલા માણસ આ સત્સંગ કરવાનો સમય છે? આખો સંઘ દોઢ કલાકથી તમારી રાહ જોઈ તરફડે છે. બન્યું એવું કે દર્શન કરી હરજીભાઈ કોઈ બીજી ગલીમાં ચડી ગયા અને આગળ વધતાં વધતાં ભૂલા પડી ગયા. સારું થયું કે મળી ગયા. જો ન મળ્યા હોત તો કેટલી મુસીબત થાત, તેની ચિંતા સમજી શકાય એવી છે. અમારું ૪૬ માણસોનું ટોળું છે. આ ટોળાને સાચવીને હેમખેમ ઘરે પહોંચાડવું એ કેટલી અઘરી બાબત કહેવાય તે સમજી શકાય એવું છે. અંતે અમે બધા અમારા ઉતારે પહોંચ્યા અને ચા-નાસ્તો કરીને વિરામ કર્યો.

તા. ૪-૧૦-૨૦૨૧

*

બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયની મુલાકાત

આજે અમારે કાશીની ટૂર કરવાની છે. ગઈ કાલે વિશ્વનાથજીનાં દર્શન કર્યાં. હવે આજે દુર્ગામંદિર, તુલસીમાનસમંદિર અને સારનાથનાં દર્શન કરવાનાં છે. સવારથી જ વરસાદ શરૂ થઈ ગયો છે. આપણે એવું માનીએ છીએ કે માત્ર પુરુષાર્થથી જ બધાં કાર્યોની સિદ્ધિ થતી હોય છે. પુરુષાર્થની સાથે જો દૈવ અનુકૂળ હોય તો જ પુરુષાર્થને સફળતા મળી શકે. પુરુષાર્થ કરવા તો અમે બધા તૈયાર છીએ, પણ કુદરતે વરસાદ મોકલી દીધો. એટલે આખી યાત્રાની મજા સીમિત થઈ ગઈ અને બગડી ગઈ એમ કહીએ તોપણ ચાલે. તોપણ અમે નીકળી પડ્યા. અહીં કાશીમાં દુર્ગાકુંડ છે અને દુર્ગામંદિર પણ છે. આજુબાજુ બંગાળી લોકોનો સમૂહ વસે છે. ભારતમાં પ્રદેશ પ્રમાણે ઇષ્ટદેવો પણ વહેંચાયેલા છે. જેમ કે બંગાળમાં મોટા ભાગે દુર્ગાપૂજા થતી હોય છે અને હરેકૃષ્ણની ધૂન થતી હોય છે. પૂર્વોત્તર ભારતમાં શાક્ત ધર્મનો પ્રચાર વધુ થયો તેમાં શક્તિરૂપે દુર્ગાજીને સર્વોચ્ચ સ્થાન મળ્યું. પછીથી ચૈતન્ય મહાપ્રભુએ કૃષ્ણભક્તિનો પ્રચાર કર્યો અને બંગાળીઓ કૃષ્ણભક્તિ તરફ વળ્યા. એ બંગાળીઓ રાજકીય ઊથલપાથલના કારણે કાશીમાં આવીને વસ્યા એટલે અહીં તેમણે દુર્ગામંદિર અને દુર્ગાકુંડનું આયોજન કર્યું. અહીં પુષ્કળ માંકડા કૂદાકૂદ કરતાં હોય છે અને યાત્રાળુઓને હેરાનપરેશાન કરતાં હોય છે. માંકડાંના ત્રાસથી ગાડીઓના કાચ પણ બંધ રાખવા પડતા હોય છે. જો તમારી પાસે કંઈપણ ખાવાનું હોય તો માંકડાં ઝપટ મારીને લઈ જાય છે અને તમે જોતા જ રહી જાવ છો.

દુર્ગામંદિરની પાસે જ તુલસીમાનસ મંદિર આવેલું છે. એક મારવાડી શેઠ જેમની અટક સુરેકા હતી તેમણે અઢળક પૈસો ખર્ચીને આ ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું છે. આખા મંદિરને આરસપહાણથી જડી દેવામાં આવ્યું છે અને રામચરિતમાનસની ચોપાઈઓ તથા દોહા વગેરેને શિલાઓમાં કોતરીકોતરીને જડી દેવામાં આવ્યાં છે. અંદર શ્રીરામ, લક્ષ્મણ, સીતાજી અને હનુમાનજીની ભવ્ય પ્રતિમાઓ સ્થાપિત છે. જે લોકો કાશી આવે છે તે અહીં જરૂર દર્શન કરવા આવતાં હોય છે. ભારતમાં ધનાઢ્ય શ્રીમંતોના ત્રણ પ્રકાર છે. (૧) જે કશું વાપરતા નથી, અને ધનનો ઢગલો મૂકીને મરી જતા હોય છે. (૨) જે ધન વાપરે છે પણ માત્ર ધાર્મિક ક્ષેત્રમાં યજ્ઞો, સપ્તાહો, સંઘો વગેરેની પાછળ અઢળક પૈસો ખર્ચતા હોય છે. આવા દાનવીરોનો પૈસો વપરાતો તો હોય છે પણ ઊગતો નથી હોતો. કારણ કે આ બધું થોડા સમય પછી સમાપ્ત થઈ જતું હોય છે. પણ ધાર્મિક ક્ષેત્રમાં જે લોકોએ મંદિરો, ધર્મશાળા કે ઘાટો વગેરે ઉપયોગી કાર્યોમાં ધન લગાવ્યું તેમનું ધન વર્ષો સુધી ધનાઢ્ય વ્યક્તિની કીર્તિની ધજા ફરકાવતું રહે છે. જેમ કે વસ્તુપાળ-તેજપાળનાં દેરાં, બિરલા શેઠનાં મંદિરો અને ધર્મશાળાઓ. આવી જ રીતે મણિરામ બાંગડ અને આ સુરેકા શેઠે પણ પોતાના ધનનો એક ભાગ મંદિરો તરફ વાળ્યો અને અમર થઈ ગયા. જ્યાં સુધી આ ભવ્ય બાંધકામો રહેશે ત્યાં સુધી તેમની કીર્તિનો જયજયકાર થતો રહેશે. (૩) ત્રીજો પ્રકાર ટાટા જેવા ધનાઢ્યોનો છે. જેમણે મંદિરો તો નથી બાંધ્યાં પણ હૉસ્પિટલો અને શિક્ષણસંસ્થાઓ વગેરે બાંધ્યાં છે. જેના કારણે તે લોકોપયોગી થઈ ગયાં છે. આ પ્રકારના દાનને વાવ્યું કહેવાય અને ઊગ્યું પણ કહેવાય. જેને દાન વાવતાં નથી આવડતું તે વાવીને પણ ઉગાડી શકતો નથી. એટલે લગભગ વ્યર્થ જાય છે. બધાંએ માનસમંદિરનાં દર્શન કર્યાં અને હવે અમે થોડી લાંબી યાત્રા કરીને બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય પહોંચી ગયા. વરસાદ ચાલુ છે એટલે ગાડીઓમાં બેઠાબેઠા જ અવલોકન કરવાનું છે.

આ વિશ્વવિદ્યાલય પં. મદનમોહન માલવિયાજીએ નિર્મિત કર્યું હતું. આના પહેલાં અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલયની સ્થાપના સર સૈયદ એહમદે કરી દીધી હતી. સર સૈયદ એહમદ સુધારક હતા. તે ઇચ્છતા હતા કે મુસ્લિમો માત્ર અરબી-ફારસીનું ભણતર વટાવીને

અંગ્રેજીનું ભણતર પણ ભણે તો તે આધુનિક બને. મુસ્લિમો વિશ્વની જુનવાણી પદ્ધતિથી જીવન જીવતી પ્રજા કહેવાય. આજે પણ તેમની સ્ત્રીઓ બુરખા પહેરીને અવર-જવર કરતી દેખાય હોય છે. જુનવાણીપણું કેટલીક બાબતોમાં બહુ સારું કહેવાય. પણ આધુનિકતાની સદંતર ઉપેક્ષા કરનારો વર્ગ સમાજની ગતિશીલતામાં ગતિ કરી શકતો નથી. તેથી તે પછાત બની જતો હોય છે. પછાતપણું દરિદ્રતા, અજ્ઞાન અને શોષણને સાથે લાવતું હોય છે. તેથી સર સૈયદ એહમદનો પ્રયત્ન હતો કે માત્ર જુનવાણી જીવન જીવતા મુસ્લિમોને આધુનિક બનાવવા. મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપનાથી પ્રેરણા લઈને તે સમયના મૂર્ધન્ય રાજનેતા પં. મદનમોહન માલવિયાજીએ હિન્દુ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કર્યો અને તે માટે તેમણે કાશીને પસંદ કર્યું. કારણ કે કાશી પ્રાચીનકાળથી વિદ્યાની નગરી હતી. પણ મોટો પ્રશ્ન જમીનનો હતો. વિશ્વ વિદ્યાલય માટે સેંકડો એકર જમીન જોઈએ. તે લાવવી ક્યાંથી? આ પ્રશ્નના ઉકેલ માટે પંડિતજી કાશીના મહારાજા પાસે રામનગર પહોંચી ગયા અને કહ્યું કે મને જમીન આપો.

કાશીના મહારાજા બહુ ઉદાર હતા. તેમણે કહ્યું કે ‘પંડિતજી, સવારથી સાંજ સુધી તમે પગે ચાલીને જેટલી જમીન કવર કરી શકો એટલી જમીન તમારી. જાઓ, તમને છૂટ છે.’ અને કહેવાય છે કે પંડિતજીએ કછોટો વાળીને સવારથી દોડવા માંડ્યું. દોડતાં દોડતાં તેમણે અઢાર ગામોની જમીનને કવર કરી લીધી. મહારાજાએ પણ ઉદારતાથી અઢાર ગામોની જમીન એક્વાયર કરીને પંડિતજીને આપી દીધી. એટલે બનારસ હિન્દુ યુનિવર્સિટી કદાચ ભારતમાં સૌથી વધુ વિશાળ ભૂમિમાં ફેલાયેલી છે. હવે પ્રશ્ન જે-તે વિભાગની કૉલેજોની સ્થાપનાનો હતો. આ કામ પણ પંડિતજીએ જુદા-જુદા મહારાજાઓ અને ધનાઢ્ય શ્રીમંતો પાસેથી કરાવી લીધું. અહીંની તે સમયની પ્રત્યેક કૉલેજની આગળ શિખરબદ્ધ મંદિરના જેવું ઊંચું શિખર જોવા મળે છે. જે પંડિતજીની ધાર્મિકતાનું પ્રતીક કહી શકાય. આ રીતે આ ભવ્ય યુનિવર્સિટીનું નિર્માણ થયું. અત્યારે અહીં વીસ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. જોકે વચગાળામાં ઉત્તરપ્રદેશની સરકારોમાં અંધકારયુગ આવ્યો અને આ વિશ્વ-વિદ્યાલય ગુંડાઓનું મથક બની ગયું હતું. જેથી મોટી અરાજકતા વ્યાપી ગઈ હતી. પણ હવે શ્રી આદિત્યનાથ યોગીજીનું શાસન ચાલે છે અને ભાજપ પક્ષ સંચાલન કરે છે એટલે તેમણે ગુંડાગિર્દીને સમાપ્ત કરીને સુશાસનની સ્થાપના કરી દીધી છે તેથી હવે બધું વ્યવસ્થિત થઈ ગયું છે. વરસાદ ચાલુ હોવાથી વાહનોમાં બેઠાબેઠા જ યુનિવર્સિટીનું વિશાળ ચક્કર લગાવ્યું. અહીં પણ કાશી વિશ્વનાથજીનું ભવ્ય મંદિર શેઠ બિરલાજીના સહયોગથી અડીખમ ઊભું છે. માલવિયાજીની ભવ્ય પ્રતિમાનાં દર્શન કરીને અમે બધાં વિદાય થયાં. વરસાદના કારણે પાછા હોટલમાં આવીને વિશ્રામ કરવા લાગ્યાં. હવે બધાંને સમજાયું કે જો નૌકાવિહાર કરીને બધા ઘાટોનાં દર્શન ન કર્યાં હોત તો શી દશા થાત? તમારા પુરુષાર્થમાં કુદરત પણ અનુકૂળ બને તો જ પુરુષાર્થ સફળ થઈ શકે.

તા.૫-૧૦-૨૦૨૧

*

બોધગયા થઈને મિરજાપુર

આજે તા ૨૫-૯-૨૦૨૧ છે. સવારે ચા-નાસ્તો કરીને બધાં અહીંથી ૨૦-૨૨ કિમી દૂર સારનાથ જવા વિદાય થયાં. સારનાથ વિશ્વનું બૌદ્ધતીર્થ છે. બૌદ્ધોનાં પાંચ મોટાં તીર્થોમાં તેનું સ્થાન છે. આજુબાજુનાં ગામો અને ખેતરો તથા સંસ્થાઓનાં મકાનોને જોતાં-જોતાં અમે સારનાથ જઈ રહ્યાં છીએ. સારનાથ જેવું ભવ્યતીર્થ હોવા છતાં નજીકનાં ગામોમાં બૌદ્ધ ધર્મનો કોઈ પ્રભાવ દેખાતો નથી. બધા લોકો મોટા ભાગે હિન્દુ ધર્મનું જ પાલન કરતા હોય છે. આમ થવાનાં બે કારણો છે. એક તો બૌદ્ધ ધર્મ ઇસ્લામની માફક આક્રમક નથી. તેથી તેમના ભિક્ષુઓ ગામેગામ ફરીને લોકોને બૌદ્ધ થવા લલચાવતા કે આક્રમક થઈને દબાવતા જોવા મળતા નથી. વર્ષો પહેલાં ડૉક્ટર ભીમરાવ આંબેડકરે નાગપુરમાં બૌદ્ધ ધર્મ સ્વીકાર કરેલો અને તેમની સાથે હજારો દલિતો બૌદ્ધ ધર્મમાં દીક્ષિત થઈ ગયેલા. તે પછી આ પ્રક્રિયા બહુ આગળ ચાલી નહીં. ઘણા પ્રયત્નો કરવા છતાં અત્યારે માત્ર ને માત્ર દલિતોના થોડા વર્ગ સુધી જ આ ધર્મ અટકી ગયો છે. જોકે તેમાં બામસેફ બહુ અસહિષ્ણુ અને આક્રમક વિચારો ધરાવે છે. તોપણ દલિતોનો બાકીનો વિશાળ સમૂહ હજી પણ હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજ સાથે જોડાયેલો રહ્યો છે.

અમે સારનાથ પહોંચી ગયા છીએ. અઢી હજાર વર્ષ ઉપર ભગવાન બુદ્ધ બોધગયામાંથી નવું જ્ઞાન પ્રાપ્ત કરીને સૌથી પહેલાં અહીં જ આવ્યા હતા. અહીં સારંગનાથ મહાદેવનું એક મંદિર છે. ખરેખર તો આ આખી ભૂમિને સારંગવન કહેવામાં આવતું હતું. સારંગ એટલે મૃગો, હરણાં. આ વનમાં પુષ્કળ મૃગો રહેતાં હતાં તેથી તેને સારંગવન ને પછી મૃગદાવ પણ કહેવાનું શરૂ થયું હતું. બુદ્ધે અહીં આવીને સૌથી પહેલો ઉપદેશ પોતાના પ્રત્યે ઘૃણા કરનારા પાંચ તપસ્વીઓને આપ્યો હતો. આ પાંચ તપસ્વીઓ પણ બોધગયામાં દેહદમન કરનારું કઠોર તપ કરી રહ્યા હતા. બુદ્ધે દેહદમનના કઠોરતપનો ભંગ કરી દીધો અને નગરશેઠની કન્યા સુજાતાની આપેલી ખીરથી પારણાં કર્યાં. તેથી આ તપસ્વીઓને બુદ્ધ પ્રત્યે ઘૃણા થઈ ગઈ હતી. તપોભંગ, વ્રતભંગ કે વચનભંગ કરનારા જનસમૂહની ઘૃણાના પાત્ર બની જતા હોય છે. પણ કદાચ ઓછી સમજણથી કે અધૂરી સમજણથી ખોટું તપ, ખોટું વ્રત કે ખોટું વચન પકડાઈ ગયું હોય તો તેનો ભંગ કરવો પણ જીવનવિકાસ માટે જરૂરી છે. જો ખોટી વસ્તુને પણ હઠ કરીને પકડી રાખવામાં આવે તો તે શિલા બનીને પહેલાં ભારરૂપ બને અને પછી ડુબાડી શકે છે. એટલે કેટલીકવાર ભંગ પણ જરૂરી હોય છે. બુદ્ધને સમજાયું કે દેહદમન કરાવનારા લાંબાલાંબા ઉપવાસોથી કશું મળતું નથી. માત્ર પીડા જ પીડા મળે છે. તેથી મધ્યમ માર્ગ જ ઉત્તમ છે. દેહ બહુ મહત્ત્વની વસ્તુ છે પણ તેને એટલાં લાડ ન લડાવો કે તે રોગિષ્ઠ બની જાય. તેમજ તેનું એટલું દમન પણ ન કરો કે તે દુર્બળ બની જાય. દેહને પોતાની મૂર્ખતાથી રોગિષ્ઠ બનાવવું કે દુર્બળ બનાવવું તે જીવનદ્રોહ કહેવાય. તેથી બચવું જોઈએ અને તે બચવાનો રસ્તો મધ્યમમાર્ગ છે. અર્થાત્ ગીતાના સિદ્ધાંત પ્રમાણે, 'યુક્તાહાર વિહાર' જરૂરી છે. યોગ્ય ભોગો પણ યોગોનું જ ફળ આપતા હોય છે. આ પરમ સત્ય પ્રાપ્ત કરીને તે અહીં સારનાથના મૃગદાવવનમાં આવ્યા હતા અને અહીં સારંગનાથના મંદિરમાં બેઠા હતા. તેમની પાછળ-પાછળ પેલા પાંચ તપસ્વીઓ પણ આવ્યા. તેમનું હૃદય ઘૃણાથી ભરેલું હતું. એક મુદ્દો યાદ રહે કે બહુ ઊંચું આદર્શભરેલું જીવન જીવનારા લોકો બહુ મોટી ઘૃણા પણ સાથે રાખતા હોય છે, તેમને નિર્ધારિત આદર્શોથી હલકું જીવન ગમતું નથી. તેથી તે ઘૃણા કરતા હોય છે. આ બુદ્ધ જ હતા જેમને નગરવધૂ આમ્રપાલી પ્રત્યે પણ ઘૃણા ન હતી. અને તેને અપનાવીને ભિક્ષુણી બનાવી હતી, સંઘની અધ્યક્ષા પણ બનાવી હતી. આવી ઉદારતા બધામાં જોવા મળતી નથી.

ઘૃણા કરનારા તપસ્વીઓએ અંદરોઅંદર નક્કી કર્યું કે આ તપભંગીને આપણે નમસ્કાર કરવા નથી. નમસ્કાર કરવા યોગ્ય વ્યક્તિને સમયસર નમસ્કાર જાણી કરીને ન કરવામાં આવે તો તે ઉપેક્ષા કહેવાય. ઉપેક્ષા અપમાનની નાની બહેન છે. એટલે તે પણ અપમાન જ કહેવાય. આવું વિચારીને તે બધા બુદ્ધની સમીપમાં આવ્યા પણ જેમજેમ સમીપમાં આવતા ગયા તેમ તેમ વિચારો બદલાતા ગયા અને તે બધા આવીને બુદ્ધને પગે લાગીને નમસ્કાર કરીને સામે બેસી ગયા. ત્યારે બુદ્ધે તેમને ઉપદેશ આપવાની શરૂઆત કરી. આ બુદ્ધનો પ્રથમ ઉપદેશ હતો. અને તે મધ્યમમાર્ગને ઉજાગર કરનારો તથા લોકહિતને સ્થાપિત કરનારો હતો. બુદ્ધે કહ્યું કે,

‘ચરત ભિખ્ખવે
બહુજન હિતાય
બહુજન સુખાય’

હે ભિક્ષુઓ ! વિચરણ કરો, વિચરણ કરો, વિચરણ કરો. ફરતા રહો. જેમાં ઘણા લોકોનું ભલું થતું હોય, હિત થતું હોય, તેવાં કામો કરતા રહો. આ માનવતાવાદી ઉપદેશ હતો. ભારતમાં સાધુતા એક પ્રકારથી નિષ્ક્રિયતાનું પ્રતીક બની ગઈ હતી. સાધુ, ભિક્ષુઓ વગેરે અધ્યાત્મમાર્ગમાં દીક્ષિત થયેલા લોકો એવું સમજતા હતા કે આપણે તો કશું કામ કરવાનું જ ના હોય. માત્ર નિષ્ક્રિય રહીને કાં તો ધ્યાન-ભજન કરવાનું અને લોકોની પાસેથી ભિક્ષા માંગીને જીવનનિર્વાહ કરવાનો. જોકે પાછળથી ધ્યાન-ભજન તો ઘણું સુકાઈ ગયું પણ માત્ર ભિક્ષા જ રહી ગઈ એમ કહી શકાય. એટલે વિશ્વનો સૌથી મોટો ભિક્ષુક વર્ગ ભારતમાં વસે છે અને ભિક્ષાવૃત્તિનું ગૌરવ ધરાવે છે. આવી નિષ્ક્રિયતા છોડાવવા માટે બુદ્ધે વિચરણ કરવાનો ઉપદેશ આપ્યો. (૧) મહાયાન (૨) હીનયાન અને (૩) થેરોવાદ.

આમાં મહાયાન સિવાયના ભિક્ષુઓ જ્ઞાનને પ્રધાનતા આપતા હોવાથી મોટા ભાગે ગુફાજીવન જીવતા હોય છે. જ્યારે મહાયાની તપને અને જપને પ્રધાનતા આપતા હોવાથી તપોમય કે જપમય જીવન જીવતા હોય છે. પ્રકૃતિનો સામાન્ય નિયમ એવો છે કે તે બધાંને ઢાળમાં ભોગો તરફ જ દોડાવતી હોય છે. આ કુદરતી પ્રક્રિયા છે, અને કુદરતી પ્રક્રિયાથી બચવું બહુ કઠિન છે. એટલે અંતે બધા કુદરતી પ્રવાહમાં તણાવા લાગ્યા.

અમે બધાં સારનાથમાં ફરી રહ્યાં છીએ. અહીં મૃગલગંધકુટિ છે. જે શ્રીલંકાના ભિક્ષુએ બનાવડાવી છે. કોરોનાના કારણે કોઈને અંદર જવા દેતા નથી. તેથી બહાર ઊભા રહીને જ બધાંએ દર્શન કર્યાં. અને નજીકમાં જ આ ભવ્ય મંદિરના નિર્માતાનું સુંદર અને ભવ્ય પૂતળું પણ મૂકેલું છે. અહીં વિશાળ ધમ્મૈકસ્તૂપ આવેલો છે, જે હવે જર્જરિત થયો છે. બૌદ્ધોની જ્યારે જાહોજલાલી હતી ત્યારે રાજા-મહારાજાઓ અને ધનાઢ્ય શ્રીમંતોનું દાન સ્તૂપો બાંધવા તરફ વળ્યું હતું. આજે પણ ભારતની જુદી જુદી જગ્યાએ ઘણા સ્તૂપો જોવા મળશે. તે સ્તૂપ તે સમયનાં સ્થાપત્ય કહેવાય. જૈનોનું દાન દેરાસરો તરફ વળ્યું હતું. જ્યારે આપણા હિન્દુઓનું દાન યજ્ઞો તરફ વળ્યું હતું. બૌદ્ધોના સ્તૂપો રહ્યા, જૈનોનાં દેરાસરો રહ્યાં પણ આપણા હજારો યજ્ઞોની ભસ્મો સમુદ્રોમાં વહી ગઈ. કશું રહ્યું નહીં. વિચારવા જેવું ખરું.

અહીં ખંડિત અશોકસ્તંભ પણ છે. તેની પૉલિશ આજે પણ અજાયબી ઉત્પન્ન કરાવે છે. આ સ્તંભના મથાળે ચાર સિંહોનાં માથાં ગોઠવાયેલાં હતા,ં જે અત્યારે આપણી ચલણી નોટો ઉપર જોઈ શકાય છે. આ ભવ્ય અશોકસ્તંભ કેવી રીતે તૂટી ગયો તે બહુ મોટો પ્રશ્ન છે. કદાચ ધરતીકંપમાં તૂટી પડ્યો હોય અને તૂટી ગયો હોય અને બીજી મૂર્તિઓની સાથે આ સ્તંભને તોડ્યો હોય તેવું પણ બની શકે. અમે મ્યુઝિયમ જોવા ગયા તો સેંકડો તૂટેલી મૂર્તિઓ ગોઠવાયેલી જોવા મળી. કહેવાની જરૂર નથી કે આ મૂર્તિઓ તોડનારા કોણ હતા. કયા ધર્મે આવી ખંડનાત્મક માનસિકતા આપી હતી અને આ બધું ખેદાનમેદાન કરી નાખ્યું હતું.

સારનાથમાં ઘણાં જૂનાં ખંડેરો આવેલાં છે, પણ વરસાદ આવતો હોવાથી અમે બધાં જેમ-તેમ, જેમ-તેમ કરીને જોઈને પાછાં વળ્યાં.

અહીં બર્મા, થાઈલૅન્ડ, જાપાન વગેરે બૌદ્ધ દેશોએ સ્થાપેલાં પોતપોતાનાં સરસ મંદિરો પણ આવેલાં છે. અમે સારનાથ જઈ રહ્યા હતા ત્યારે એક બે દૃશ્યો બહુ વિચિત્ર જોવા મળ્યાં. એક જગ્યાએ લગભગ હજાર સાઈકલો અને ટુ-વ્હીલરો ભેગાં થયેલાં જોવા મળ્યાં. ગાઇડને પૂછ્યું તો જવાબ મળ્યો કે આ ડિસ્ટ્રિક્ટ કૉર્ટ છે. અહીં તારીખ લેવા માટે જે અસીલો આવતા હોય છે તેમનાં આ વાહનો છે. ખરેખર તો અહીં પાર્કિંગની સખ્ત મનાઈ છે તોપણ એક દબંગ માણસ અહીં ટુ-વ્હીલરોનું પાર્કિંગ કરાવે છે અને વાહનદીઠ પૈસા વસૂલ કરે છે! આ બધું ન્યાયધીશની આંખ નીચે થાય છે. ન્યાયાધીશ પણ જાણે છે કે દબંગોનો વિરોધ કરવો હિતાવહ નથી. એટલે એ પોલીસને જવાબદારી સોંપે અને પોલીસ દબંગો સાથે સમાધાન કરી લે. ઘણી વાર સમાચારપત્રોમાં પણ આ ઘટનાઓ આવી. પણ દબંગ એટલે દબંગ. ભારતમાં અત્યારે લગભગ બધે જ ચૂંટાયેલી સરકાર અને ચૂંટાયેલા દબંગો અને બુટલેગરોનું રાજ ચાલે છે. આપણે માનીએ કે ના માનીએ કાયદો અને વ્યવસ્થાની જે સ્થિતિ અંગ્રેજોના શાસનકાળમાં હતી તે અત્યારે રહી નથી. એટલે લોકોએ સરકારથી ડરીને ચાલવા કરતાં દબંગોથી ડરીને ચાલવાનું વધુ હિતાવહ સમજવા માંડ્યું છે. સારનાથમાં એક સમયે બૌદ્ધોનો બહુ મોટો પ્રભાવ હતો. જ્યારે ધર્મનો પ્રભાવ હોય ત્યારે તે ધર્મના ધર્મગુરુઓનો પણ જયજયકાર થતો હોય. અહીં સેંકડો-હજારો ભિક્ષુ-ભિક્ષુણીઓ રહેતાં હતાં. શાહબુદ્દીન ઘોરીએ જ્યારે દિલ્હી ઉપર આક્રમણ કર્યું અને પૃથ્વીરાજને હરાવ્યો તે પછી અહીં કાશી ઉપર ત્રાટક્યો હતો. તેના આવવાના સમાચાર જાણીને ઘણાં ભિક્ષુ-ભિક્ષુણીઓ અહીંથી ભાગી ગયેલાં. પણ કેટલાંક ભાગી નહીં શકેલાં અથવા અમને કાંઈ નહીં કરે એવા વિશ્વાસમાં રહેલાં તે બધાંને ભેગાં કરીને આ ધમ્મૈકસ્તૂપ આગળ જીવતાં બાળી મૂકેલાં. તેમની સંખ્યા ૪૦૦ની હતી. આવી રીતે શાહબુદ્દીન ઘોરીની સેનાએ બહુ મારામારી, કાપાકાપી અને ભાંગફોડ કરેલી. તેની નિશાનીઓ સંગ્રહાલયમાં તૂટેલી પ્રતિમાઓ આજે પણ બતાવી રહી છે. ફરી ફરીને પ્રશ્ન થાય કે આ તે કેવી માનસિકતા કે શસ્ત્ર વિનાનાં શાંતિપ્રિય ભિક્ષુ-ભિક્ષુણીઓનો પણ વધ કરવામાં આવે, અને તે પણ જીવતાં સળગાવીને! આ માનસિકતા ક્યાંથી આવી? કોણે આપી? શું હજી પણ આ માનસિકતા ચાલુ છે? ગઝની અને ઘોરી તો મરી ગયા પણ માનસિકતા મરી નથી. જ્યાં સુધી આવી માનસિકતા મરી નહીં જાય ત્યાં સુધી દુનિયા કદી પણ શાંતિનો શ્વાસ લેવાની નથી. પહેલાં કહ્યું તે પ્રમાણે બૌદ્ધોનાં ચાર મોટાં તીર્થધામો છે. તે આ પ્રમાણે છે.

(૧) લુમ્બિની – જ્યાં સિદ્ધાર્થનો જન્મ થયો હતો.
(૨) બોધગયા – જ્યાં સિદ્ધાર્થને મધ્યમમાર્ગનું જ્ઞાન થયું હતું.
(૩) સારનાથ – જ્યાંથી જ્ઞાનનો પ્રચાર શરૂ થયો હતો અને
(૪) કુશીનગર – જ્યાં બુદ્ધનું નિર્વાણ થયું હતું.

આ ચારેય સ્થાનો ઉત્તરપ્રદેશમાં આવેલાં છે. અમે સારનાથની યાત્રા પતાવીને હવે મિરજાપુર તરફ જવા રવાના થઈ રહ્યા છીએ.

અમે મિરજાપુરના રસ્તે આગળ વધી રહ્યા છીએ. રસ્તામાં બન્ને તરફ અડીઅડીને ગામો આવે છે. તે એટલાં નજીક હોય છે કે ક્યારે કયું ગામ પૂરું થયું અને ક્યારે કયું ગામ શરૂ થયું તે કહેવું મુશ્કેલ બની જાય છે. પણ વસ્તી ભરચક છે અને ઘણી સ્ત્રીઓ કાળા બુરખા પહેરીને આમતેમ ફરી રહી છે. તેના ઉપરથી અનુમાન થાય કે અહીં મુસ્લિમ વસ્તી વધારે હશે. આખી દુનિયા જ્યારે આગળ દોડી રહી છે ત્યારે મુસ્લિમો પાછળ ચાલી રહ્યા છે. વર્ષો પહેલાં કહો કે સદીઓ પહેલાં જે જીવનપદ્ધતિ હતી, એ જ જીવનપદ્ધતિ ફરીથી અપનાવી રહ્યા છે. એટલે

તેમનામાં પછાતપણું પણ ઘણું આવી રહ્યું છે.

હવે અમે મિરજાપુર પહોંચવાની તૈયારીમાં છીએ. પણ આ શું? અમારી બસ ઊભી રહી ગઈ, કારણ કે આગળ જે નાળું હતું જેના ઉપરથી ટ્રેનના પાટા જતા હતા તે એટલું નીચું હતું કે આ બસ પાર થઈ શકે એમ નથી. એટલે વિચાર કરીને બસને પાછી વાળી અને ઘણું ચક્કર લગાવીને બીજા રસ્તેથી મિરજાપુર પહોંચવાનો પ્રયત્ન કર્યો. એક પેટ્રોલ પંપની હોટલ આગળ બસને ઊભી કરી દીધી અને રિક્ષાઓમાં પાંચપાંચ માણસોને બેસાડીને વિન્ધ્યાચલ મંદિર તરફ વિદાય કર્યા. વરસાદ પડ્યો હોવાથી આખો રસ્તો કીચડભર્યો છે. લોકોની એટલે કે યાત્રિકોની ઘણી ભીડ છે એટલે રિક્ષાઓનું આવવું-જવું પણ કઠિન થઈ ગયું છે. હું તો અમારી કારમાં બેસી રહ્યો. અને જેમતેમ-જેમતેમ કરીને ઘણો ટાઇમ લગાવીને વિન્ધ્યેશ્વરી માતાજીના મંદિર આગળ પહોંચ્યો. મને વ્હીલચેરમાં બેસાડીને હવે આગળ વધવાનું હતું, પણ ભિખારીઓનો જબરો ત્રાસ હતો. ભિખારી સ્ત્રીઓ અને છોકરીઓનાં ટોળેટોળાં યાત્રાળુઓને ઘેરી વળતાં હતાં. તમે ના તો પૈસા બહાર કાઢી શકો કે ના ખાવાનું બહાર કાઢી શકો. આવો ત્રાસ બીજે ભાગ્યે જ જોવા મળે. મને ઊંચકીને મંદિરનાં પગથિયાં ઉપર ચઢાવી દીધો. આગળ જોઉં છું તો લાઇનસર ઢોલ વગાડનારા દશ ઢોલીઓ બેઠા છે. મને કોઈ મોટો મહંત સમજીને ધડાધડ ઢોલ વગાડવા માંડ્યા. આ લોકો આખો દિવસ આ જ કામ કરે છે. આ જ રીતે આજીવિકા રળે છે. તેમને કંઈક આપવાનું મન થયું પણ અહીં ભિખારીઓનાં ટોળેટોળાં હોવાથી તથા પંડ્યાઓ પાછળ પડતા હોવાથી કશું આપ્યા વિના અમે આગળ નીકળી ગયા. અંતે માતાજીનાં દર્શન કરવાની લાઇનથી ઊલટું, બહાર નીકળવાની બારીએ મને પહોંચાડી દીધો. વ્હીલચેરમાંથી ઊતરીને ધીમે-ધીમે ચાલતો-ચાલતો હું આ બારી પાસે પહોંચ્યો અને નજીકમાં જ તરત જ માતાજીનાં દર્શન થઈ ગયાં.

મારી સાથે શ્રી લાભુભાઈ અને જિજ્ઞેશ છે. લાભુભાઈએ મારા હાથમાં બે હજારની નોટ મૂકી, જે મેં તરત જ માતાજી આગળ ધરાવી દીધી. આટલી મોટી રકમ તો ભાગ્યે જ કોઈ યાત્રી મૂકતું હશે. માતાજીની પાસે બેઠેલા પૂજારીએ તરત જ મને કહ્યું કે કુછ બ્રહ્મભોજન કરા દો. અર્થાત્ હજી પણ તેને સંતોષ ન હતો. તેને તો એમ હતું કે આટલી મોટી રકમ મૂકી છે તો બ્રહ્મભોજન નિમિત્તે પણ કંઈક મોટું દાન કરશે. મને ઘૃણા થઈ ગઈ અને હું તરત જ પાછો વળી ગયો. બારી એટલી નીચી હતી કે મારાથી નીચું થવાતું ન હતું. જો નીચો થાઉં અને કદાચ પડી જાઉં તો ફરીથી પાછા ઊભા થવું મુશ્કેલ પડે. પણ જેમતેમ-જેમતેમ કરી બહાર નીકળ્યો. બહાર પણ પંડ્યા અને ભિખારીઓ તૈયાર જ ઊભા હતા. આ બધામાંથી પીછો છોડાવતો છોડાવતો વ્હીલચેરમાં બેસીને પગથિયાં ઊતરીને આગળ વધતાં-વધતાં જેમતેમ-જેમતેમ કરીને જ્યાં બસ પાર્ક કરી હતી ત્યાં પહોંચ્યા. હાશ! શાંતિ થઈ. ખરેખર તો એવું લાગ્યું કે હવે ફરીથી કોઈ વાર અહીં અવાય નહીં અને કોઈને આવવાની પ્રેરણા પણ અપાય નહીં. એક ગરીબ સ્ત્રીને મેં ૧૦ રૂપિયાની નોટ આપવા ધરી તો તેણે કહ્યું કે ૧૦ નહીં ૧૦૦ રૂપિયા દે દો. અંતે બધા યાત્રિકો દર્શન કરીને પાછા આવી ગયા. હવે અમે અયોધ્યા તરફ વિદાય થઈ રહ્યા છીએ. અહીંથી જે પંડ્યો સાથે થઈ ગયો હતો તેને ૫૦૦ રૂપિયા આપીને માંડ વિદાય કર્યો. અને અમે રવાના થયા. અંતે હા-ના કરતાં-કરતાં રાતના સાડાસાત વાગે અમે અયોધ્યા પહોંચી ગયા.

અયોધ્યામાં તારાજી રિસોર્ટમાં અમારાં બધાંનો ઉતારો છે. આ તારાજી રિસોર્ટ બહુ ભવ્ય ભવન છે. એના સ્વાગત કક્ષમાં જ કાચનું એટલું ભવ્ય ઝુમ્મર લટકાવ્યું છે, જે બધાં જોતાં જ રહી ગયાં. કદાચ ચીની બનાવટનું હશે. સૈંકડો બલ્બો ઝગમગ-ઝગમગ થઈ રહ્યા છે. દશ્ય બહુ જ સુંદર છે. કેટલાક લોકોએ તો ફોટા પણ પાડ્યા. બધી વિધિ પતાવીને મને મારા રૂમમાં લઈ જવામાં આવ્યો. આ રૂમ હૉલ જેવો મોટો હતો. અને સ્યૂટ હોવાથી સાથે બીજો નાનો રૂમ પણ

હતો. તેના બાથરૂમમાં ઝાખુજા ટબ પણ હતું. જોકે તેનો ઉપયોગ કરતાં મને આવડે નહીં અને મારાથી અંદર ઉતરાય નહીં અને બહાર નીકળાય પણ નહીં. એટલે મારા માટે તો તે સગવડરૂપ નહીં પણ અગવડરૂપ બની ગયું. મારા સ્યૂટમાં એટલી બધી લાઇટો હતી કે મારા આખા આશ્રમમાં એટલી લાઇટો નહીં હોય! અમે વીજળીનો બચાવ કરીને આશ્રમ ચલાવીએ છીએ. તેથી મોટા ભાગે બધા ૯ વૉટના બલ્બ વાપરીએ છીએ. જ્યારે અહીં તો ઝાકમઝોળ છે. શ્રી મહેશભાઈએ મારા માટે સ્પેશ્યિલ વ્યવસ્થા કરી છે. બધાં જમવા ગયાં. મારે તો જમવું ન હતું. એટલે માત્ર ગ્લાસ ભરીને સૂપ પીધો અને મોટી પથારીમાં સૂઈ ગયો. પથારી મોટી છે. ત્રણ એ.સી. છે અને છ પંખા છે. બધુંય છે પણ ઊંઘ નથી. એટલે લગભગ આખી રાત પથારીમાં પડખાં ફેરવતો રહ્યો. એક સમય હતો જ્યારે હું પથારીમાં પડતાંની સાથે જ નસકોરાં બોલાવવા લાગતો હતો. પણ હવે નિદ્રા વેરણ થઈ ગઈ છે. જોકે સારું થયું. ચિંતન થાય છે અને ખ્યાલ આવે છે કે ઘણા ધનાઢ્યોની દશા પણ મારા જેવી જ થતી હશે. જોકે તે બધા તો ઊંઘની ગોળીઓ લઈને કદાચ સૂઈ જતા હશે. હજી સુધી મેં ઊંઘની ગોળી લીધી નથી. ઊંઘ આવે તોય વાહ-વાહ અને ઊંઘ ના આવે તોય વાહ-વાહ, એમ કરીને રાત પૂરી કરું છું. સવારે પોપટલાલ આવ્યા અને મારા માટે ગરમ પાણીની બે ડોલની વ્યવસ્થા કરી. તથા બેસવાની ખુરશીની પણ વ્યવસ્થા કરી એટલે હું નાહ્યો અને પાઠ-પૂજા કરવા બેસી ગયો.

તા.૬-૧૦-૨૦૨૧

*

અયોધ્યા રામમંદિરનો ઇતિહાસ

આજે અમારે સૌએ રામજન્મભૂમિનાં દર્શન કરવા જવાનું છે. તે પહેલાં થોડી પૂર્વભૂમિકા અને પૃષ્ઠભૂમિકા બતાવવી ઠીક લાગે છે. એવી માન્યતા છે કે ભગવાન શ્રીરામે જ્યારે સર્યૂદેવી નદીમાં આત્મવિલોપન કર્યું, તે પછી અયોધ્યાની ગાદીએ નાના પુત્ર કુશ બેઠા. કુશ મહારાજે નગરીને ખૂબ વૈભવપૂર્ણ બનાવી અને નગરીને જાહોજલાલીએ પહોંચાડી દીધી હતી. રાષ્ટ્રનું નાનું પ્રતીક તેની રાજધાની હોય છે. રાજધાનીની જેવી સ્થિતિ હોય તેના ઉપરથી આખા રાષ્ટ્રની સ્થિતિનું અનુમાન લગાવી શકાય. કુશ પછી સૂર્યવંશમાં ઘણા રાજાઓ થયા. દ્વાપરયુગ શરૂ થયો ત્યારે અયોધ્યાનગરી ઉજ્જડ થવા લાગી. કારણ કે કુદરતી આપત્તિઓ આવતી રહી. એ કુદરતી આપત્તિઓએ અયોધ્યાની સમૃદ્ધિ અને વૈભવને છિન્નભિન્ન કરી નાખ્યાં. પણ સૂર્યવંશમાં ઋષધક નામનો એક રાજા થયો અને એણે અયોધ્યાને ફરીથી સમૃદ્ધ બનાવી દીધું. એટલું યાદ રહે કે રાજાશાહી પદ્ધતિમાં રાજા જ રાજધાની અને રાષ્ટ્રને સુખી સમૃદ્ધ કરતો હોય છે અને રાજા જ રાષ્ટ્ર અને રાજધાનીને કંગાલ પણ કરતો હોય છે.

ઈ. સ. પૂર્વ ૫૦૫-૪૮૫થી કળિયુગની શરૂઆત થઈ અને ભારતમાં શાક્યવંશ (શક જાતિ)નું શાસન શરૂ થઈ ગયું. શકો બહારથી આવ્યા હોવા છતાં તેમણે માત્ર રાષ્ટ્રવિજય કર્યો. તેઓ કોઈ ધર્મઝનૂન લઈને આવ્યા ન હતા. એટલે ભારતમાં કોઈ ધાર્મિક ઊથલપાથલ ના થઈ. રાજા શુદ્ધોધન અયોધ્યાના રાજા થયા. તેમણે પણ અયોધ્યાને સુખીસમૃદ્ધ બનાવી. પણ સતત યુદ્ધોના કારણે તેમણે પણ અયોધ્યાને છોડીને સર્યૂ પાર શ્રાવસ્તી નગરીમાં પોતાની રાજધાની વસાવી. તેથી અયોધ્યા લગભગ સૂની થઈ ગઈ.

અયોધ્યાનો ખરો ઇતિહાસ ઈ. સ. પ્રથમ શતાબ્દીથી શરૂ થાય છે. ઉજ્જૈનના મહારાજા વિક્રમાદિત્યે અયોધ્યાની યાત્રા કરી. તેમણે અયોધ્યામાં સૌથી પહેલાં શ્રીરામમંદિરનું ભવ્ય નિર્માણ કરાવ્યું. મંદિરની પાસે ૬૦૦ એકર વિશાળ ભૂમિ હતી અને બધી સુખસગવડોથી ભરપૂર હતી. આ મંદિરની યાત્રા કરવા માટે હજારો યાત્રાળુઓ દર વર્ષે આવતા અને ધન્યધન્ય થઈ જતા. કહેવાય છે કે ત્યારે મંદિરમાં ૧૦૭ બ્રાહ્મણપૂજારીઓ પૂજા કરતા હતા. આ રીતે લગભગ ૪૦૦ વર્ષ સુધી મહારાજા વિક્રમાદિત્યનું બંધાવેલું મંદિર ચાલતું રહ્યું પણ પછી તે જીર્ણ થવા લાગ્યું. એટલે ઈ. સ. ૪૪૪માં મહારાજા સમુદ્રગુપ્તે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેને ફરીથી નવું બનાવી દીધું.

હવે આ મંદિરના પતનની શરૂઆત બતાવીએ છીએ.

ઈ. સ. ૧૦૩૧માં અહમદ નિયાતગ્લીન નામના આક્રાંતાએ કાશીને લૂંટ્યા પછી અહીં રામમંદિર ઉપર પણ બહુ જોરદાર હુમલો કર્યો. અયોધ્યાના હિન્દુઓ અને સાધુસંતોએ મળીને તેનો સામનો કર્યો તેથી તેને ભાગી જવું પડ્યું.

ઈ. સ. ૧૦૩૩માં મહંમદ ગઝનવીનો ભાણેજ સાલાર મસૂદ બે વાર અયોધ્યા ઉપર ચઢી આવ્યો. અયોધ્યાના રાજપૂતોએ તથા હિન્દુઓએ બન્ને વાર ભરપૂર સામનો કર્યો અને તેને ભગાડી મૂકવામાં આવ્યો. ઇતિહાસમાંથી આપણે એક બોધપાઠ લેવાની ખાસ જરૂર છે કે આપણે શત્રુને હરાવીને ભગાડી મૂકીએ છીએ પણ તેનો જડમૂળથી નાશ નથી કરતા. આ કમજોરી અથવા ભૂલ વારંવાર થતી રહી છે. એટલે ભાગેલો દુશ્મન સમય મળતાં ફરી પાછો તૈયાર થઈને આવી જતો હોય છે.

૧૧મી શતાબ્દીમાં કનોજના રાજા જયચંદે ફરીથી આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ઈ. સ. ૧૩૨૫થી ૧૩૫૧ સુધી દિલ્હી ઉપર મહંમદ તુઘલગનું શાસન હતું. તેણે પણ બે વાર અયોધ્યાના રામમંદિર ઉપર આક્રમણો કર્યાં. બન્ને વાર હિન્દુસેનાએ પ્રતિકાર કરીને તેને ભગાડી મૂક્યો હતો.

તેના પછી ફિરોજશાહ તુઘલગે પણ મોટી સેના લઈને મંદિર ઉપર હુમલો કર્યો. કેટલાય દિવસો સુધી ઘનઘોર યુદ્ધ ચાલતું રહ્યું. તેની સેનાને હિન્દુસેનાએ કાપી નાખી અને બચીકૂચી સેના લઈને તે ભાગી ગયો. તેના પછી નાસિરૂદ્દીન મહંમદ બિન તુઘલગ નામના બાદશાહે બે વાર અયોધ્યા અને રામમંદિર ઉપર હુમલો કર્યો. બન્ને વાર હિન્દુસેનાએ તેને હરાવીને બંગાળ તરફ ભગાડી મૂક્યો હતો. તેના પછી સિકંદર લોદીએ અયોધ્યા અને મંદિર ઉપર હુમલો કર્યો અને તેને પણ ભગાડી મૂકવામાં આવ્યો. જોનપુરના સૂબેદાર ફિરોજખાને અયોધ્યા અને રામમંદિર ઉપર દસ વાર હુમલા કર્યા પણ દસેય વાર તેને હરાવીને પાછો ધકેલી દેવામાં આવ્યો. લોદીવંશ પછી દિલ્હી ઉપર બાબરનું શાસન થઈ ગયું. આ બાબરને સૌથી પહેલાં રાજપૂત રાજાઓએ જ ભારતમાં બોલાવ્યો હતો. તે પછી તે લોહી ચાખી ગયો અને દુર્બળતા સમજી ગયો. તેથી તે આખા ભારત ઉપર અધિકાર કરવાની મહત્ત્વાકાંક્ષા સેવવા લાગ્યો. ઘણાંને ખબર નહીં હોય પણ બાબર મૂળ ઉઝબેકિસ્તાનનો મોગલ વંશીય નાનો જાગીરદાર હતો. માત્ર ૧૨ વર્ષની ઉંમરે તેણે યુદ્ધો શરૂ કર્યાં હતાં. અને એક પછી એક યુદ્ધો જીતતાં-જીતતાં પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમ લોદીની સેનાને હરાવીને દિલ્હીનો બાદશાહ બની ગયો હતો. લોદીની સેના એક લાખથી પણ વધારે, જ્યારે બાબરની સેના માત્ર ૩૦ હજારની જ હતી. પણ બાબરની પાસે તોપો હતી. ભારતમાં આ પાણીપતના યુદ્ધમાં સૌથી પહેલાં તોપોનો ઉપયોગ કરવામાં આવ્યો. આ પહેલાં અહીં કોઈની પાસે તોપો ન હતી. તોપોના ગોળા આગળ ઇબ્રાહીમ લોદીની સેના ટકી શકી નહીં અને તેનો પરાજય થયો. બાબર બહુ મહત્ત્વાકાંક્ષી અને વ્યૂહબાજ સેનાપતિ હતો. તેણે ૧૨ વર્ષની નાની ઉંમરથી જ યુદ્ધો લડવાની શરૂઆત કરી હતી. આપણને ગમે કે ના ગમે પણ આ તથ્ય છે કે ઇસ્લામ અનુયાયીઓને જેહાદની વિચારધારા આપે છે. જેહાદ એટલે બિનમુસ્લિમો ઉપર આક્રમણ કરીને, તેમને હરાવીને ત્યાં 'નિઝામે ઇસ્લામ'ની સ્થાપના કરવી તે.

આ આદેશથી લગભગ બધા મુસ્લિમોની 'આક્રમકતા' પ્રકૃતિ બની ગઈ લાગે છે. બીજી તરફ હિન્દુ ધર્મ અને શ્રમણ ધર્મો અનુયાયીઓને શાંતિપ્રિયતાનો આદેશ આપે છે. શાંતિપ્રિય પ્રજા આક્રમક નથી હોતી. જે આક્રમક નથી હોતા તેમનો ઇતિહાસ પણ નથી હોતો. ઇતિહાસ તો મોટા ભાગે યુદ્ધોનો જ લખાતો હોય છે. લાંબાગાળાની શાંતિપ્રિયતા અંતે કાયરતામાં પરિણત થઈ જતી હોય છે. અને કાયરતા આપોઆપ આક્રાંતોઓને આક્રમણ કરવાનું આમંત્રણ આપતી રહે છે. ભારતમાં લગભગ આવું જ થયું છે. ભારતના રાજા-મહારાજાઓએ ભારત બહાર આક્રમણો કર્યાં નથી. તેનું આપણે ગૌરવ લઈએ છીએ, પણ આક્રમણો ન કરવાના કારણે બહારના આક્રાંતાઓ ભારત ઉપર વારંવાર ચઢી આવતા રહ્યા અને વિજયી થતા રહ્યા. આ રીતે ભારત વારંવાર ગુલામ થતો રહ્યો. શાંતિપ્રિય પ્રજા કાયર બનીને દુર્બળ બની જતી હોય છે. તેથી સમાધાનકારી વૃત્તિ રાખતી હોય છે. જે આવ્યો તે જીત્યો. અને આપણે સમાધાન કરીને તેને આધીન થઈ ગયા. પણ આનો અર્થ કોઈ એવો ન સમજે કે હું આક્રમણકારી થવાનું સમર્થન કરું છું. અનાવશ્યક આક્રમણ ના જ કરવું જોઈએ. પણ જ્યાંથી આક્રમણની સંભાવના હોય અને રાષ્ટ્રને તથા ધર્મને આંચ આવવાની હોય ત્યારે તે આક્રમણ કરે તે પહેલાં જ આક્રમણ કરીને તેના દાંત તોડી નાખવા જોઈએ. તો જ રાષ્ટ્ર, ધર્મ અને પ્રજા સ્વતંત્ર રહી શકતી હોય છે. જો આક્રમકતાની ઉપેક્ષા કરવામાં આવે અને છેવટની ઘડી સુધી આક્રમણ કરવામાં ન આવે તો ગુલામી નિશ્ચિત જ માનવી. આ રોગ ભારતને કોઠે પડી ગયેલો છે. તેથી તે જરૂરી હોય તોપણ પહેલું આક્રમણ કરતો નથી. પણ જ્યારે દુશ્મન તેના ઉપર જબરજસ્તી યુદ્ધની સ્થાપના કરી દેતો હોય છે ત્યારે જ યુદ્ધ કરે છે.

બાબરનો સેનાપતિ મીરબાંકી હતો. તે પણ તાશ્કંદનો નિવાસી હતો. તે શિયા મુસ્લિમ

હતો. જ્યારે બાબર સુન્ની હતો. શિયા અને અને સુન્ની અંદરોઅંદર ગમે તેટલા વિખવાદ કરે પણ જ્યારે બિનમુસ્લિમો સાથે યુદ્ધ કરવું હોય ત્યારે એક થઈ જતા હોય છે. મીરબાંકીએ રામમંદિર તોડી નાખ્યું અને તેની જગ્યાએ તે જ પથ્થરોથી મસ્જિદ બનાવી. જેને લોકો બાબરી મસ્જિદ કહે છે. મીરબાંકી જ્યારે મંદિર તોડતો હતો ત્યારે હિન્દુ સેના અને અયોધ્યાના સાધુસંતોએ તેનો ભરપૂર સામનો કર્યો. ૧૭ દિવસ સુધી આ યુદ્ધ ચાલ્યું. પણ અંતે મીરબાંકી જીતી ગયો. આ યુદ્ધમાં ૧,૭૬,૦૦૦ હિન્દુઓ માર્યા ગયા. સર્યૂ નદી લોહીથી લાલલાલ થઈ ગઈ. યુદ્ધ ઉપર વિજય મેળવીને જ્યારે મીરબાંકી મંદિરમાં પ્રવેશ કરવા ગયો ત્યારે પૂજારી પંડિત શ્યામાનંદે તેનો વિરોધ કર્યો અને પરિવાર સાથે ધીંગાણું મચાવ્યું. મીરબાંકીએ તેને તલવારથી કાપી નાખ્યો. આ રીતે મીરબાંકીએ મંદિરમાં પૂજારીનું પહેલું બલિદાન ચડાવ્યું. મીરબાંકીની ઇચ્છા હતી કે મંદિરમાં જઈને ભગવાન રામની પ્રતિમાને ખંડિત કરું પણ તેની ઇચ્છા પૂરી ના થઈ. રામભક્તોએ આપતકાલ સમજીને રામપ્રતિમાને અંતર્ધ્યાન કરી દીધી હતી. તેથી મીરબાંકીના હાથ હેઠા પડ્યા.

ઈ. સ. ૧૫૩૦માં બાબરનો પુત્ર હુમાયુ ગાદીએ બેઠો. આ વખતે સ્વામી મહેશાનંદ નામના એક વીર સંન્યાસીએ રાજામહારાજાઓ તથા સાધુસંતોનો સાથ લઈને બાબરી મસ્જિદથી છૂટકારો પામવા માટે દસ યુદ્ધો કર્યાં. અને બાબરી મસ્જિદ ઉપર અધિકાર કરી લીધો. પણ આ અધિકાર લાંબો સમય ટકી શક્યો નહીં. ફરી પાછી મોગલસેનાએ બાબરી મસ્જિદ ઉપર અધિકાર કરી લીધો.

ઈ. સ. ૧૫૮૬માં દિલ્હીની ગાદીએ અકબર બાદશાહ આવ્યો. અપેક્ષાકૃત તે વધુ ઉદાર હતો. તેના શાસનકાળમાં હિન્દુ રાજાઓ અને હિન્દુ જનતાએ વીસ વાર બાબરી મસ્જિદ ઉપર હલ્લો બોલાવ્યો પણ મોગલસેના આગળ કંઈ ચાલ્યું નહીં. પણ આ રોજની લડાઈથી અકબર તંગ આવી ગયો હતો. બીજી તરફ રાજા બીરબલ અને રાજા ટોડરમલના અનુરોધથી અકબરે બાબરી મસ્જિદની સામે જ એક ચબૂતરો બનાવીને રામમંદિર કરવાની તથા પૂજાપાઠ કરવાની છૂટ આપી. ત્યારથી આ ચબૂતરા ઉપર રામ-પંચાયતન વિગ્રહો સ્થાપિત થયા અને પૂજાપાઠ શરૂ થયો.

ઈ. સ. ૧૬૪૦માં દિલ્હીની ગાદીએ ઔરંગઝેબ આવ્યો. દિલ્હીના બધા બાદશાહોમાં આ સૌથી વધુ કટ્ટર મુસ્લિમ અને ક્રૂર બાદશાહ નીકળ્યો. આવતાંની સાથે જ તેણે પોતાના સેનાપતિ જાબાંજખાંને અયોધ્યા રવાના કર્યો. આ વખતે અયોધ્યામાં દસ હજાર સાધુઓ ભેગા થઈ ગયા. તમે અયોધ્યા જાઓ તો જોજો. ત્યાં આશ્રમોને છાવણી કહેવામાં આવે છે. છાવણી એટલે સૈનિકોને રહેવાની જગ્યા. બડી છાવની, છોટી છાવની, હનુમાનગઢી આ બધાં સ્થાનોમાં હજારો સાધુઓ સૈનિકો તરીકે રહેતા હતા. અને દંડબેઠક, વ્યાયામ કરીને પહેલવાન જેવું જીવન જીવતા હતા. આ બધા શત્રધારી પણ હતા અને અશ્વધારી પણ હતા, કારણ કે, મુસ્લિમશાસકોનો ત્રાસ ઘણો વધી ગયો હતો. તેથી ધર્મ અને ધર્મસ્થાનોની રક્ષા કરવા માટે આ બધા વીરપુરુષો સાધુસંન્યાસીના રૂપમાં યોદ્ધા બની ગયા હતા. લગભગ દસ હજાર સાધુઓએ ઉર્વશીકુંડ ઉપર ઔરંગઝેબની મોગલસેનાનો સામનો કર્યો. સાત દિવસ સુધી ઘનઘોર યુદ્ધ ચાલ્યું. અને મોગલસેનાને ભગાડી મૂકી. શ્રીરામનો અને ધર્મનો જયજયકાર થઈ ગયો. આ સમાચાર જાણતાં ઔરંગઝેબ લાલઘૂમ થઈ ગયો. તેણે સૈયદ હસનઅલીના નેતૃત્વમાં પચાસ હજારની મોટી સેના અયોધ્યા મોકલી. આ વખતે વૈષ્ણવદાસ નામના વૈરાગી સાધુએ પરિસ્થિતિનો વિચાર કરીને પંજાબમાં ગુરુ ગોવિંદસિંહજીને મદદ માટે આમંત્રણ મોકલ્યું. ગુરુ ગોવિંદસિંહજી આવી પહોંચ્યા. શ્રી વૈષ્ણવદાસના હજારો ચીમટાધારી સાધુઓ અને રુદૌલીના રાજપૂતો બધાએ મળીને મોગલસેનાનો સામનો કર્યો. એમણે મોગલસેનાના તોપખાના ઉપર

અધિકાર કરી લીધો અને હસનઅલીના ટુકડે-ટુકડા કરી નાખ્યા. આ સમાચાર સાંભળીને ઔરંગઝેબ ભારે ગુસ્સામાં આવી ગયો. પણ પરિસ્થિતિથી લાચાર થઈને લગભગ ચાર વર્ષ સુધી તે ચૂપચાપ બેસી રહ્યો. અંતે ઈ. સ. ૧૬૬૪માં તેણે રામજન્મભૂમિ ઉપર ફરીથી આક્રમણ કર્યું. ચાર વર્ષથી શાંતિનું જીવન જીવતા અયોધ્યાવાસી તથા સાધુસંતો અસાવધાન થઈ ગયા હતા. તેથી આ લડાઈમાં મોગલોની સેના જીતી ગઈ. લગભગ દશ હજાર હિન્દુઓ માર્યા ગયા. હિન્દુઓની લાશો મંદિરની અંદર તથા કંદર્પકુંડમાં ભરીને દીવાલ ચણી લેવામાં આવી. આજે આ કૂપને ગજશહિદા કહેવામાં આવે છે. જેના ઉપર મુસ્લિમો પોતાના અધિકાર બતાવે છે.

ઈ. સ. ૧૭૬૩માં નવાબ સહાદત અલીખાના શાસનમાં અમેઠીના રાજા ગુરુદત્તસિંહે ભયંકર યુદ્ધ કર્યું અને નવાબને હરાવી દીધો. પરંતુ બાબરી મસ્જિદ અડીખમ ઊભી રહી.

ઈ. સ. ૧૮૮૫માં અયોધ્યાના બહુ પ્રસિદ્ધ હનુમાનગઢી મંદિરમાં રોજ ભોજન કરવા આવનાર ગુલાબ હુસૈની નામના એક ફકીરે મુસ્લિમોને ઉશ્કેર્યા અને રામમંદિરને નષ્ટ કરવા માટે ભારે હુમલા કરાવ્યા. પણ હિન્દુઓએ તેને સફળ થવા દીધા નહીં. એ યાદ રહે કે બાબરી મસ્જિદની સામે અકબરના શાસનકાળમાં જે ચબૂતરો થયો હતો તે પણ મુસ્લિમોને સ્વીકાર્ય ન હતો.

વર્ષો પછી ગુદડબાબા નામના એક વૈરાગી સાધુએ મુસ્લિમો સાથે વાતચીત કરીને બાબરી મસ્જિદની સામે ખસની તાડપત્રી બાંધીને જેવુંતેવું પૂજાસ્થાન બનાવ્યું હતું. યાત્રીઓ આ જગ્યાનાં દર્શન કરતા રહે છે.

ઈ. સ. ૧૯૪૭માં દેશ આઝાદ બન્યો. તે પછી આઝાદીની આંધીની સાથેસાથે રામજન્મભૂમિની ગુલામી તોડવાની પણ શરૂ થઈ ગઈ. એક દિવસ ઓચિંતાના બાબરી મસ્જિદમાં ભગવાન રામ વગેરેની પ્રતિમાઓ પ્રગટ થયેલી જોવા મળી. ભક્તોનું માનવું છે કે શ્રીરામ સ્વયં પ્રગટ થયા. જ્યારે વિરોધીઓનું માનવું છે કે હોશિયારી કરીને મૂર્તિઓ ગોઠવી દેવામાં આવી. જે હોય તે પણ વિવાદિત ઢાંચામાં રામ સ્થાપિત થઈ ગયા. તે પછી આંદોલન ચાલતું રહ્યું. આમ જુઓ તો મીરબાંકીએ જ્યારથી મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી ત્યારથી જ હિન્દુઓ તરફથી અવારનવાર અંદોલનો, સંઘર્ષો અને યુદ્ધો થતાં રહેતાં હતાં. અત્યાર સુધી રામજન્મભૂમિ નિમિત્ત લગભગ ૭૨ નાનાંમોટાં યુદ્ધો થયાં. જેમાં હજારો હિન્દુઓ શહીદ થઈ ગયા.

ઈ. સ. ૧૯૮૪માં વિશ્વ હિન્દુ પરિષદના નેતૃત્વમાં બહુ મોટું આંદોલન શરૂ થયું. ૮મી ઑક્ટોબર, ૧૯૮૪ના રોજ લાખો રામભક્તોએ રામજન્મભૂમિને મુક્ત કરાવવાની પ્રતિજ્ઞા લીધી અને તે માટે જનજાગૃતિ કરવા માટે રથયાત્રા કાઢવામાં આવી. ૨૧મી ઑક્ટોબર, ૧૯૮૫ના રોજ અયોધ્યાથી રથયાત્રા નીકળી. આ યાત્રાએ આખા દેશમાં ફરીફરીને લોકોમાં ભારે ઉત્સાહ અને ઉન્માદ જગાડ્યો. ૧૯૮૭માં જિલ્લા મૅજિસ્ટ્રેટ કૃષ્ણમોહન પાંડેએ રામજન્મભૂમિના મકાનનું તાળું ખોલી નાખવાનો હુકમ કર્યો. તે પ્રમાણે તાળું ખોલી નાખવામાં આવ્યું. તાળું ખૂલી જવાથી ભારત જ નહીં પણ પૂરા વિશ્વના હિન્દુઓ રાજીરાજી થઈ ગયા. અને આ વિજયના ઉપલક્ષ્યમાં સાત દિવસ સુધી દિવાળી મનાવવામાં આવી. સદીઓ પહેલાં શ્રીરામજી લંકાથી અયોધ્યા આવ્યા હતા ત્યારે લોકોએ દિવાળી મનાવી હતી અને દીવાઓની લાઇનો ઘરઘરમાં ઝગમગાવી હતી. તે પછી મુસ્લિમકાળમાં અંધકારયુગ આવ્યો અને પૂર્વ કહ્યું તેમ મંદિર તોડીને મસ્જિદ બનાવી દેવામાં આવી. આ વિવાદનો અંતિમ નિકાલ ના આવે ત્યાં સુધી સરકારે તાળું મારી દીધું હતું અને ત્યાં કોઈને પ્રવેશવા દેતા ન હતા.

આખા દેશમાંથી હજારો લાખો દર્શનાર્થીઓ અયોધ્યા તરફ ઊમટવા લાગ્યા. આઝાદીની લડતમાં જે જનસૈલાબ જોવા નહોતો મળ્યો તે રામજન્મભૂમિ નિમિત્તે જોવા મળ્યો. સરકાર

ગભરાઈ ગઈ. ચાણક્યે લખ્યું છે કે, ગમે તેવો બળવાન રાજા હોય તોપણ જ્યારે પૂરી જનતા વીફરતી હોય છે ત્યારે તેને સંતાવું ભારે થઈ પડતું હોય છે. જનતાનું વીફરવું એ સૌથી મોટી રાજઘાતની આંધી કહેવાય. એટલે ડાહ્યા રાજાઓ જનતાને રાજી રાખીને રાજ કરતા હોય છે. જનતાને રાજી રાખી જે રાજા રાજ કરે તે લાંબો સમય તો ટકે જ અને તેના અવસાન પછી પણ જનતામાં અમર થઈ જાય. આ વખતે લખનૌની ગાદી ઉપર મુલાયમસિંહ યાદવ મુખ્યમંત્રી હતા. મુલાયમસિંહ યાદવ ગાંધી-નહેરુ અને કૉંગ્રેસ કરતાં પણ વધુ મુસ્લિમોના તોષક હતા. હદ બહાર જઈને તે મુસ્લિમોનું તુષ્ટિકરણ કરતા. તેથી તેમના પ્રત્યે હિન્દુઓ બહુ નારાજ હતા. આ નારાજગી અત્યારે રામજન્મભૂમિ નિમિત્તે વીફરવામાં પરિણત થઈ હતી. લોકો તેમને કટાક્ષમાં ‘મુલ્લા-મુલાયમ’ કહેતા. મુલાયમસિંહે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે દક્ષિણ ભારતના કે. કે. નાયરને જિલ્લા અધ્યક્ષ તરીકે બધા અધિકારો આપીને મોકલ્યા. નાયરે તરત જ ૧૪૪ની કલમ લગાવી દીધી અને બહુ કડક હાથે કામ લેવા માંડ્યું. માત્ર ચાર પૂજારીઓ જ અંદર જઈને પૂજા કરી શકતા. આ રીતે દમન શરૂ કર્યું. બીજી તરફ આખા ભારતમાં રામજન્મભૂમિ મંદિર બાંધવા માટે આંદોલન શરૂ થઈ ગયું હતું. દૂરદૂરના ગામેગામથી ઈંટો બનાવી બનાવીને મોકલવામાં આવી રહી હતી. આ ઈંટોનો થપ્પીબંધ ઢગલો આજે પણ આ પરિસરમાં રાખવામાં આવ્યો છે. જે-જે પ્રદેશથી ઈંટો આવી તેના ઉપર તે-તે પ્રદેશની લિપિમાં ‘જય શ્રીરામ’ લખેલું છે. યોગાનુયોગ કહો કે આ જ સમયે રામાનંદ સાગરની રામાયણ સિરિઝ ટી.વી.માં શરૂ થઈ. તે એટલી લોકપ્રિય બની કે આખો દેશ ગાંડો બન્યો એમ કહીએ તોપણ ચાલે. તેણે આપેલા જય શ્રીરામના નાદને સ્વીકારી લીધો, વધાવી લીધો. આખા દેશનું વાતાવરણ બહુ તંગ બની ગયું હતું.

ઈ. સ. ૧૯૯૦ના ઑક્ટોબર મહિનાની ૩૦મી તારીખે કેટલાક કારસેવકો સર્યૂ નદીના પુલ ઉપર પહોંચી ગયા. આ કારસેવકોને આગળ વધતા રોકવા માટે પોલીસે ગોળીઓ ચલાવી. જેમાં એ જ સમયે એ જ સ્થળે ૧૧ કારસેવકો શહીદ થઈ ગયા અને ૧૭૭થી વધુ ઘાયલ થયા. સરકારે તરત જ સેના બોલાવી લીધી. પણ આ બધાની પરવા કર્યા વિના એક હજાર કારસેવકો રામજન્મભૂમિના આંગણામાં દાખલ થઈ ગયા અને તેમણે દીવાલ તોડી નાંખી અને તેને નુકસાન પહોંચાડ્યું. કારસેવકોમાં એટલું બધું ઝનૂન હતું કે સેના અને પોલીસ પણ હતપ્રત રહી ગઈ. અયોધ્યાથી માંડીને ફૈજાબાદ સુધી ચારે તરફ રામભક્તોનાં ટોળેટોળાં ઊમટી રહ્યાં હતાં. આ ટોળાં ‘મુલ્લા મુલાયમ મુર્દાબાદ’ અને પ્રધાનમંત્રી ‘વી.પી. સિંહ મુર્દાબાદ’ના જોરજોરથી નારા લગાવી રહ્યાં હતાં. કારસેવકોને રોકવા માટે સેના અને પોલીસે આડેધડ-અંધાધૂંધ ગોળીઓ ચલાવવા માંડી અને લાઠીઓ ચલાવવામાં આવી. આવો સંઘર્ષ આઝાદીની લડાઈ વખતે પણ થયો ન હતો. સરકાર વધુ ગભરાઈ. તેણે સર્યૂ નદી ઉપર કાંટાના તારની વાડ લગાવી દીધી. આ ગોળીબારમાં ૧૫ રામભક્તો શહીદ થઈ ગયા. તેમાં શ્રી શરદ કોઠારી, રામકુમાર કોઠારી, રામઅચલ ગુપ્તા, વિનોદકુમાર ગુપ્તા, વાસુદેવ ગુપ્તા, મહેન્દ્રનાથ બહોરે, મહાવીર, રમેશ પાંડે, શેઠારામ માળી, સર્વેશકુમાર, રમેશ વગેરે મુખ્ય હતા. ચાર શહીદોનાં નામ-ઠેકાણાં મળી શક્યાં નહીં. આખા દેશમાં હાહાકાર મચી ગયો. જ્યારે પણ કોઈ સરકાર ક્રૂરતાની હદ વટાવીને જનતા ઉપર તૂટી પડતી હોય છે ત્યારે સમજી લેવાનું કે ભલે અત્યારે તેને સફળતા મળે પણ આવી ક્રૂરતા અંતે તેનો વિનાશ કરતી હોય છે. વિશ્વ હિન્દુ પરિષદે આંદોલન સમેટી લેવાનો નિર્ણય કર્યો. પણ બે વર્ષના વિશ્રામ પછી તરત જ ફરી આંદોલન શરૂ કર્યું.

૬ ડિસેમ્બર-૧૯૯૨ના દિવસે ફરીથી કારસેવા કરવા લોકો ઊમટી પડ્યા. લગભગ આઠ-દશ લાખ રામભક્તો ‘જય શ્રીરામ’ના નારા સાથે અયોધ્યામાં હનુમાનજીની માફક કૂદાકૂદ કરી રહ્યા હતા. આ સમયે મુલાયમસિંહની જગ્યાએ ભાજપના શ્રી કલ્યાણસિંહ મુખ્યમંત્રી બન્યા

હતા. એટલે મુલાયમસિંહનો જે ત્રાસ હતો તેનાથી છુટકારો મળ્યો હતો. પોલીસે ચારે તરફથી રામજન્મભૂમિ પરિસરને ઘેરી લીધું. પણ ગમે તેમ કરીને અશોક સિંઘલ રામજન્મભૂમિમાં પ્રવિષ્ટ થઈ ગયા અને બજરંગદળ પણ આવી ગયું. સૌથી પહેલાં તેમણે પાછળના દરવાજાને પાડી નાખ્યો. પોલીસને ભગાડી મૂક્યા. કારણ કે પોલીસ પણ હવે રામભક્તો ઉપર ગોળીઓ ચલાવવા કે લાઠીઓ ચલાવવાની સ્થિતિમાં રહ્યા ન હતા. આ તો વીફરેલી પ્રજાની આંધી હતી. તેને કોણ રોકી શકે? અંતે રામભક્તોએ ત્રણેય ગુંબજો ઉપર કબજો મેળવીને ભગવો ફરકાવી દીધો. જરા વિચાર કરો કે જ્યારે મીરબાંકીએ ભવ્ય મંદિરને તોડ્યું હશે તો કેવી સ્થિતિ થઈ હશે? ત્યારે ગભરાયેલા, ડરેલા, હિન્દુઓ પોતપોતાના ઘરમાં ઘૂસી ગયા હશે અને મીરબાંકીના ગુંડાઓ ધડાધડ મંદિરને તોડતા હશે. તેને તોડતાં કદાચ કેટલાય દિવસો લાગ્યા હશે. પણ રોષે ભરાયેલા ઝનૂની રામભક્તોએ માત્ર ચાર જ કલાકમાં ત્રણેય ગુંબજોને ધરાશાયી કરી નાખ્યા. પણ આવડત વિનાની આ પ્રક્રિયામાં ચાર રામભક્તો ગુંબજોના કાટમાળમાં દબાઈને શહીદ થઈ ગયા. બીજા કેટલાક ઘાયલ થયા. પણ કોઈને કશી પરવા ન હતી. આ યુદ્ધ હતું અને યુદ્ધમાં તો મરવાનું હોય જ. એમ સમજીને બધા કિલકિલાટ આનંદ કરતા હતા. અંદર શ્રીરામજી વગેરેની મૂર્તિઓને સુરક્ષિત સ્થાને લઈ જવામાં આવી. તૂટેલા માળખાને તરત જ હટાવીને સિંહાસન ઉપર ફરીથી પ્રતિમાઓ સ્થાપિત કરી દેવામાં આવી. આ રીતે બાબરી મસ્જિદ ઉપર રામભક્તોનો વિજય થઈ ગયો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી કલ્યાણસિંહે તરત જ ત્યાગપત્ર આપી દીધું. કારણ કે તેમણે મુલાયમસિંહની માફક કઠોર વ્યવહાર રામભક્તો ઉપર કર્યો ન હતો. અને પોતે વિવાદિત ઢાંચાને સાચવી શક્યા ન હતા. એટલે પોતાની નિષ્ફળતા સ્વીકારીને તેમણે ત્યાગપત્ર આપ્યું હતું.

આપણે માનીએ કે ના માનીએ પણ વિવાદિત ઢાંચો તૂટવામાં અને રામપંચાયતની પુનઃસ્થાપના થવામાં તે વખતના પ્રધાનમંત્રી નરસિંહરાવનો પણ ઘણો સાથ હતો. જો તેમણે ધાર્યું હોત તો યુ.પી.માં તત્કાળ રાષ્ટ્રપતિશાસન કરીને વિશેષ સેના મોકલીને કારસેવકોને ભગાડી મૂક્યા હોત. પણ તેમણે પણ આંખ આડા કાન કર્યા અને જ્યાં સુધી ફરીથી સિંહાસન ઉપર રામપંચાયત સ્થાપિત ન થઈ ત્યાં સુધી ચૂપ રહ્યા. તેમના આવા વલણ માટે મુસ્લિમો આજે પણ તેમના પ્રત્યે નારાજગી રાખે છે. જરા વિચિત્રતા તો જુઓ કે જ્યારે મીરબાંકીએ મંદિર તોડીને મસ્જિદ બનાવી ત્યારે મુસ્લિમો નારાજ થયા ન હતા. અને હવે જ્યારે હતી તેવી સ્થિતિ સ્થાપિત થઈ ગઈ ત્યારે તે નારાજ થઈ ગયા, જે નારાજગી આજે પણ ચાલુ છે. આ માનસિકતા દેશના ભાગલા પછી પણ ભાગી જવી જોઈતી હતી. પણ તુષ્ટીકરણ કરનારા નેતાઓ અને પક્ષોએ આવી માનસિકતાને વધુ ને વધુ પ્રોત્સાહન આપ્યું. જેનું પરિણામ દેશ ભોગવી રહ્યો છે.

તે પછી તો લગભગ ૬૦ વર્ષ સુધી કૉર્ટમાં કેસ ચાલ્યો. હાઈકૉર્ટના ત્રણ ન્યાયાધીશોએ છેવટે જજમેન્ટ આપ્યું કે આ પરિસર ખરેખર તો રામજન્મભૂમિની માલિકીનું છે. આ ત્રણ ન્યાયાધીશોમાં એક ન્યાયાધીશ મુસ્લિમ પણ હતા. તેમણે પણ ખેલદિલીથી બાકીના બન્ને જજો સાથે સહમતિ પ્રગટાવી હતી. અત્યાર સુધી લગભગ બે લાખ હિન્દુઓએ આ રામ જન્મભૂમિ પાછળ પ્રાણ ગુમાવ્યા છે. શ્રી વૈષ્ણવદાસજી વૈરાગી સાધુઓમાં મુખ્ય કહી શકાય. તેમની પાસે ચીમટાધારી દશ હજાર સાધુઓની સેના રહેતી હતી. વૈષ્ણવદાસજીએ ઔરંગઝેબની સેના સાથે ત્રીસ વાર લડાઈ લડી હતી.

બીજા બાબા રામચરણદાસજીએ પણ જબરજસ્ત ટક્કર આપી હતી. લખનૌના નવાબ વાજિદઅલી શાહના સમયમાં ઘનઘોર યુદ્ધ કરીને વિજય મેળવ્યો હતો. અંતે તેમને કુબેરટીલા ઉપર આમલીના વૃક્ષની ડાળમાં ફાંસીએ લટકાવી દીધા હતા.

માત્ર હિન્દુઓ જ નહીં પણ અમીરઅલી નામનો એક મુસ્લિમ પણ રામભક્તો સાથે સંઘર્ષમાં લાગી ગયો હતો. તેને પણ ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો હતો.

પૂર્વ કહ્યું તેમ સ્વામી મહેશ્વરાનંદ, આનંદ સંપ્રદાયના સંન્યાસી હતા. તેમણે આનંદમાર્ગી ચોવીસ હજાર સંન્યાસીઓની સેના બનાવીને વારંવાર યુદ્ધ કર્યું હતું. અંતે તેઓ યુદ્ધમાં શહીદ થઈ ગયા. સ્વામી બલરામાચાર્ય, રાજા ગુરુદત્તસિંહ, ઠાકુર ગજરાજસિંહ, મહંત ઉદ્ધવદાસ, રાજા દેવીબક્ષ, રાજા મહેતાબસિંહ, રાજકુમાર સિંહ વગેરે અનેક વીરોએ આ સંઘર્ષમાં જબરજસ્ત ભાગ લીધો હતો. લગભગ ૪૬૫ વર્ષ સુધી રામજન્મભૂમિ મુસ્લિમોને આધીન રહી. પણ અંતે રામભક્તોએ વિજય મેળવ્યો અને હવે અત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીના નેતૃત્વમાં ભવ્યાતિભવ્ય રામમંદિર બની રહ્યું છે. આપણે ગુજરાતીઓએ ગૌરવ લેવાની વાત એ છે કે આ મંદિરની સંપૂર્ણ ડિઝાઈન ગુજરાતના આર્કિટેકટ સોમપુરાએ બનાવી છે અને તેમની દેખરેખમાં રાત-દિવસ કામ ચાલી રહ્યું છે.

તા.૮-૧૦-૨૦૨૧

*

યોગીજીની નવી અયોધ્યા

જ્યારે બાબરી ધ્વંશ થતી હતી ત્યારે સામેના મંચ ઉપર આખું આયોજન કરનારા શ્રી લાલકૃષ્ણ અડવાણી, શ્રી મુરલી મનોહર જોષી, શ્રી વિનય કટિયાર, સુશ્રી. ઉમાભારતી વગેરે ખૂબ રાજી થઈ રહ્યાં હતાં. તેમાં ઉમાભારતી તો નાની બાળકી જેમ કૂદાકૂદ કરે તેમ કૂદાકૂદ કરીને હર્ષ વ્યકત કરી રહી હતી. ગુજરાતના વયોવૃદ્ધ કે. કા. શાસ્ત્રી પણ પહોંચી ગયા હતા. આ પણ એક માનસિકતા હતી કે સદીઓ જૂની અમારી ધરોહરને જોરજબરદસ્તીથી મસ્જિદનું રૂપ આપનાર બાબરના સેનાપતિ મીરબાંકીની જાણે અંત્યેષ્ટિ થઈ રહી હોય તેવું લાગી રહ્યું હતું!

કદાચ બહુ થોડા માણસોને ખબર હશે કે ઉઝબેકિસ્તાનનો બાબર ૧૨ વર્ષની ઉંમરે જ બાદશાહ બન્યો હતો. અને જ્યારે ભારત ઉપર ચઢી આવ્યો ત્યારે તેણે પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમ લોદીની મોટી સેનાને હરાવીને દિલ્હી ઉપર મોગલવંશની સ્થાપના કરી હતી. જોકે તેણે માત્ર ચાર-પાંચ વર્ષ જ રાજ ભોગવ્યું હતું. આ સમય દરમિયાન તેણે ‘બાબરનામા’ નામનું પોતાનું જીવનચરિત્ર ટર્કી ભાષામાં લખ્યું હતું. પાછળથી તે અનેક ભાષાઓમાં અનૂદિત કરવામાં આવ્યું છે. જેમાં ભારતમાં ઇંગ્લિશને વધુ પ્રચાર મળ્યો છે. બાબરનામામાં તેણે ભારત અને ભારતીયો વિશે ખૂબ હલકી નિંદા કરી છે. જે અહીં લખવી યોગ્ય લાગતી નથી પણ આ સ્વાભાવિક છે. હંમેશાં વિજયી સેનાપતિઓ પરાજિત રાજાઓ તથા પ્રજાઓ માટે બહુ હલકો અભિપ્રાય ધરાવતા હોય છે. આમ જુઓ તો પરાજય એ જ પાપ છે અને વિજયમાં હજાર પાપ ધોવાઈને યશની કલગી લગાવી દેવામાં આવતી હોય છે.

હવે આપણે જે હેતુ માટે આવ્યા છીએ અર્થાત્ રામજન્મભૂમિનાં દર્શન કરવા માટે – તેની વાત કરવાની છે. સવારે ‘તારાજી રિસોર્ટ’માં બહુ સરસ નાસ્તા-પાણી કરીને અમે બધાં નીકળી પડ્યાં અને રામજન્મભૂમિથી દોઢ-બે કિલોમીટર દૂર વાહનોના પાર્કિંગમાં પહોંચી ગયાં. અહીંથી આગળ વાહનોને જવા દેવામાં આવતાં નથી. એટલે મને વ્હીલચેરમાં બેસાડીને બાકીના બધા પગપાળા આગળ ચાલ્યા. થોડોથોડો વરસાદ આવી રહ્યો છે છતાં પણ ચાલુ વરસાદે બનાવેલી પગદંડીમાં અમે બધાં આગળ વધ્યાં. ચાર-પાંચ જગ્યાએ સખત ચેકિંગ કરવામાં આવે છે. બૉલપેન પણ લઈ જવા દેવામાં આવતી નથી. મારી પાસે જે બૉલપેન હતી તે પોલીસે લઈ લીધી. અમે આગળ વધ્યા અને પ્રવેશદ્વારમાં જ મુલાયમસિંહના ગોળીબારમાં શહીદ થયેલા ત્રણ કોઠારી અને ગુપ્તા ભાઈઓનાં મોટાં ચિત્રો જોયાં. કેટલા લોકો શહીદ થયા હશે? તેમાં વિદેશી આક્રાંતાઓના હાથે જે હજારો શહીદ થયા તે તો સમજ્યા પણ જે દેશી શાસકોના હાથે શહીદ થયા તેમને કદી માફ કરી શકાય નહીં. આ ધ્વસ્ત ઢાંચાની જગ્યાએ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પમી ઑગસ્ટના રોજ ભૂમિપૂજન કરાવ્યું હતું. તે પછી તરત જ નિર્માણકાર્ય શરૂ થઈ ગયું હતું. ખરેખર તો નિર્માણકાર્ય બે-ચાર વર્ષ પહેલાંથી જ કરવામાં આવી રહ્યું હતું. કારણ કે રાજસ્થાનમાંથી પથ્થરોની શિલાઓ લાવીલાવીને અહીં ઢગલો થતી હતી અને કારીગરો ટાંકણાં અને હથોડા લઈને રાત-દિવસ શિલાઓને ટીચ-ટીચ કરીને આકાર આપી રહ્યા હતા. લગભગ ઘડતર પૂરું થઈ ગયું છે. હવે નંબર પ્રમાણે આ બધી શિલાઓને ગોઠવી દેવાનું કામ બાકી છે. મોટીમોટી ક્રેનો દ્વારા તેમને ઉઠાવીને જે-તે જગ્યાએ ગોઠવવામાં કોન્ટ્રાક્ટરો દિવસરાત તત્પર રહે છે. અમે રામશિલા વર્કશોપ જોઈ રહ્યા છીએ. રામજન્મભૂમિ જોતાં પહેલાં આ સ્થળ જોવું જરૂરી લાગે છે, કારણ કે, અહીં તૈયાર થયેલા પથ્થરો દોઢ કિલોમીટર દૂર રામજન્મભૂમિ મંદિરમાં લગાવવાના છે. ૯૦% શિલાઓ ઘડવાનું કામ પૂરું થઈ ગયું છે. માત્ર ૧૦% જ બાકી છે. હવે અમે ભારતભરમાંથી આવેલી ‘શ્રીરામ’ નામ કોતરેલી લાખો ઇંટોનો વિશાળ થપ્પો જોઈ રહ્યા છીએ. જ્યારે મંદિરનો ઉપરનો ભાગ બનશે ત્યારે આ

ઈંટોનો ઉપયોગ તેમાં કરવામાં આવશે. આ ઈંટો આપનારા, લાવનારા અને ગોઠવનારા ધન્યધન્ય થઈ ગયા.

જોવા જતાં પહેલાં બધા યાત્રિકો નજીકના જ રાજમહેલ વગેરે સ્થાનોનાં દર્શન કરવા ગયા. હું ગાડીમાં બેસી રહ્યો. એવામાં એક વૈરાગી સંત આવ્યા. વાતો કરી. મેં તેમને સો રૂપિયા આપવા માંડ્યા પણ તેમણે ના પાડી. બહુ જક કરી ત્યારે માંડ લીધા. ઢગલાબંધ ભિખારીઓના ત્રાસ વચ્ચે આવા કોઈ-કોઈ વિરલ સંત મળી જતા હોય છે. આવા જ એક સંત સર્યૂ નદીના પુલ ઉપર મળ્યા હતા. તેમને પણ સો રૂપિયા આપતાં મારો દમ નીકળી ગયો હતો. માત્ર એક જ ગાતી લગાવેલા આ ફક્કડને જોઈને અમે ધન્ય-ધન્ય થઈ ગયા હતા. તમે તીર્થમાં જાઓ ત્યારે આવા વિરલ સંતનાં દર્શન કરવા માટે જિજ્ઞાસાપૂર્વક આવા સંતોને શોધતા ફરતા રહેજો. કદાચ મળી પણ જાય. પણ એટલું યાદ રહે કે આવા સંતો હજારોમાં કદાચ એકાદ હોઈ શકે.

અંતે અમે રામજન્મભૂમિનાં દર્શન કરવા આગળ વધ્યા. લગભગ પાંચ હજાર જેટલા પોલીસ અને સેનાના જવાનો વ્યવસ્થામાં રોકાયેલા તત્પર જોવા મળ્યા. બધાએ ખૂબ પ્રેમથી રામજન્મભૂમિમાં સ્થાપિત પ્રતિમાઓનાં દર્શન કરીને પાછા ફર્યા. પણ બહેનોની પોલીસ ટુકડીમાંથી એક યુવતી દોડતી આવી. એ મને ઓળખી ગઈ હતી, કારણ કે, તે મહેસાણા તરફની હતી. બનતા સુધી કોઈ ચૌધરીની દીકરી હોવી જોઈએ. તેણે સાથી સ્ત્રીપોલીસ બહેનોને કહ્યું કે જુઓ જુઓ અમારા ગામના સ્વામીજી પધાર્યા છે. હું તેમનાં દર્શન કરીને તરત જ પાછી આવું છું. અમે તેને કાજુ- કિસમિસનો પ્રસાદ આપ્યો. તે રાજીરાજી થઈ ગઈ. ગુજરાતથી સેંકડો કિલોમીટર દૂર આવા ટ્રેન્શનભર્યા વિવાદિત સ્થળમાં કોઈ ગુજરાતની વીરાંગના હાથમાં સ્ટેનગન લઈને ખડેપગે પહેરો દેતી હોય તેનું ગૌરવ કયા ગુજરાતીને ના થાય? હવે છોકરીઓને માત્ર ચાર દીવાલમાં પૂરી રાખીને લાંબો ઘૂમટો તણાવીને બહુ ધીમા અવાજે માંડ બોલતી કરીને રાખવાનો યુગ ચાલ્યો ગયો છે. મેં ઇઝરાયલમાં જુવાન સ્ત્રીઓને ચાર રસ્તા ઉપર ભરેલી બંદૂકે ચોકી કરતાં જોઈ હતી. આપણે પણ એ જ રસ્તે આગળ વધી રહ્યા છીએ. એનો આનંદ છે.

અયોધ્યાનાં બીજાં બધાં મહત્ત્વનાં દર્શનીય સ્થળો જોઈને અમે હવે વાલ્મીકિભવન પહોંચ્યા છીએ. વાલ્મીકિભવનના ગાદીપતિ અત્યારે શ્રી નૃત્યગોપાલદાસજી મહારાજ છે. હું જ્યારે કાશીમાં ભણતો હતો ત્યારે એટલે કે ૫૦ વર્ષ પહેલાં નૃત્યગોપાલજી પણ મારી સાથે ભણતા. અમે એક જ કક્ષામાં સાથે ભણતા તે યાદ આવી ગયું. તે પછી તે તો અહીં મનીરામબાબાની છાવણીના મહંત બની ગયા અને હું ગુજરાત આવી ગયો. વર્ષો વીતી ગયાં. તે આગળ વધતાંવધતાં ઘણા આગળ વધ્યા. તેમણે સૌથી પહેલું કામ ગુરુજીએ વારસામાં મૂકેલ કરોડો રૂપિયા ખર્ચીને આ વાલ્મીકિભવન બનાવવાનું કર્યું. એટલે અયોધ્યાનાં દર્શનીય સ્થાનોમાં આ સ્થાન પણ ઉમેરાઈ ગયું. કેટલાક લોકો પૈસો ભેગો તો કરી શકે છે, પણ વાપરી શકતા નથી. જ્યારે કેટલાક લોકો પૈસો ભેગો કરીને વાપરી પણ શકતા હોય છે. જે લોકો પૈસો વાપરે છે ખરેખર તો તેમનો જ પૈસો કહેવાય. નૃત્યગોપાલદાસજીએ મનમૂકીને પૈસો વાપર્યો તો એટલી આવક થઈ કે આખું વાલ્મીકિભુવન બંધાઈ ગયું. અને પહેલાંનો પૈસો એમ ને એમ પડ્યો રહ્યો!

પૂર્વ કહ્યું તેમ આ સ્થાનને 'છાવણી' કહેવાય છે. આવી બે-ચાર છાવણીઓ અહીં અયોધ્યામાં છે. જ્યાં સેંકડો પહેલવાન જેવા સાધુ-સંતો ભોજન કરે છે. આ મનીરામબાબાની છાવણીમાં જ પાંચસો સાધુઓનું રસોડું થાય છે. આ સાધુઓ જરૂર પડે ત્યારે ધર્મરક્ષા માટે દુશ્મનોનો મુકાબલો પણ કરતા રહ્યા છે. જોકે હવે તેવો પ્રસંગ આવતો નથી, કારણ કે દેશ સ્વતંત્ર થઈ ગયો છે અને વિધર્મીઓનાં આક્રમણો બંધ થયાં છે. તોપણ છાવણીઓનાં રસોડાં

ચાલી રહ્યાં છે. વાલ્મીકિભુવનમાં સંપૂર્ણ વાલ્મીકિ રામાયણના બધા શ્લોકોને તક્તીઓમાં કોતરીને લગાવવામાં આવ્યા છે. કદાચ અત્યારે તો તેનું બહુ મહત્ત્વ નહીં હોય પણ ન કરે નારાયણ અને આગળ જતાં જે મુસ્લિમકાળ જેવો વિધ્વંસકાળ આવે તો ત્યારે આ કોતરેલા પથ્થરો ઇતિહાસ બનીને પુરાવારૂપ સાબિત થશે. મંદિરમાં મહર્ષિ વાલ્મીકિજીની ભવ્ય પ્રતિમા છે. આજુબાજુ શ્રી રામપંચાયતન છે. આ બધાનાં દર્શન કરીને અમે મનીરામબાબાની છાવણીના દરવાજે પહોંચ્યા. મેં નૃત્યગોપાલદાસજીનું ઠેકાણું પૂછ્યું તો જવાબ મળ્યો કે તે ઉપરના મેડા ઉપર રહે છે. મેં મારું નામ આપ્યું અને કહ્યું કે તમને મળવા આવ્યા છીએ. તે મને ઓળખી ગયા. તેમને કોરોના થયો હોવાથી તે કાચની કેબિનમાં પુરાઈને રહે છે તેથી બહાર નીકળતા નથી. અયોધ્યાની વિશિષ્ટ વ્યક્તિઓમાં તેમનું સ્થાન છે. રામજન્મભૂમિ ટ્રસ્ટના પણ તે અધ્યક્ષ છે એટલે ૮-૧૦ કમાન્ડો તેમની સુરક્ષા માટે હંમેશાં હાજર રહે છે. મારાથી સીડીઓ ચઢાતી નથી અને તેમનાથી બહાર નીકળાતું નથી. એટલે તેમણે ખાસ ખુરશી મોકલીને પોતાના માણસો મોકલ્યા અને કહ્યું કે ગમેતેમ ઊંચકીને પણ સ્વામીજીને અહીં લઈ આવો. એ રીતે સાંકડી સીડી ચઢાવીને મને ઉપર લઈ જવામાં આવ્યો. કેબિનમાં પલાંઠી વાળીને બેઠેલા તેમનાં મેં દર્શન કર્યાં. ખૂબ સમય સુધી અમે એકબીજાની સામે બેસી રહ્યા, કારણ કે, વાત તો થાય એમ ન હતું. બન્ને વચ્ચે ૧૦-૧૫ ફૂટ અંતર હતું. પાછી કેબિન બંધ હતી. અંતે દર્શન કરીને મેં વિદાય લીધી.

અમારે ત્યાં ગાદી પણ પુજાય છે. જેમ ગાદી મોટી તેમ બેસનારો પણ મોટો બની જતો હોય છે. જે લોકો ગાદી વિના પણ મોટા થતા હોય છે તે સાચા મોટા હોય છે. બાકી ગાદી ઉપર બેસનારા બધા સાચા મોટા હોતા નથી. ગાદીની મોટાઈથી જ તેમની મોટાઈ ગણાતી હોય છે. જો ગાદી નીકળી જાય તો બેસનારો 'ઝીરો' થઈ જાય. આ ગાદી સત્તાની હોય કે ધર્મની હોય. ગમે તે હોય પણ ગાદી એટલે ગાદી, અને ગાદી ગરમી વિનાની હોય નહીં. જેમ જેમ ગાદી મોટી થતી જાય તેમતેમ તેની ગરમી પણ વધતી જાય. એટલે ઉપર બેસનારને આ ગરમી લાગવા માંડે. કોઈ ગાદીપતિ ગરમ મિજાજનો હોય તો તેના પ્રત્યે ઘૃણા ના કરવી, કારણ કે, આ ગરમી ગાદીમાંથી આવેલી છે. કદાચ ઘૃણા કરનારો પોતે પણ આવી કોઈ નાનીમોટી ગાદી ઉપર બેઠો હોય તો તે પણ ગરમમિજાજી થઈ જાય. પણ ગાદી ઉપર બેસવા છતાં પણ જેને રતિભાર ગરમી ના ચડે તો સમજવું કે તે માત્ર મહંત નથી પણ સાચો સંત પણ છે. આવા સંત મળવા દુર્લભ કહેવાય. ગાદી ઉપર બેસીને પણ શિવાજી અને ગોંડલના મહારાજા ભગવતસિંહજી જેવા કેટલાક રાજાઓ ગરમી વિનાના રહ્યા હતા.

હમણાં થોડા સમય પહેલાં મારે ત્યાં એક બહુ મોટી પરોપકારી સંસ્થા ચલાવનારા કાર્યકર્તા આવ્યા, જ્યાં લાખો રૂપિયાનો વહીવટ ચાલે છે. તેમણે મને દંડવત પ્રણામ કરીને કહ્યું કે મને એવા આશીર્વાદ આપો કે મારામાં સ્વપ્ને પણ રતિભાર અભિમાન ન થાય. સારાં કામો કરવાનું પણ અભિમાન થતું હોય છે. આવું અભિમાન ગરમીનું સૂચક છે. આ ગરમી જો હદ બહાર વધી જાય તો ઊંચા સ્થાને બેઠેલી વ્યક્તિનું પણ પતન થઈ જતું હોય છે. મેં કહ્યું કે આવો આશીર્વાદ માત્ર તમારે જ માંગવાનો નથી પણ મારે પણ માંગવાનો છે. હું પણ એક સમયે ટુકડા રોટલા માટે ટળવળતો હતો. પરમેશ્વરે કૃપા કરીને આજે મને મારાથી ઊંચકી ન શકાય તેટલું આપ્યું છે. હજારોને જમાડવાની પ્રવૃત્તિ પણ કરાવી છે. એટલે આવી ઊંચાઈએ પહોંચીને મને પણ અભિમાન ના થઈ જાય તે જરૂરી છે. એટલે હું તમને આશીર્વાદ આપું અને તમે મને આશીર્વાદ આપો કે આપણે દાસાનુદાસ, દીનમાં દીન થઈને સત્કર્મોની પ્રવૃત્તિ કરતા રહીએ પણ રતિભાર અભિમાન ના થાય.

આમ અયોધ્યાનાં દર્શન તથા સાધુસંતોનાં દર્શન કરતાં-કરતાં અમે પાછા અમારા ઉતારે

આવી ગયા. રસ્તામાં જેટલા સાધુસંતો મળ્યા જે મોટા ભાગે વૈરાગી જ હતા તે બધાંને ૧૦૦-૧૦૦ રૂપિયા વહેંચતા વહેંચતા ઉતારે આવ્યા. આવી પળો જીવનમાં રોજ-રોજ નથી આવતી હોતી. કોઈ-કોઈ વાર જ આવતી હોય છે. પરમેશ્વરનો ખૂબ આભાર કે તેણે આદિત્યનાથ યોગીજીની નવી અયોધ્યાનાં દર્શન કરાવ્યાં.

તા.૯-૧૦-૨૦૨૧

*

પાછા વળતાં સાબરમતી એક્સ્પ્રેસમાં...

અમે 'તારાજી રિસોર્ટ'માં ઊતર્યા છીએ અને આ ભવ્ય રિસોર્ટમાં બે દિવસથી આનંદ કરી રહ્યા છીએ. અમારે આવતીકાલે એટલે કે ૨૬-૦૯-૨૦૨૧ના રોજ વિદાય લેવાની છે. વિદાય પહેલાં સૌનું સ્વાગત-સન્માન કરી લેવું એ અમારી પ્રકૃતિ છે. અમે લોકોને વારંવાર સમજાવીએ છીએ કે કદાચ આગમન બગડે તો ભલે બગડે પણ વિદાય ન બગડવી જોઈએ. કોઈ સ્થળે આગમન કર્યા પછી કદાચ પૂરતી અનુકૂળતા ન રહે તોપણ તેવા આગમનને નિભાવી લેવું એ વ્યાવહારિક ડહાપણ કહેવાય. પણ ઘણી પ્રતિકૂળતા પછી પણ જ્યારે વિદાય થવાનો પ્રસંગ આવે ત્યારે પ્રતિકૂળતાઓને ભૂલી જઈને સૌને રાજી કરીને આનંદપૂર્વક વિદાય થવું એ સંતોની વ્યાવહારિકતા કહેવાય. જે લોકો જીવનમાં ગંભીર નથી હોતા પણ તુંડમિજાજી હોય છે તે સારામાં સારા આગમનને પણ ખરાબ રીતે વિદાયમાં બદલી નાખતા હોય છે.

અમારી આ આખી ટૂરની વ્યવસ્થા શક્તિ ટ્રાવેલ્સવાળા શ્રી મહેશભાઈએ કરી છે. રિસોર્ટના ઉપરના માળે વિશાળ હૉલ હોવાથી ત્યાં બધાંની સભા ભરીને તેમને ફૂલહાર તથા શાલ ઓઢાડીને સાથે-સાથે પંચધાતુની ભગવાન શ્રીરામની ભવ્યપ્રતિમા અર્પણ કરીને તેમનો આભાર તથા સત્કાર કરવામાં આવ્યો. શ્રી મહેશભાઈ ગદ્ગદ થઈ ગયા, કારણ કે, બધી ટૂરોના બધા યાત્રિકો આ રીતે સત્કાર-સન્માન કરતા હોતા નથી.

યાત્રિકોએ મારું પણ ભવ્ય સન્માન કર્યું અને પંચધાતુની હનુમાનજીની ભવ્યપ્રતિમા તથા બહુ મોટો ફૂલનો હાર પહેરાવીને તથા શાલ ઓઢાડીને મારું સન્માન કરવામાં આવ્યું. ખરેખર તો આ પ્રવાસમાં મારી કોઈ મહત્ત્વની ભૂમિકા કે પ્રદાન ન હતું. હું પણ સૌની માફક યાત્રાળુ થઈને સાથે આવ્યો હતો. તોપણ બધા યાત્રાળુઓએ મારી ઇચ્છા ન હોવા છતાં હઠ કરીને મારું સત્કાર-સન્માન કર્યું. તે પછી આટલા દિવસ સુધી કાશીથી અયોધ્યા સુધી બસમાં અને ઈનોવામાં સાથે-સાથે લઈને ફરનારા ડ્રાઇવરો, કંડક્ટરો અને મૅનેજરોને પણ કવર આપીને સન્માન કર્યું. અમે ડ્રાઇવરને પૂછ્યું કે અહીં તમને કેટલો પગાર મળે છે? તો તેણે જવાબ આપ્યો કે છથી સાડા છ હજાર જેટલો પગાર મળે છે. ગુજરાતની દૃષ્ટિએ બહુ ઓછો કહેવાય. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં દશ હજારથી અને સુરતમાં વીસ હજારથી ઓછા પગારે સારો ડ્રાઇવર મળતો નથી. અમે તેને પાંચ પાંચ હજાર અને કંડકટરોને બે-બે હજાર બક્ષિસ આપી તેથી તે તો રાજી-રાજી થઈ ગયા. આ રીતે બધાનું સ્વાગત-સત્કાર કર્યા પછી રિસોર્ટના જેટલા કર્મચારી હાજર હતા અને જે હાજર ન હતા તે બધાને મેં મારા તરફથી ૫૦-૫૦ રૂપિયા બક્ષિસ આપી. રિસોર્ટ મોટો હોવાથી સ્ટાફ પણ મોટો હતો. બધાંને મુઠ્ઠો ભરીભરીને કાજુ-કિસમિસનો પ્રસાદ તો રોજ વહેંચીએ જ છીએ. હું ચાર થેલા ભરીને કાજુકિસમિસ વગેરે મેવો લાવ્યો હતો. કારણ કે, આશ્રમમાં જે લોકો મળવા આવે તેમાંનાં કેટલાક કંઈ ને કંઈ મેવો લાવે. તે પડ્યો રહે. તેનો ઉપયોગ આવા સમયે યાત્રામાં કરવામાં આવતો રહે છે. અધૂરામાં પૂરું ઊંઝાના શ્રી દશરથ પટેલ પણ બે થેલા ભરીને કાજુ-કિસમિસ-બદામ વગેરે લઈ આવ્યા હતા. મેં પૂછ્યું કે આટલો બધો ખર્ચો કરવાની શી જરૂર? તો તેમણે જવાબ આપ્યો કે આ ખર્ચો તો કાંઈ નથી. આથી પણ વધારે ખર્ચો કરું તોયે ઓછો કહેવાય. પોપટલાલે મારું સમાધાન કર્યું કે દશરથની પત્નીને ચામડીનું ભયંકર દર્દ થયું હતું. તેની દવા છેક મુંબઈ સુધીના મોટામોટા ડૉક્ટરો પાસે કરાવી હતી પણ કોઈ સારું પરિણામ આવ્યું ન હતું. છેવટે તમારે ત્યાં આશ્રમની દવા કરાવી અને બધું મટી ગયું. દશરથ આને ચમત્કાર માને છે. તેથી પેલા હજારો રૂપિયા બરબાદ થયા તેની તુલનામાં આ યાત્રાળુઓ માટેનો થોડો પ્રસાદ લાવવો સારો કહેવાય, એમ સમજીને પ્રસાદ લાવ્યા છે. મેં પરમેશ્વરનો આભાર માન્યો, કારણ કે પરમેશ્વર તમને યશ

અપાવે છે અને અપયશથી બચાવે પણ છે. તેના અનેક અનુભવો મને થયા છે. અમે અમારા આશ્રમમાં ચર્મરોગની જે દવા આપીએ છીએ તે બહુ સામાન્ય છે. તેમાં કશું અદ્ભુત નથી. દર વર્ષે વેસેલિનનું પીપ મંગાવીને તેમાં નિર્ધારિત પાઉડર મેળવીને પુષ્કળ દવા બનાવવામાં આવે છે. અને લોકોને વહેંચવામાં આવે છે. આવા પાઉડર તો બજારમાં જોઈએ એટલા મળે છે. અમે લોકોને લખી પણ આપીએ છીએ. તોપણ લોકો આશ્રમમાંથી જ મલમ લેવાનો આગ્રહ રાખે છે. પરમેશ્વરની કૃપાનો અનુભવ કરવો એ જ એનો સાક્ષાત્કાર કહી શકાય. આ રીતે સત્કારસમારંભ કરીને બે-ચાર વક્તાઓએ પ્રવચનો કર્યાં. અને છેવટે મારે ન'તું કરવું તોપણ આગ્રહ કરીને કોઈએ મારી પાસે પ્રવચન કરાવ્યું. લગભગ કલાક-સવાકલાક સુધી હું બોલતો રહ્યો અને કેટલાક લોકોએ તો આ પ્રવચનને મીડિયામાં વહેતું પણ મૂકી દીધું. છેક અમેરિકાથી પ્રતિક્રિયાઓ આવવા માંડી. આ બધું પરમેશ્વરની કૃપા નહીં તો બીજું શું કહેવાય?

અમે વિખરાયા અને હવે જેને જે કંઈ ખરીદ કરવું હોય તે ખરીદ કરવા માટે અયોધ્યાની બજારમાં પહોંચી ગયા. ખરીદીનું કામ જેટલું બહેનો કરે તેટલું પુરુષો ના કરે. પુરુષો તો કમાણીનું કામ કરે અને બહેનો ખરીદીનું કામ કરે. આમ બન્નેએ કાર્યોની વહેંચણી કરી લીધી છે. ખાસ કરીને બહેનો જ્યારે યાત્રામાં આવે ત્યારે એકેએક બહેનપણીને, સગાંવહાલાંને યાદ કરીકરીને તેમના માટે શક્તિ પ્રમાણેની વસ્તુઓ ખરીદે અને આપે ત્યારે આનંદઆનંદ થઈ જાય. લુખ્ખા લોકો કમાણી તો કરે પણ ખરીદી ના કરે. અને કદાચ દેખાદેખીથી ખરીદી કરે તો કોઈને આપતાં જીવ ના ચાલે. તેમની પાસે વસ્તુઓ પડીપડી સડી જાય પણ આપી ના શકે. આવા લોકો યશ-કીર્તિ કમાતા નથી હોતા.

આજે તા. ૨૬-૦૯-૨૦૨૧ છે અને યાત્રાનો છેલ્લો દિવસ છે. અમારી ટ્રેન સાંજે ૬:૦૦ વાગે આવવાની છે એટલે અમારી પાસે આખો દિવસ ખાલી છે. અમે બધાંએ પાસેના નંદીગ્રામ જવાનું નક્કી કર્યું. ચા-નાસ્તો કરીને બધાં નીકળી પડ્યાં. અયોધ્યા પાર કરીને નાનાં-નાનાં ગામો અને ખેતરો વટાવતાં-વટાવતાં અમે નંદીગ્રામ પહોંચી ગયાં. નંદીગ્રામમાં ભરતમિલાપનું નાનું સરખું મંદિર છે. અમે બધાં દર્શન કરવા ગયાં તો ત્યાંના વૈષ્ણવ સંત દોડતા-દોડતા આવ્યા અને મારા માટે ખુરશી વગેરેની વ્યવસ્થા કરી તથા દર્શનની વ્યવસ્થા પણ કરી આપી. અહીં સાધુસંતો તો રહે છે પણ સાથેસાથે પાઠશાળા હોવાથી સંસ્કૃત ભણનારા વિદ્યાર્થીઓ પણ રહે છે. બધાંને બોલાવીને કાજુ-કિસમિસનો પ્રસાદ આપ્યો અને બધાંને દક્ષિણા પણ આપી. મંદિરના મહારાજશ્રીએ બધા યાત્રાળુઓ માટે જમવાની ઑફર કરી. પણ અમે આભાર સાથે અસ્વીકાર કર્યો કારણ કે અમારી પાસે હજી ઘણું ભાથું હતું. તેનો ઉપયોગ કરી લેવાનો હતો. અમે આનંદપૂર્વક વિદાય થયા.

અહીં પાસે જ બહુ મોટું વિશાળ સરોવર આવેલું છે. જેમાં કમળ ખીલ્યાં છે. યાત્રાળુઓનાં ટોળેટોળાં ન્હાવા તથા દર્શન કરવા આવી પહોંચ્યાં છે. મેં કલ્પેશને નોટોની થપ્પી આપી અને કહ્યું કે, જાઓ સૌને ૫૦-૫૦ અથવા ૨૦-૨૦ રૂપિયા વહેંચી આવો. કહેવાની જરૂર નથી કે આવી થપ્પી લોકો જ મને આપતા રહે છે અને હું વહેંચતો રહું છું. અમારો સિદ્ધાંત છે : 'ઈનકમિંગ ઍન્ડ આઉટ ગોઈંગ.' હું હંમેશાં આ સિદ્ધાંતના આધારે જીવન વિતાવી રહ્યો છું. લગભગ ૧૫ મિનિટ પછી કલ્પેશ અને જિજ્ઞેશ આવ્યા અને મને કહ્યું કે કોઈ યાત્રાળુ પૈસા લેતા નથી. આ ગામડાના ગરીબ મેલાંઘેલાં, ટૂંકાં વસ્ત્રો પહેરીને આવેલા યાત્રાળુઓ હતા. પણ તેમનું મૉરલ ઊંચું અને ઊજળું હતું. તે જોઈને મને આનંદ થયો. પ્રવાસમાં 'દેવદર્શન' કરવા કરતાં આવાં 'મૉરલદર્શન' કરવાનો આનંદ વધુ અદ્ભુત હોય છે. કલ્પેશને મેં કહ્યું કે આગ્રહ કરીને આપવા હતા ને! તો કહે કે બધાં એક જ વાત કહેતાં હતાં કે બાબાજીના પૈસા ના લેવાય, તેમને તો દેવાય. પણ લેવાય નહીં. આવાં વાક્યો સાંભળીને જેને જે પ્રેરણા લેવી હોય

તે લઈ શકે છે. જેની પાસે કશું ના હોય પણ પ્રેરણા આપવાનું ભાથું વધારે હોય તેને 'પ્રેરણાધનાઢ્ય' કહેવાય. આ બધાં ગરીબ, ગામડિયાં યાત્રાળુઓ પ્રેરણાધનાઢ્ય હતાં. તેમનાં દર્શનથી પણ ધન્યતા થઈ.

હવે અમે ફૈજાબાદ તરફ રવાના થઈ ગયાં છીએ, કારણ કે બપોરનો એક વાગી રહ્યો છે અને ચાર વાગ્યા સુધીમાં અમારે ફૈજાબાદ પહોંચી જવાનું છે. પણ મારી નજર રોડ ઉપર કોઈ શાકાહારી વૈષ્ણવ ઢાબાને શોધી રહી છે. અહીં ઢાંબાં તો ઘણાં હોય પણ શુદ્ધ શાકાહારી ભાગ્યે જ હોય. તેથી જરા સાવધાની રાખવી પડે છે. ઘણું ચાલ્યા પછી મારી નજર એક ઢાબા ઉપર પડી અને મેં ત્યાં તપાસ કરવા જિજ્ઞેશને અને કલ્પેશને મોકલ્યા. એવું પૂછવાનું કે અહીં નોનવેજ મળે છે? તેમણે તેવું પૂછ્યું કે તરત જ પેલા સજ્જને કહ્યું કે, 'નહીં, નહીં. યહાં તો શુદ્ધ શાકાહારી ભોજન હી મિલતા હૈ.' મેં જે પૂછાવડાવ્યું હતું તે એટલા માટે કે નોનવેજવાળા પણ જુએ કે જમનાર યાત્રાળુઓ શાકાહારી છે તો તરત જ બોલી ઊઠે કે, 'હાં, હાં સાહબ, હમારે યહાં તો શાકાહારી હી બનતા હૈ.' આ રીતે લુચ્ચાઈથી પણ ધંધો થતો હોય છે. વળી પાછું આ સિંહ ઢાબામાં ૧૦૦ રૂપિયામાં જ ચાર રોટલી, દાળ, ભાત, શાક વગેરે મળતું હતું. અમને ઠીક લાગ્યું એટલે ઈનોવા તથા બસને રોડ ઉપરથી ઉતારીને ઢાબા આગળ લઈ ગયા. ઢાબાવાળાએ ફટાફટ તંદૂરમાં રોટલીઓ બનાવવા માંડી. અમારા માટે મેંદાની રોટલી ના બનાવતાં ઘઉંના સામાન્ય આટાની રોટલી બનાવી. રોટલીઓ એવી હતી કે ચાર રોટલીમાં બે ગુજરાતીઓ જમે. તેથી બબ્બે વચ્ચે એકએક ડિશ મંગાવી અને દાળ તો ખવાય નહીં એટલી આપે. મેં અને પોપટલાલે એક જ ડિશમાં તૃપ્તિ કરી લીધી. દોઢ રોટલીમાં હું ધરાઈ ગયો અને અઢી રોટલી પોપટલાલ માટે પૂરતી થઈ ગઈ. વધેલી દાળ પોપટલાલ પી ગયા. બધાંને ભારે તૃપ્તિ થઈ. ખરેખર તો આ ૫૦ રૂપિયામાં જમવાનું મળ્યું કહેવાય. આટલું સસ્તું, સ્વાદિષ્ટ અને સારું ભોજન કરાવનાર ઢાબાના માલિક નિરંજનસિંહને મેં બોલાવ્યા અને મારી પાસેની સોનેરી પેન ભેટ આપી. તે રાજીરાજી થઈ ગયા. મેં કહ્યું કે, 'આટલું સસ્તું તમને કેમ પોસાય છે?' તો નિરંજનસિંહે જવાબ આપ્યો કે, 'મારા બે દીકરાઓ સરકારી કચેરીમાં નોકરી કરે છે. તેમને મોટો પગાર મળે છે અને અમારું સંયુકત કુટુંબ છે. તેથી ઘરમાં ખાવાપીવાની કોઈ કમી નથી. વળી થોડી ખેતી પણ છે એટલે આ ઢાબો તો હું મારી 'હોબી' ખાતર ચલાવું છું. આ નિમિત્તે યાત્રાળુઓની સેવા કરવાનો મને ચાન્સ મળે છે અને જ્યારે યાત્રાળુઓ જમીજમીને તૃપ્ત થઈને વિદાય થાય છે ત્યારે તેમના ચહેરા જોઈને મારા આનંદનો પાર નથી રહેતો. 'હમારે લિયે યહી રામજન્મભૂમિકે દર્શન હૈ.' આવું સંભળાવીને બહુ ભારે શરીરવાળા નિરંજનસિંહ મને પગે લાગીને બીજા ગ્રાહકોની આવશ્યકતાઓ પૂરી કરવા રસોડા તરફ ચાલ્યા ગયા. હું તેમનાં દર્શન કરતો જ રહી ગયો. કોણ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં પણ પારમાર્થિક જીવન નથી જીવાતું? આ નિરંજનસિંહને જુઓ. કેટલો બધો સંતોષ છે! અને કેટલી ઉદારતા છે! તે હોબી ખાતર ધંધો કરે છે. ૧૦-૧૫ માણસોને રોજી આપે છે અને અનેક યાત્રાળુઓનાં સ્વાદિષ્ટ ભોજન દ્વારા પેટ ભરે છે. શું નફો કરવો એનું નામ જ ધંધો કહેવાય? અને નફામાં પણ કાળોનફો કરવો, કાળાબજાર કરવા એને જ ધંધો કહેવાય? પેટ તો કાળાબજારિયા પણ ભરે છે. અને આ નિરંજનનો પરિવાર પણ ભરે છે. બન્ને વચ્ચે કેટલો મોટો તફાવત છે!

નિરંજનસિંહે કહ્યું કે અમે ખોટ નથી કરતા પણ નફો કરવાની બહુ દાનત નથી. ભગવાને ઘણું આપ્યું છે અને સંતોષ છે. નિરંજનસિંહના 'સિંહઢાબા'નાં દર્શન કરીને ધન્યતા અનુભવતા અનુભવતા અમે વિદાય થયા અને ફૈજાબાદ પહોંચી ગયા. અમારી ટિકિટ અયોધ્યાથી હતી પણ અયોધ્યામાં સાબરમતી ટ્રેન માત્ર બે જ મિનિટ ઊભી રહેતી હોવાથી ૪૫ માણસોને ચઢવામાં હડાહડી થાય. તેથી એ જ ટ્રેન અહીં ફૈજાબાદ આવીને પૂરી ૧૦ મિનિટ ઊભી રહેતી

હોવાથી, અમે અહીંથી ટ્રેનમાં બેસવાનું નક્કી કર્યું પણ બે માણસોને અયોધ્યા મોકલી દીધા. જેથી અમારું બુકિંગ કેન્સલ ના થાય. હવે પ્રશ્ન એ હતો કે સ્ટેશન ઉપર ત્રણ કલાક કાઢવા કેવી રીતે? વેઇટિંગ રૂમમાં ગયા અને એક ખાલી સીટ ઉપર મેં લંબાવ્યું પણ થોડી જ વારમાં ભાવેશ સ્પેશ્યિલ વેઇટિંગ રૂમ શોધી લાવ્યો. આ વેઇટિંગ રૂમમાં દસ પલંગો હતા અને તે માત્ર લાંબી યાત્રાના પ્રવાસીઓ માટે હતા. જ્યારથી અયોધ્યામાં યોગીજીની સરકાર આવી છે અને દિલ્હીમાં ભાજપનું શાસન થયું છે ત્યારથી તીર્થક્ષેત્રો અને રેલવેસ્ટેશનો વગેરેમાં ઘણો સુધારો થયો છે. અયોધ્યાને ભવ્ય સ્ટેશન બનાવ્યું છે. લાંબીયાત્રા કરનારા માટે આ વિશેષ પ્રકારનો સૂવાનો વેઇટિંગ રૂમ બનાવ્યો છે. અમે વેઇટિંગ રૂમમાં જઈને પલંગ ઉપર લંબાવ્યું. અહીં પણ કેરટેકરને રાજી કર્યા. મને લાગ્યું કે કેરટેકર બહેન પછાત જ્ઞાતિની હતી. પુછાય તો નહીં પણ દેખાવ ઉપરથી થોડો આભાસ મળી જાય. વચગાળામાં રામવિલાસ પાસવાન બે-ત્રણ વાર રેલવેમંત્રી બન્યા હતા. તેમનું પહેલું કામ વધુમાં વધુ દલિતોને રેલવેમાં નોકરીએ લગાવી દેવાનું રહ્યું હતું. તેથી તે સમયમાં અસંખ્ય દલિતો એવી નોકરીએ લાગી ગયા હતા જેમાં કૉલેજની ડિગ્રીની જરૂરત ન હતી. ચાલો, સારું થયું. લોકોને રોજી તો મળી! અમે લાંબો સમય પ્રતીક્ષા કરતા રહ્યા. છેવટે ખબર પડી કે ટ્રેન એક કલાક મોડી આવવાની છે. અર્થાત્ છ વાગ્યાની જગ્યાએ હવે સાત વાગ્યે આવશે. સ્ટેશન હોય, બસસ્ટૅન્ડ હોય કે વિમાનમથક હોય. આ લેટ આવનારાં વાહનો પ્રવાસીઓ માટે બહુ ત્રાસદાયી બની જતાં હોય છે. હમણાં સમાચારપત્રમાં વાંચ્યું હતું કે જાપાનમાં એક ટ્રેન માત્ર પચાસ સેકન્ડ મોડી પડી એટલે ડ્રાઇવરે રાજીનામું આપી દીધું હતું. જાપાનમાં અનુભવ ખાતર મેં આ ટ્રેનમાં પ્રવાસ કરેલો. પણ ક્યાંય કોઈ ટ્રેન બે સેકન્ડ મોડી ના પડે. એટલું જ નહીં પણ નિર્ધારિત જગ્યાએ જ ડબ્બો આવે. તમે જ્યાં ઊભા હોય ત્યાં જ ડબ્બાનો દરવાજો આવે. તમારે સીધું ચઢી જવાનું. દોડાદોડી જરાય નહીં. પણ આ તો જાપાન કહેવાય. ભારતને હજી જાપાન થતાં વર્ષો લાગશે. ખબર નહીં વર્ષો પછી પણ આપણે જાપાનની કક્ષાએ પહોંચી શકીશું કે કેમ?

અમે સામા પ્લૅટફૉર્મ ઉપર પહોંચી ગયા છીએ. હું તો વ્હીલચેરમાં છું. પ્લૅટફૉર્મ મને ઉપાડીને વહેલો પહોંચાડી દીધો. બાકીના પ્રવાસીઓ ફરીને આવ્યા. હું જ્યાં બેઠો છું ત્યાં થોડાક ગુજરાતી યાત્રિકો પણ પહેલેથી બેઠેલા છે. તે બધાં મને ઓળખી ગયાં અને વારાફરતી દર્શન કરવા આવ્યાં. મેં બધાંને પ્રસાદ આપ્યો. પછી ખબર પડી કે આ બધાં ઘાટલોડિયાના પટેલો છે. સ્વામીનારાયણ ધર્મ પાળે છે તેથી છોકરાની બાબરી ઉતારવા માટે છપૈયા ગયા હતા. અયોધ્યાથી છપૈયા નજીક જ થાય. બાબરી ઊતરાવેલું ત્રણ વર્ષનુ નાનું બાળક રમતું હતું. તેને મારી પાસે લાવીને `પગે લાગ, પગે લાગ' એમ કહીને પગે લગાડવા માંડ્યાં. નાનું બાળક પણ એવું કે, મને ચોંટી જ પડ્યું. ખસે જ નહીં. કુટુંબ સંસ્કારી હતું અને ચુસ્ત સાંપ્રદાયિક ન હતું. તેથી ઉદાર હતું. અમારે લાંબો સમય સ્ટેશન ઉપર બેસવાનું થયું, કેમ કે, ટ્રેન વધુ ને વધુ મોડી પડતી ગઈ. કારણ પૂછ્યું તો ખબર પડી કે આ ટ્રેનનું સ્ટોપેજ જોનપુર ઉપર નથી એટલે દબંગ લોકો એકાદ માણસને ટ્રેનમાં ચડાવીને જોનપુર આવે ત્યારે સાંકળ ખેંચાવે છે. ટ્રેન ઊભી રહી જાય છે અને બિન્ધાસ્ત રીતે દબંગ લોકો ટ્રેનમાં બેસી જાય છે. આવું બધું કરતાં ઘણો સમય વીતી જાય છે એટલે ટ્રેન મોડી પડે છે. કરુણા તો જુઓ કે આ દબંગો આગળ પોલીસ અને રેલવેસ્ટાફ પણ લાચાર થઈને ઊભો રહી જાય છે. આપણે માનીએ કે ના માનીએ પણ જ્યાં-જ્યાંથી અંગ્રેજ કે ગોરી પ્રજા ખસી ત્યાં-ત્યાં બધાં આવા નાનામોટા દબંગોએ સમાંતર સત્તા ચલાવવા માંડી છે.

અમે કંટાળાજનક સ્થિતિમાં ટ્રેનની રાહ જોઈ રહ્યા છીએ. ત્યાં સ્વામીનારાયણ ગ્રૂપની બહેનોએ તેમની સંધ્યાપૂજા શરૂ કરી દીધી. સંપ્રદાયમાં ગવાતાં ભજનો, આરતી વગેરે કરીને

પછી હનુમાનચાલીસાનો પાઠ કરવા લાગ્યા. મારી નજીકમાં જ હોવાથી તેમનો મીઠો સ્વર મને સંભળાતો હતો. મને બહુ સારું લાગતું હતું. આ સંપ્રદાયની જમા બાજુ હતી. સંપ્રદાયો પોતપોતાની માન્યતા પ્રમાણે ખરાખોટા સંસ્કારો નાખતા હોય છે અને આગ્રહપૂર્વક પળાવતા હોય છે. તેમાં જે કંઈ ખોટું હોય તેને એક તરફ રાખીએ તોપણ કેટલુંક સારું અને સાચું પણ હોય છે. જેમાંના એકનો અત્યારે અનુભવ થઈ રહ્યો હતો. અંતે ઘણું તરસાવીને ટ્રેન આવી અને અમે બધાં પોતપોતાના ડબ્બામાં ગોઠવાયાં. અમારો ડબ્બો સેકન્ડ એ.સી. હતો. બાકીના બધાનો થર્ડ એ.સી. હતો. ટ્રેન વિદાય થઈ. ઘણાં સ્ટેશનો કરતી, ઘણી વાર ઊભી રહેતી આ ટ્રેન કંટાળાજનક લાગી. એટલે ઘણા લોકોનું માનવું છે કે સાબરમતી ટ્રેનમાં તો યાત્રા કરાય જ નહીં. અમે જે ટ્રેનમાં વારાણસી સુધી આવ્યા હતા તે ટ્રેને અમદાવાદથી વારાણસી સુધી માત્ર સત્તર જ સ્ટેશન કર્યાં હતાં, જ્યારે આ ટ્રેન સિત્તેર સ્ટેશન કરવાની છે! પણ બીજી કોઈ ટ્રેન અનુકૂળ આવતી ન હોવાથી છેવટે અમારે આ ટ્રેનને જ પસંદ કરવી પડી. પસંદગી વિનાનું જીવન કંટાળાજનક હોય છે. પસંદગી વિનાનો ધંધો, પસંદગી વિનાના માણસો સાથે રહેવું, પસંદગી વિનાનો પાડોશી કે ગામ પણ કંટાળાજનક કહેવાય. પણ કંટાળો જ્યારે ત્રાસમાં બદલાઈ જાય ત્યારે સહનશક્તિની હદ આવી જાય. આપણને ખબર નથી પણ કેટલાય લોકો આવું પસંદગી વિનાનું ત્રાસદાયી જીવન જીવતા હશે. એમ કહો કે એમને આવું જીવન જીવવું પડતું હશે. અમારી પાસે સમર્પણાદેવીની ભાખરીઓ છે અને ધનજી મહારાજના લાડુ છે એટલે બધાંએ તેનો ઉપયોગ કર્યો અને સૂઈ ગયાં. જ્યારે સવાર થઈ ત્યારે અમે મહારાષ્ટ્રમાં દોડી રહ્યા હતા.

મહારાષ્ટ્રનો પ્રદેશ પથરીલો અને લુખ્ખો-સૂકો દેખાય છે, તેથી માણસોનાં ઘરો અને તેમની જીવનપદ્ધતિ ઉપર પણ તેની અસર દેખાય છે. હવે ટ્રેન વધુ સ્ટેશનો કરતી નથી. પણ લાંબાગાળે ઊભી રહે છે. આમ કરતાંકરતાં બપોર વીતી ગઈ. સાંજે છ વાગ્યે રતલામ આવવાનું હતું. રતલામમાં સ્ટેશન બહાર એક વિધવા બ્રાહ્મણી સરસ ભોજન બનાવે છે. તેનો અનુભવ પહેલાં મેં કર્યો હતો. તેથી તેને ઑર્ડર આપવા માટે રાજેન્દ્ર અરોરાને મેં આગ્રહ કર્યો. પણ તેણે દાહોદ પોતાના સાઢુભાઈને જણાવ્યું. આવતી વખતે આ સાઢુભાઈએ અમને બધાંને ખૂબ પ્રેમથી જમાડ્યાં હતાં. તેણે આગ્રહ કર્યો કે વળતી વખતે પણ મારે જ બધાંને જમાડવાં છે. એટલે હું જ બધી વ્યવસ્થા કરીશ. આ ટ્રેન સમયસર હોય તો રાતના આઠ વાગ્યે દાહોદ પહોંચતી હતી, પણ સાબરમતીનો ભરોસો નહીં. કદાચ તે દસ કે બાર વાગ્યે પણ દાહોદ પહોંચે. એટલે રતલામમાં ભોજનનો કાર્યક્રમ ઠીક લાગ્યો. પેલા દાહોદવાળા સાઢુભાઈએ કહ્યું કે રતલામમાં મારો એક ખાસ મારવાડી છે, જે સ્વાદિષ્ટ શાકાહારી ભોજન બનાવે છે. તેને કહીને હું ભોજનની વ્યવસ્થા કરી આપું છું. અમારી શરત હતી કે બિલનાં નાણાં અમારે ચૂકવવાનાં હોય તો જ અમે ભોજન કરીશું. એમનો પણ એવો જ આગ્રહ હતો. કેટલાક લોકો જીવનભર જમાડવા માટે જન્મ્યા હોય છે. જ્યારે કેટલાક માત્ર ને માત્ર જમવા જ જન્મ્યા હોય છે અને તે પણ પારકું ભાણું. એક માણસ જમાડતો-જમાડતો મરી જાય છે અને ધન્ય-ધન્ય થઈને યશોભાગી બને છે. બીજો માણસ પારકાં ભાણાં જમતાં-જમતાં મરી જાય છે અને અપયશનો ભાગી બને છે.

અંતે બરાબર છ વાગ્યે રતલામ આવી ગયું. સાબરમતી એક્ષપ્રેસે સમય કવર કરી લીધો હતો. હવે તે સમયસર ચાલવાની જગ્યાએ બિફોર ટાઇમ ચાલવા લાગી હતી, કારણ કે, સ્ટેશનો વચ્ચેનાં અંતર ઘણાં લાંબાં હતાં તેથી સ્પીડ પકડીને સમય કવર કરી લેવાતો હતો. રતલામમાં અમારા ઑર્ડર પ્રમાણે ચાલીસ ડિશો આવી ગઈ. અમે પૈસા પણ આપી દીધા. એક ડિશનો ચાર્જ ૧૮૦ રૂપિયા હતો. સૌથી પહેલી ડિશ મને આપવામાં આવી. બપોર પછી બધાંએ

કશું ખાધું ન હતું અને રતલામના સ્વાદિષ્ટ ભોજનની રાહ જોઈને સમય પસાર કરતાં હતાં. ભોજન આવી ગયું. મેં મારા કટોરામાં જોઈએ એટલું લેવાનું રાખ્યું. કારણ કે ભોજનનો બગાડ ન થાય અને બીજાને જોઈએ તો આપી દેવાનું ઠીક રહે. પણ આ શું? રોટલીઓ કાચી, સાવ પાતળી, દાળ સ્વાદ વિનાની અને માત્ર બહુ થોડી. એક ખાનામાં પનીરનું શાક. પણ તેમાં પનીર હતું જ નહીં. બીજું શાક પણ એવું જ. બધું ભોજન સ્વાદ વિનાનું અને બહુ થોડું હોવાથી મેં તો માત્ર એક જ ચમચી લઈને બાકીનું ભોજન રાજેન્દ્રને આપી દીધું. બીજા બધાંની દશા પણ મારા જેવી જ હતી. આપણે ઇચ્છીએ કે ના ઇચ્છીએ તુલના થઈ જ જતી હોય છે. ગઈકાલના નિરંજનસિંહના ઢાબાનું ભોજન અને આજના ભોજન વચ્ચે આકાશપાતાળનું અંતર હતું. એકના માત્ર સો રૂપિયા અને બીજાના એકસો એંસી રૂપિયા. તોપણ સ્વાદ અને તૃપ્તિનું નામ નહીં. નિરંજનસિંહે હોબી માટે ઢાબો શરૂ કર્યો છે અને યાત્રિકોને જમાડે છે, જ્યારે આ મારવાડીએ લોકોને લૂંટવા કેટરરનો ધંધો શરૂ કર્યો છે અને લૂંટે છે. બધાના મૂડ બગડી ગયા. ભોજન માત્ર તૃપ્તિ નથી આપતું પણ મૂડ પણ આપે છે. જો ભોજન સારું હોય તો મૂડ સુધરી જાય અને મૂડ સુધરે તો દિવસ સુધરી જાય. જો ભોજન બરાબર ના હોય તો મૂડ બગડી જાય અને મૂડ બગડી જાય તો દિવસ બગડી જાય. ચાણક્યે કહ્યું છે કે 'દિનં નષ્ટં કુભોજનાત્'. અર્થાત્ જેને કુભોજન મળ્યું તેનો દિવસ નષ્ટ થઈ ગયો.

'જીવિતં નષ્ટં કુભાર્યયા' અર્થાત્ જેને કુભાર્યા મળી, મનમુખી મળી તેનું તો પૂરું જીવતર નષ્ટ થઈ જાય.

ટ્રેનમાં ઘટેલી એક વાત લખવાનું મન થાય છે. અમારા કોચમાં જ્યારે પહેલી વાર ટી.સી. આવ્યા હતા ત્યારે મેં તેમને સોનેરી બૉલપેન ભેટ તરીકે આપી. તે તો જોતા જ રહી ગયા. થોડી વાર પછી તે બીજા બે ટી.સી.ને લઈ પ્રસાદ લેવા મારી પાસે આવ્યા. ખરેખર તો ટ્રેનના બીજા બે ટી.સી. પેલી બૉલપેન જોઈને રાજીરાજી થઈ ગયા હતા અને સ્વામીજી અમને પણ સોનેરી બૉલપેન આપશે એવી આશાએ આવ્યા હતા. પણ હવે મારી પાસે એક જ બૉલપેન બચી હતી. એટલે જિજ્ઞેશને આપેલી બૉલપેન પાછી લઈને તે બન્ને ટી.સી.ને આપી. આગળ જતાં ખાચરોદથી શ્રી ભગવાનદાસ અમારી ટ્રેનમાં ચડી ગયા. તેમને મૂકવા અને મને મળવા થોડા ભક્તો પણ સાથે આવેલા. અમે ટી.સી.ને ભગવાનદાસની ટિકિટ અમદાવાદ સુધી લેવાનો આગ્રહ કર્યો પણ ટી.સી.નું કહેવું હતું કે લખનૌથી ડામરાજી અને રમેશ ઊતરી ગયા હોવાથી તમારી બે સીટો ખાલી થઈ છે તેમાં તેમનો સમાવેશ થઈ જશે. આ રીતે ભગવાનદાસની સીટની વ્યવસ્થા થઈ ગઈ. સૌજન્યથી સૌજન્ય મળતું હોય છે. ટી.સી. સાથે જે સૌજન્યભર્યો વ્યવહાર કર્યો હતો તેનું જ આ પરિણામ હતું. જોકે સજ્જનની સાથે સજ્જનતા દીપી ઊઠે અને તે વળતર પણ આપે. પણ સામે દુર્જન હોય તો કાંઈ કહેવાય નહીં.

દાહોદમાં શ્રી રાજેન્દ્ર અરોરાના સાઢુભાઈએ ના કહી હોવા છતાં અમૂલ દૂધની બૉટલો લઈને આવેલા અને બધાંને આગ્રહ કરીને દૂધ પિવડાવ્યું. તેમને ધન્યવાદ.

અમે બધાં સૂઈ ગયાં. પણ બરાબર ઊંઘ ના આવી. ઊંઘ મનને અર્થાત્ મગજને આવતી હોય છે અને મગજ જ્યારે તૃપ્ત, સંતુષ્ટ હોય તો આપોઆપ ઊંઘી જતું હોય છે. હા-ના, હા-ના કરતાં રાતના સાડા અગિયાર વાગ્યે અમે આણંદ પહોંચ્યા. અહીં આણંદ અમે ઊતરી ગયા. બાકીના બીજા બધા અમદાવાદ જવા આગળ વિદાય થયા. અમને લેવા માટે દંતાલીથી નાનો પંદર સીટનો ટેમ્પો આવ્યો હતો, તેમાં બધાં ગોઠવાયાં અને 'વૈદ્યનાથ દાદાની જય' બોલીને દંતાલી પહોંચી ગયા.

બધું સૂમસામ હતું. કોરોનાને કારણે આણંદ, કરમસદ વગેરેના રસ્તા સૂના દેખાતા હતા. પણ દંતાલી આશ્રમ આવતાં જ શાંતિ થઈ. બધાંને હાશકારો થયો. અમારી યાત્રા હેમખેમ પૂરી

થઈ તેનો સૌને આનંદ હતો.

તા. ૧૦-૧૦-૨૦૨૧

* * *